૩૫૯

શેઠ માણેકલાલ ચુનીલાલ ગ્રંથમાળા-પુષ્પ ૧ લું.

ૐ

# ઉપદેશક કથા સંગ્રહ

## આઠ કથાઓ

卐

પ્રકાશક-

શ્રી જૈનધર્મ પ્રસારક સભા

ભાવનગર

મૂલ્ય : પઠનપાઠન.

શેઠ માણેકલાલ ચુનીલાલ ગ્રંથમાળા પુષ્પ ૧ લું.

# ઉપદેશક કથા સંગ્રહ.

શ્રી ધમ્મિલકુમાર ચરિત્ર ભાષાંતરમાંથી
ઉદ્ધરેલી આઠ કથાઓ.

શ્રી જૈનધર્મ પ્રસારક સભાના સભ્યોને તેમજ શ્રી
'જૈન ધર્મ પ્રકાશ'ના ગ્રાહકોને ભેટ આપવા માટે
ઉદારદિલ શેઠ માણેકલાલભાઇ ચુનીલાલની
આર્થિક સહાયથી

છપાવી પ્રસિદ્ધ કરનાર
શ્રી જૈનધર્મ પ્રસારક સભા
ભાવનગર

વીર સં. ૨૪[illegible] ] [ વિક્રમ સં. ૧૯૯૬

શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા

પ્રત ૨૦૦૦
કિંમત પઠન-પાઠન

परोपकाराय सतां विभूतयः ।

મુદ્રક :—
શાહ ગુલાબચંદ લલ્લુભાઇ
શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ,
દાણાપીઠ-ભાવનગર.

# નિવેદન

અનેક શુભ કાર્યોમાં ઉદારદિલથી આર્થિક સહાય આપનાર તરીકે વિશેષ પ્રસિદ્ધિ પામેલા **શેઠ માણેકલાલભાઇ ચુનીલાલ**ની આર્થિક સહાયથી આ ગ્રંથમાળા શરૂ કરવામાં આવી છે. તેનું આ પ્રથમ પુષ્પ છે. તેમાં જુદીજુદી આઠ કથાઓ ખાસ કરીને સ્ત્રી જાતિના સંબંધથી પ્રાપ્ત થયેલ અનુભવને સૂચવનારી પ્રગટ કરવામાં આવી છે. તેમાં પ્રસંગે પ્રસંગે અનેક પ્રકારની હિતશિક્ષા આપવામાં આવી છે. 'જેવો ગ્રાહક તેવા કરીયાણા'ની જેમ જુદા જુદા પ્રકારની હિતશિક્ષા આ બુકમાંથી મળી શકે તેમ છે. આવા પુષ્પો વધારે બહાર પાડવાની અભિલાષા છે. આવી નાની નાની બુકો બાળજીવોને તેમજ સ્ત્રીવર્ગને અને મધ્યવર્તી જીવોને પણ સારી ઉપકારક થાય છે. આ બુક **"શ્રી જૈન ધર્મ પ્રકાશ"** ના બધા ગ્રાહકોને તેમજ જૈ. ધ. પ્ર. સભાના સભ્યોને ભેટ આપવાની હોવાથી આનો પ્રસાર સારો થવા સંભવ છે. સર્વે આર્થિક સહાયક ગૃહસ્થની ઉદારતા માટે બે મત નથી. એ પુણ્યશાળી પુરુષનો ફોટો પણ આ સાથે આપવામાં આવ્યો છે. આવી જાતની સખાવતનું અનુકરણ કરી જ્ઞાનદાનનો પ્રચાર કરવાની અત્યંત આવશ્યક્તા છે.

સાહિત્યપ્રેમી હોવા સાથે જૈન ધર્મ પ્રત્યે ઉપર પ્રેમવાળાને માટે આવી બુક ખાસ ઉપકારક છે. એ સંબંધમાં વાંચવાથી જ અનુભવ થાય તેમ હોવાથી પ્રારંભમાં વધારે લખવાની જરૂર નથી.

અક્ષયતૃતીયા<br>સં ૧૯૯૬

**કુંવરજી આણંદજી**<br>**ભાવનગર.**

# કથાનુક્રમ


| | | |
|---|---|---|
| ૧ | ધર્મદત્ત અને સુરૂપાની કથા. ... ... ... | ૧ |
| ૨ | એક ગોવાળની કથા. ... ... ... ... | ૧૯ |
| ૩ | સોમિલ દ્વિજની કથા. ... ... ... ... | ૨૩ |
| ૪ | શિવવિપ્રની કથા. ... ... ... ... | ૨૮ |
| ૫ | વિજયપાળ રાજાની કથા. ... ... ... | ૩૮ |
| ૬ | ગુણવર્મા અને કનકવતીની કથા. ... ... | ૪૩ |
| ૭ | વસુદત્તાની કથા. ... ... ... ... | ૧૦૬ |
| ૮ | અરિદમન રાજાની કથા. ... ... ... | ૧૧૩ |



સખાવતી શેઠ માણેકલાલ ચુનીલાલ જે. પી.

શ્રી મહોદય પ્રેસ-ભાવનગર.

## સખાવતી શેઠ માણેકલાલ ચુનીલાલ, જે. પી.

**માણેકલાલભાઇ**નો જન્મ વિ. સં. ૧૯૬૧ ના ફાલ્ગુન શુદિ પૂર્ણિમાના દિવસે થયેલ છે. તેઓશ્રી અમદાવાદ નાગજી ભુદરની પોળના રહીશ છે. હાલમાં નિવાસસ્થાન મુંબઈ–ચોપાટી–મલબાર વ્યુ રાખેલ છે.

શેઠશ્રીના પિતાનું નામ **ચુનીલાલ નથુભાઈ** તથા માતુશ્રીનું નામ **મંગુબહેન** છે. શેઠશ્રીએ ક્રમથી લીલીસુકી અને પુનઃ લીલી અવસ્થા જોયેલી હોવાથી તત્ત્વતઃ દ્રવ્યાદિની ક્ષણભંગુરતા સમજવાને લીધે છૂટે હાથે સાતે ક્ષેત્રોમાં તેમજ ઇતર શુભ કાર્યોમાં પણ જૈન ધર્મની પ્રભાવના થવાના હેતુએ દ્રવ્યવ્યય કરી રહ્યા છે.

શેઠશ્રીનું નામ જૈનસમાજમાં એક આદર્શ કેળવણીપ્રિય દાનવીર તરીકે પ્રથમ પંક્તિએ ઉજ્જવળ અક્ષરે અંકિત થયું છે. સાથેસાથ વ્યાપારી જગતમાં પણ એક સાહસિક, કાર્યકુશળ વેપારી તરીકે મુંબઈનાં બધાં માર્કેટોમાં તેમણે સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે.

શેઠશ્રીએ શ્રાવક–ધર્મનું સાચું જીવન પણ જીવી જાણ્યું છે. વીતરાગ દેવ, પંચમહાવ્રતધારી સાધુ ગુરુ અને વીતરાગભાષિત ધર્મ પરની શ્રદ્ધા તેમના રોમ–રોમમાં વ્યાપી રહી છે. હાલમાં મુંબઈમાં બિરાજતા અનુયોગાચાર્ય પંન્યાસ શ્રી **પ્રીતિવિજયજી** ગણિવર પાસેથી ધર્મશ્રવણનો સારો લાભ પ્રાપ્ત કર્યો છે અને તેમની પ્રેરણાનુસાર સત્કાર્યોમાં સારી સખાવત કરે છે.

જનતામાં જ્ઞાનરૂપી દીપક પ્રગટાવવા નામનો મોહ રાખ્યા વગર તેઓશ્રીએ અન્ય શ્રીમંતોને સાચી સેવાનો બોધપાઠ આપ્યો છે. પુષ્કળ દ્રવ્યપ્રાપ્તિ છતાં વૈભવ–વિલાસમાં આસક્ત ન થતાં પોતાના જીવનને સદાચાર, સજ્જનતા, સાદાઈ, નિરભિમાનપણું અને પરોપકારવૃત્તિની વિશાળ ભાવના તરફ પ્રેરેલ છે; એટલું જ નહિ પરંતુ કરેલ દાનને ગુપ્ત રાખવા અને નામનાના મોહથી ન્યારા રહેવા એક આદર્શ દૃષ્ટાંત પૂરું પાડયું છે.

શેઠશ્રીનાં અ. સૌ. ધર્મપત્ની **શ્રીમતી કમળા બહેન** પણ ઘણાં ધર્મચૂસ્ત, જિનદર્શનના નિયમવાળા અને સુશ્રાવિકા યોગ્ય અન્ય નિયમોને પાળનારા હોવાથી આદર્શ શ્રાવિકા તરીકે પ્રસિદ્ધિ પામ્યા છે.

શેઠશ્રીએ પોતાના પુણ્યોદયથી ઉદાર દાતા તરીકે નામના મેળવી છે અને અમે શાસનદેવને પ્રાર્થીએ છીએ કે તેઓશ્રીની તે અમર નામના કાયમ ટકી રહે અને પુણ્યકાર્યોમાં પોતાનો ઉદાર હાથ સતત લંબાવી સખાવતી કાર્યો કરતા રહે.

# ઉપદેશક કથાસંગ્રહ

[ કુમિત્ર અને સ્ત્રીચરિત્ર વિષે ]

## (૧) ધર્મદત્ત અને સુરૂપાની કથા

આ ભરતક્ષેત્રમાં **વાણારસી** નગરી અપૂર્વ શોભાને ધારણ કરતી હતી. એ નગરીમાં **મહાબલ** નામે રાજા રાજ્ય કરતો હતો. તે નગરીમાં રાજાને પણ માનવા યોગ્ય, લક્ષ્મીએ કરીને બીજો કુબેર હોય તેવો અને દ્રવ્ય મેળવવાના ઉપાયમાં ચતુર **યશોધર** નામે શ્રેષ્ઠી રહેતો હતો. જેમ ગિરીશને ગૌરી હતી તેમ યશોધર શ્રેષ્ઠીને **મનોરમા** નામે પ્રિયા હતી, જેના સંગમવડે યશોધર પોતાનો કાળ સુખમાં વ્યતીત કરતો હતો. એવી રીતે યુગળીઆની પેઠે પુત્રરહિતપણે તેમનો ઘણો કાળ ગયો. અનુક્રમે સુકૃતના પ્રભાવે **ધર્મદત્ત** નામે તેમને પુત્ર થયો. યોગ્ય વયે તેને ભણાવી, યુવાવસ્થામાં તે જ નગરના શ્રીશેષ શ્રેષ્ઠીની **સુરૂપા** નામની કન્યા સાથે તેનાં લગ્ન કર્યાં. પિતાની મહેરબાનીથી દુકાનના વ્યાપારરોજગારથી દૂર રહેતો ધર્મદત્ત પત્ની સાથે રાત્રિદિવસ ભોગ ભોગવવામાં જ સમય નિર્ગમન કરવા લાગ્યો.

એક દિવસ પુણ્યવૃક્ષનાં પાકેલાં ફળની માફક સુશોભિત અલંકાર ધારણ કરીને ધર્મદત્ત સરખે સરખા મિત્રોની સાથે શહેરમાં ફરવા ગયો માર્ગમાં તે અનેક પ્રકારની ક્રીડા કરતો ચાલ્યો જતો હતો. કસ્તુરીયા મૃગની માફક તેને સુગંધયુક્ત જોઇને લોકો જેમ ગમે તેમ બોલવા લાગ્યા. કોઇ તેના ભાગ્યની પ્રશંસા કરવા લાગ્યા–" અહો ! જોયું એનું આ અદ્‌ભુત ભાગ્ય ! કે જેના પ્રભાવે જન્મે મનુષ્ય છતાં તે દેવની માફક ઋદ્ધિ ભોગવે છે. "

બીજાઓ બોલ્યા–" એમાં એની શું પ્રશંસા કરો છો કે જે પિતાએ સ્વીકાર કરેલી–ઉપાર્જન કરેલી લક્ષ્મીને માતાની માફક ભોગવે છે ! પ્રશંસા તો એના તાતની કરવી કે જે એવો વ્યય સહન કરે છે, કેમકે **ક્લિબ** પુત્ર પણ પિતાને તો પ્રિય હોય છે."

એ પ્રમાણે લોકશ્રુતિ સાંભળતો ધર્મદત્ત વિચારમાં પડ્યો કે– " **परोक्तेषु पूर्वोक्तान्मान्यं इति न्यायः** " વૈયાકરણી લોકો " પૂર્વે કહેલ કરતાં પછી કહેલ માન્ય રાખવું " એવો ન્યાય માને છે, માટે જગતમાં સત્યવાદી ઉપર શું કોપ કરવો ? સાચું કહેનાર તો દુર્લભ હોય છે. યુવાવસ્થામાં પિતૃધનનો વ્યય કરનાર હું પણ એ ન્યાય નથી જાણતો. પિતાનો વૈભવ કોના માટે છે ? જે કાણો હોય, અંધ હોય કે પાંગળો હોય–એવી ખોડખાંપણવાળો કાંઈ પણ વ્યવસાય કરવાને અશક્ત હોય એ જ પિતાના વૈભવનો ઉપયોગ કરે. અન્યથા તો તેને અપયશરૂપી લતાના અંકુર સમાન સમજવો. " એવા વિકલ્પરૂપ પ્રચંડ વાયુવડે ક્ષોભાયમાન તેના ચિત્તરૂપી સમુદ્રને વિષે ધન ઉપાર્જન કરવાની આશારૂપી ઉદ્ધત કલ્લોલ ઉત્પન્ન થયા. તરત જ ધર્મદત્ત પોતાના મકાને આવી પિતાને વિનંતિ કરવા લાગ્યો:–" પિતાજી ! લક્ષ્મીની ઇચ્છાએ હું દૂર દેશાંતર જવાને ઇચ્છું છું, માટે મને રજા આપો."

"આપણે ત્યાં લક્ષ્મીનો ક્યાં તોટો છે કે જેથી સગા-સંબંધીઓનો સાથ છોડી પરદેશ ભટકવું પડે ?" આમ કહીને પિતાએ તેને પરદેશ જવાની ઇચ્છાથી વાર્યો, તો પણ તેણે પોતાનો આગ્રહ છોડ્યો નહિ અને જ્યારે 'કોઇ પણ કાર્ય માટે નિષેધ થાય છે ત્યારે યુવાન જીગરમાં તે કાર્ય પ્રત્યે ઊલટી આતુરતા વૃદ્ધિ પામે છે.' એ નિયમને અનુસરીને ઉત્તમ કરિયાણું લઇ લક્ષ્મીનો લાભ થાય તેવું શુભ લગ્ન જોઇ પરદેશ જવા માટે નીકળવાની તેણે તૈયારી કરી. તેનો અતિ આગ્રહ જોઇને પિતાએ પણ તેને અનુમોદન આપ્યું.

પતિને પરદેશ જતા સાંભળીને સુરૂપાએ એકાંતમાં સ્વામીને કહ્યું: "સ્વામીનાથ ! હું પણ તમારી સાથે આવીશ."

"હે મુગ્ધે ! તું એવું ન બોલ. પરદેશમાં ઠગ મનુષ્યો અને લુચ્ચાઈવાળા ઘણા હોય છે; તેથી તારું ત્યાં કામ નહીં. તું અહીં ઘેર રહીને સાસુ–સસરાની સેવા કરજે. સુકુમાર શરીરવાળી તું રસ્તો શી રીતે કાપી શકીશ ?" સ્વામીએ નિષેધ કર્યો, છતાં પણ સુરૂપાએ પોતાનો કદાગ્રહ છોડ્યો નહિ. શ્વસુરે પણ યુક્તિ-યુક્ત વચનોવડે તેને વારી, પણ પોતાનો આગ્રહ તેણે છોડ્યો નહિ, તેથી તેણીને સાથે લઇને તે શુભ લગ્ને પરદેશ જવાને ચાલતો થયો પ્રિયાની સાથે ચાલતાં માર્ગમાં તેને કેટલાક દિવસો વહી ગયા. એકદા બુદ્ધિના ધામ એવા **વરરુચિ** નામના વિપ્રનો તેને માર્ગમાં જતાં સથવારો થયો. અમૃતના સ્વાદસમી તેની મધુર વાણીવડે પદ્મનાળ અને જળની માફક તે બંનેની મિત્રતા વૃદ્ધિ પામવા લાગી. એક દિવસ **ધર્મદત્તે** કહ્યું: "**સખે** ! માર્ગ ઝટ પસાર થાય તેવી ઉત્તમ વાર્તા કહે."

ત્યારે વરરુચિ મિત્ર બોલ્યો–" મિત્ર ! કથામાં પ્રીતિવાળા તારું કાર્પણ્યપણું મેં જાણ્યું; પણ એ ઉચિત નથી. જો પાંચશેં સુવર્ણમહોરો આપે તો એક ઉત્તમ કથા કહી સંભળાવું." તેણે પણ વરરુચિને પાંચશેં મહોરો તરત જ આપી, કેમ કે ' દ્રવ્ય ઉપાર્જન કરવાની તાકાત જેના બાહુમાં રહેલી છે એવા પુરુષો દ્રવ્યનો વ્યય કરવામાં શંકા પામતા નથી. '

સુવર્ણમહોરો ગ્રહણ કરીને મિતાક્ષરમાં જ ધર્મદત્તને વરરુચિએ કહ્યું–' **न नीचजनसंपर्कः, कार्यः स्वहितमिच्छता ।** ' " પોતાનું કલ્યાણ ઇચ્છનારાએ નીચ જનની સોબત કરવી નહિ. ભાઇ ! મારી કથા પૂરી થઈ. " વરરુચિએ કહ્યું.

" અહા ! આમાં તેં શું કહ્યું ? હે બુદ્ધિમાન ! કોઇ સારી કથા કહો. " ધર્મદત્તે કહ્યું.

" અરે ધીમાન્ ! આ કથા આટલી અલ્પ મિતાક્ષરી છતાં પણ પ્રસંગવશાત્ ઘણા જ ફળને આપનારી છે." ગંભીરતાપૂર્વક તે બ્રાહ્મણ મહાશયે કહ્યું.

" ઓ મિત્ર ! બાળકોને પણ હાસ્ય આવે એવું આ તેં શું કહ્યું ? ખરું જોતાં તો તેં મારું ધન ફોગટનું પડાવી લીધું. હજી પણ કથારસમાં ગોરસની માફક મારી અપૂર્વ આકાંક્ષા છે. શરૂ કરી કે તરત સંપૂર્ણ થઈ એવી કથા તે હોય વારુ ? " એ પ્રમાણેની આર્ત્તિવાળા ધર્મદત્તને દ્વિજે કહ્યું: " હે મિત્ર ! અલ્પ કથા છે એવું ધારીને શોક ન કર. અલ્પ પણ આ કથા તને સમય આવતાં ઉભય લોકમાં હિત કરનારી થશે. હવે ફરીને જો કથારસના અધિકપણાથી તને સાંભળવાની ઇચ્છા હોય તો બીજા એક હજાર દિનાર આપ. "

વરરુચિના એ પ્રમાણેનાં વચન સાંભળીને કથારસમાં લીન એવા તે સાહસિકે બીજા હજાર દિનાર તેને આપ્યા. ત્યારે બ્રાહ્મણ બોલ્યો: " **स्त्रीविश्वासो न कर्तव्यो, धीमता हितमिच्छता ।** " કલ્યાણને ઇચ્છનારા બુદ્ધિવાન પુરુષે સ્ત્રીનો વિશ્વાસ ન કરવો." આ પ્રમાણેની બીજી કથા સાંભળીને તું તારી ધીરજ ખોઈ દેતો નહિ, પણ અંતરમાં તે માટે વિચાર કર્યા કરજે. સમય આવ્યે તેનો ઉપયોગ કરજે."

" અહો ! આ વિપ્ર તો લોભના સમુદ્ર જેવો છે, કે જેણે મને કથાના મિષથી આ મુજબ દંડ્યો. ખરેખર લોભથી પરાભવ પામેલા સ્વરૂપવાન્ એવા પણ આ દ્વિજો મહાસ્થાનને પામતા નથી. જેને તૃષ્ણા ઘણી તેઓની લક્ષ્મી પણ શાંત થતી નથી. પ્રાયઃ કરીને તૃષ્ણાના તાપથી આતુર એવા વિપ્રો જગતમાં મીઠું બોલનારા જ હોય છે. વળી કપાળમાં મોટું તિલક કરીને જાણે લોભની સાક્ષાત્ મૂર્તિ હોય તેવા દેખાય છે. ' ત્રણ લોકને વિષે મારા સરખો બીજો કોઈ લુબ્ધ નથી ' એવું જ્ઞાપન કરવાને ત્રણ રેખા યુક્ત સૂત્રને (જનોઇને) તે હૃદય ઉપર ધારણ કરે છે. તૃષ્ણારૂપી તરંગોથી ભરેલું આ બ્રાહ્મણનું શરીર હોય છે. એના લોભવશે કરીને પણ એ બહાને મેં તેને ધન આપ્યું તે જો પૂર્વભવનું કરજ હશે તો તેનાથી હું મુક્ત થયો." ઇત્યાદિ વિચાર કરતો તે તેની સાથે માર્ગનું ઉલ્લંઘન કરતો, જેમ વહાણવડે સમુદ્રના પારને પામે તેમ ' શ્રીપુર ' નામના નગરે આવી પહોંચ્યો. ત્યાં શહેર બહાર પોતાના માણસોદ્વારા તંબુ નખાવી ઉતારો કર્યો. પોતાના સાર્થને ત્યાં રાખી પોતે ભેટ લઈ રાજદરબારમાં જવા તૈયાર થયો. તે સમયે તેનો મિત્ર વરરુચિ મધુર શબ્દો-

વડે તેને કહેવા લાગ્યો: “ હે મિત્ર ! ચિરકાળથી હું આ નગરનો રહેવાસી છું. અમુક સમય બહાર ફરીને પાછો પક્ષી જેમ પોતાના માળામાં આવે તેમ મારે વતન આવું છું. તું મારો પ્રિય મિત્ર છે, તો મારી મિત્રાઈ ભૂલતો ના. કોઈ વખતે સંકટ આવે ત્યારે મને સંભારજે, ને હું તને એક અમૂલ્ય વસ્તુ આપું છું તે લે.” એમ કહી તેને થોડા જવ આપ્યા.

“ આ યવનો શો ગુણ છે ? ” ધર્મદત્તે પૂછ્યું.

“ જો, સાંભળ. આ રહસ્ય કોઈની આગળ કહેતો નહીં. આપણી મિત્રતાની નિશાનીસૂચક આ યવ જાણજે. હે મિત્ર ! મંત્રવડે પવિત્ર કરેલા આ યવ જળવડે સિંચન કર્યા છતાં ઝટ ઊગે છે, ફળે છે. જેમ અત્યુગ્ર પુણ્ય–પાપનું તરત ફળ મળે તેમ આ જલદી ઊગે તેવા છે.” એમ કહીને વરરુચિ મિત્રને યવ આપી પોતાનાં બાળબચ્ચાંને અને પ્રિયાને જોવાને આતુર થયો છતો પોતાને ઘેર ચાલ્યો ગયો. ધર્મદત્ત પણ યવ પોતાની સ્ત્રીને આપી રાજદરબારમાં જવાને ચાલ્યો.

રાજયોગ્ય ભેટણું લઈને સદાચારી એવો ધર્મદત્ત રાજ-ગઢના સિંહદ્વાર સુધી આવ્યો. તેણે દ્વારપાળને જણાવવાથી તે રાજા પાસે ગયો. દ્વારપાળે રાજાને નમીને કહ્યું: “ હે દેવ ! કોઇ એક ઇભ્ય આપના દર્શનની ઈચ્છાએ સિંહદ્વારે ઊભો છે.”

“ તેને ઝટ લાવ. ” રાજાએ હુકમ કર્યો.

ભમરો જેમ સુગંધથી આકર્ષાયો છતો પુષ્પ તરફ જાય, તેમ વેત્રી (દ્વારપાળ) શ્રેષ્ઠીસુતને સભામાં તેડી લાવ્યો. ધર્મદત્ત રાજસભામાં આવી સિંહાસન આગળ રહેલા પાદપીઠ ઉપર

ભેટણું મૂકીને રાજાને નમ્યો. રાજાની પાસે એક આસન મૂકેલું હતું તેની ઉપર રાજાની આજ્ઞાથી બેઠો ને બન્ને વાર્તાલાપ કરવા લાગ્યા. ભક્તિએ અને સ્નેહમય વાણીએ તેણે રાજાને ખુશી કર્યો, જેથી રાજાએ તેનો કર માફ કર્યો. "જગતમાં ગુણીજન ક્યાં પૂજાને પામતા નથી ?" રાજાએ તેને કહ્યું કે 'જ્યાંસુધી તમે અહીં રહો ત્યાંસુધી તમારે મારી કચેરીમાં દરરોજ આવવું.' રાજાનો આદેશ તેણે અંગીકાર કર્યો.

રાજાએ પ્રસન્ન થઇને શ્રેષ્ઠીસુતને નગરની મધ્યમાં રહેલો ત્રણ ભૂમિકાનો પ્રાસાદ રહેવાને આપ્યો. ત્યાં રહીને તે નગરના વ્યાપારીઓ સાથે ક્રયવિક્રય કરવા લાગ્યો. એમ વ્યાપાર રોજગાર કરતાં ધર્મદત્તને **ગંગદત્ત** નામના એક નીચ જન સાથે મિત્રતાની ગાંઠ બંધાણી. તે મિત્રાઇ ભિલ્લ ને રંભાની જેમ, રાહુ ને ચંદ્રમાની માફક, બિલાડી ને હંસની પેઠે અને અગ્નિ ને વૃક્ષની માફક જણાવા લાગી. લોકોએ તેને ઘણો સમજાવ્યો કે "એ ધૂર્ત–ઠગારા અને ક્રૂર ચિત્તવાળા સાથે તમારે મિત્રતા ન હોય, એની સોબત તમને યોગ્ય નથી." છતાં પણ તેણે તેનો ત્યાગ કર્યો નહિ.

ધર્મદત્ત ન હોય ત્યારે પણ કપટનું મંદિર એવો તે ગંગદત્ત સુરૂપાની સાથે હાસ્યવિનોદ કરતો ઠઠ્ઠા–મશ્કરીમાં સમય વીતાડતો હતો. તે જાણતાં છતાં પણ સરલાશયી ધર્મદત્ત તેને રોકતો નહીં, કેમકે 'જે સાધુ હોય છે તે બીજાને સાધુ જ જુએ છે.' અવસર પામીને તે ગંગદત્ત સુરૂપામાં લુબ્ધ થયો. તેમની વચમાં કંઇપણ આમન્યા રહી નહીં. લોકોથકી તેનું દુશ્ચરિત સાંભળીને ઋજુ એવો ધર્મદત્ત વિચારવા લાગ્યો કે

"લોકો બીજાનાં કાર્યમાં નાહક દખલ કરનારા હોય છે. પોતાને ઘરે જમતાં છતાં તે પરની નિંદામાં તત્પર જણાય છે. અમારા બન્નેની મિત્રતા તેઓ સહી શકતા નથી અને તેથી મારા પણ દોષ બોલવામાં તેઓ મણા રાખતા નથી."

તેને આવો સરળ અને મૂર્ખ જાણીને પ્રકટ મત્સરી એવા ગંગદત્તે વ્યભિચાર દોષે કરીને પોતાની કરેલી તેની પત્ની સરૂપાને કહ્યું–"પ્યારી! જો આ ધર્મદત્તને મારી નાખવામાં આવે તો આપણે સાથે રહીને નિર્ભયપણે ભોગ ભોગવીએ."

"એમ જ થાઓ". એ દુઃશીલા સુરૂપાએ તેનાં વચનને અનુમોદન આપ્યું. 'ક્રૂર એવી સ્ત્રીઓના ચપળ મનને ધિક્કાર થાઓ.'

ત્યારથી તે દુષ્ટ ગંગદત્ત ધર્મદત્તને મારવાનો ઉપાય ચિંતવતો અનુકૂળ સમયની રાહ જોવા લાગ્યો.

"એક દિવસ ગંગદત્તની સાથે ધર્મદત્ત રાજસભામાં ગયો. આડીઅવળી અનેક વાતો કરતાં રાજાએ પૂછ્યું—"પૃથ્વી ઉપર ભ્રમણ કરતાં તમે કાંઇ આશ્ચર્યકારી જોયું?"

"દેવ! મેં જે જે આશ્ચર્ય જોયું છે તેમાં મને તો કાંઇ આશ્ચર્યકારી લાગ્યું નથી, પણ મારા ઘરને વિષે થોડા યવ છે તે આશ્ચર્યકારી છે." ધર્મદત્તે કહ્યું.

"કેવી રીતે?" રાજાએ આતુરતાથી પૂછ્યું.

"તેને વાવીને જળ સિંચન કરે તો સદ્ય ઊગે છે–ફળે છે." તેણે કહ્યું. રાજા વિસ્મય પામ્યો ને કહ્યું: "ત્યારે તે યવ

મને ઝટ બતાવો." તેમની આ વાત સાંભળીને પોતાનો લાગ આવ્યો જાણી વિટ એવા ગંગદત્તે મસ્તક ધુણાવ્યું. તે જોઈ રાજાએ તેનું કારણ પૂછયું.

શયતાનની માફક છળ પામીને ગંગદત્તે કહ્યું. "દેવ! અસંબંધવાળું એવું આનું બોલવું સાંભળીને કોનું મસ્તક ન કમ્પે? ધનના સંનિપાતવડે કરીને એ યદ્વાતદ્વા બોલે જાય છે; પણ ઉત્તમ બુદ્ધિવાળા આપે તેની વાત સત્ય માનવી નહિ. જો એની વાણી સત્ય હોય તો હું મારું સર્વસ્વ આપને અર્પણ કરું અને અસત્ય ઠરે તો બે હાથમાં ગ્રહણ કરીને એના ઘરમાંથી મારે ગમે તે વસ્તુ હું લઇ લઉં."

રાજાએ ધર્મદત્તના સન્મુખ નજર કરી. ધર્મદત્તે પણ તે સરત માન્ય કરી, કેમકે યવ માટે તેને પોતાને પૂરતી ખાત્રી હતી. તેમની બન્નેની સરતમાં રાજા સાક્ષીભૂત થયો. પછી રાજાએ "તમારા સત્યાસત્યની પરીક્ષા પ્રભાતે થશે, તમે તમારા યવ લાવજો." એ પ્રમાણે કહ્યું. તે સાંભળી તે બન્ને રાજસભામાંથી રવાના થયા. પછી "મારા ઘરને વિષે જ યવ છે, તો તે માટે શું વિષાદ કરવો?" એમ ચિંતવતો ધર્મદત્ત પોતાના વ્યાપારકાર્યમાં પ્રવર્ત્યો.

દુષ્ટ ગંગદત્તે ધર્મદત્તને ઘેર જઈ રાજસભામાં થયેલી વાત તરત સુરૂપાને કહી સંભળાવી અને ધર્મદત્તે તેને આપેલા યવની પ્રાર્થના કરી. સુરૂપાએ ધર્મદત્તને જીવિતથકી પણ વલ્લભ એવા યવ પોતાના યારને આપીને તે જગાએ બીજા યવ મૂકી દીધા અને તેણી કહેવા લાગી કે "હે નાથ! જ્યારે સમય આવે ત્યારે બે હાથે કરીને તમે મને જ ગ્રહણ કરજો,

લગ્ન સમયે મારા સ્વામીએ મને એક હાથે ગ્રહણ કરી છે, પણ તમે મને બે હાથે ગ્રહણ કરજો. જોજો, સુવર્ણરત્નાદિ વસ્તુના લોભમાં જીવતીજાગતી મને ન ભૂલી જતા.”

સુરૂપાનાં વચન સાંભળીને ગંગદત્ત બોલ્યો: “પ્રિયા ! વહાલી ! ધીરજ રાખ ! બે હાથે હું તને જ લઈશ.” એ પ્રમાણે સ્નેહથી તેણીને મનાવતો તે જલદી પોતાનું કાર્ય કરીને ત્યાંથી ચાલ્યો ગયો. સમય થતાં ધર્મદત્ત પણ પોતાને ઘેર આવ્યો અને રાજસભામાં મિત્ર સાથે જે વાત બની હતી તે પત્નીને સરળ સ્વભાવે કહી સંભળાવી, કેમ કે ‘સરળસ્વભાવી માણસ શત્રુને પણ ગુપ્ત વાત કહી દે છે.’

પતિની વાણી સાંભળીને સુરૂપા બોલી–“તમે આ શું અનુચિત કાર્ય કર્યું ? સરતમાં તમે હારો ને મને એ ગ્રહણ કરે તો તેનો કોણ નિષેધ કરશે ?” એમ બોલતી તેણી ઉપ-પતિના ( જારના ) ધ્યાનમાં રક્ત ચિત્તવાળી થઈ.

“હું જાણું છું કે તું મારા આ કાર્યથી ભય પામે છે, પણ એ કોઈ રીતે સરતમાં મને જીતે તેમ નથી.” આ પ્રમાણે કહીને તે સુરૂપાને ધીરજ દેતો હતો, છતાં કૃત્રિમ ખેદ કરતી તેણીએ યારના વિયોગે દુઃખે કરીને રાત્રિ પસાર કરી.

પ્રભાતમાં તેણીના આપેલા યવ લઈને મિત્રની સાથે વિશ્વાસથી ઠગાયેલો ધર્મદત્ત રાજસભામાં આવ્યો. ધર્મદત્તનું કુતૂહળ જોવાને સભા ચીકાર ભરાઈ હતી. કૌતુક જોવામાં અતિ ઉત્સુક ચિત્તવાળા રાજાએ ધર્મદત્તને યવ ઉગાડવાની આજ્ઞા આપી. સભાજનો પણ આતુર નયને જોવા લાગ્યા. રાજાની આજ્ઞા મળવાથી ધર્મદત્તે યવને જમીનમાં વાવ્યા, જળસિંચન કર્યું,

પણ દાવાગ્નિથી દગ્ધ થયા હોય તેની માફક વારંવાર જળથી સિંચાતાં છતાં તે ન ઊગ્યા. જેમ ગુરુ ભણાવી ભણાવીને થાકે પણ જડ શિષ્યને લાભ થાય નહિ, તેમ ધર્મદત્ત સિંચી સિંચીને વિષણ્ણ ચિત્તવાળો થયો, છતાં યવને અંકુર માત્ર પણ ન ફૂટ્યા. જેમ જડને બોધિનો લાભ ન થાય તેમ ધર્મદત્તની મહેનત સર્વ વ્યર્થ ગઈ. ફળ તો દૂર રહ્યું, પણ જ્યારે અંકુરા પણ ન પ્રગટ થયા, ત્યારે રાજાની આગળ તે ધીઠ ગંગદત્ત ટચાકા ફોડતો બોલ્યો–"વાહ! શું આશ્ચર્ય! શું સત્ય પ્રતિજ્ઞા! અહો! શું કળાનું કૌશલ્ય! શી ભાઇની વિવેકીતા! હે પ્રજાપાલ રાજા! હવે આ શ્રેષ્ઠીપુત્ર પાસેથી સરત પ્રમાણે મારે લેવા યોગ્ય હોય તે તમે અપાવો; કારણ કે અમારા બન્નેના સાક્ષી આપ પોતે જ છો."

ગંગદત્તનાં આવાં વચન સાંભળીને રાજા બોલ્યો. "ધર્મદત્ત! તમારા બન્નેની સરતમાં મધ્યાહ્ન સમય થયો, છતાં તમારી સરત પૂર્ણ થઈ નહિ ને તમે હારી ગયા છો; તો તમારી સરતનું હવે પાલન કરો. કદાચ સ્વત: એ પોતાની મેળે આપેલું લઈને સંતોષ પામશે, તો ઔષધ વિના વ્યાધિનો નાશ થઇ જશે."

રાજાનું વચન સાંભળીને શ્રેષ્ઠીપુત્ર બોલ્યો–"આપનો આદેશ મારે પ્રમાણ છે." પછી ગંગદત્ત તેના ઘર તરફ ચાલ્યો. શ્રેષ્ઠી-સુત મનમાં મૂંઝાયેલ હોવાથી વરરુચિનું વચન યાદ કરતો તેના ઘર તરફ ગયો ને યવની વાર્તા જેવી હતી તેવી તેને કહી સંભળાવી ને આંખમાંથી મોટાં મોટાં અશ્રુ પાડતો દુ:ખી થયો.

તેની અથથી ઇતિ પર્યંત વાત સાંભળીને વરરુચિ બોલ્યો: "વત્સ! સો વર્ષ વહી જાય તો પણ સર્વજ્ઞનાં વચનની માફક

મારા યવ ઊગ્યા વગર રહે નહિ; પણ મને નિશ્ચય ખાત્રી છે કે તારી સ્ત્રીએ યવ બદલાવી નાખ્યા. તે તારી સ્ત્રી દુષ્ટ ગંગદત્તમાં ખચિત અનુરાગિણી જણાય છે. મારી કહેલી મિતાક્ષરી વાર્તાદ્વય તું કેમ સંભારતો નથી ? તે બન્ને આજે તારે આડે આવી. જો ! મેં કહ્યું હતું કે–'સ્ત્રીનો વિશ્વાસ અને નીચ સંસર્ગ ન કરવો.' સજ્જન પુરુષોને નહિ માનવા યોગ્ય એવો નીચ ગંગદત્ત, તેને તેં તારો સુહૃદ્ બનાવ્યો અને તને કૃત્રિમ પ્રેમ બતાવતી તારી સુરૂપા પ્રિયાનો તેં વિશ્વાસ કર્યો, તો આજે તે તારી વૈરિણી થઈ. મારા એ શિક્ષારૂપ ઉત્તમ મંત્રને તું ભૂલી ગયો, જેથી એ બન્ને પિશાચોએ હાલમાં તને ઠગ્યો છે.

વરરુચિનાં એ પ્રમાણેનાં વચન સાંભળીને ધર્મદત્ત બોલ્યો– "મિત્ર ! તમે કહ્યું તે ખરૂં હશે, પણ મારી સ્ત્રી તો ગંગાજળ સમાન ઉજ્જવળ છે. શીલે કરીને શોભતી એવી સ્ત્રીને અન્યાય આપવો એ શું તમને યોગ્ય છે ?"

"તું તો હજી પણ ભોળો રહ્યો. સ્ત્રીચરિત્ર તું મુદ્દલે જાણતો નથી. ચાલ. જો ! તારી એ સતી પ્રિયાનું સર્વ વૃત્તાંત તને પ્રગટ કરીને બતાવું." દ્વિજે કહ્યું.

"કેવી રીતે તમે તેનું દુશ્ચરિત જાણી શકો છો ને મને જણાવી શકો છો ?" ધર્મદત્તે પૂછ્યું.

"જો સવારે રાજા જ્યારે તારે ઘેર આવે ત્યારે પત્નીને માળ ઉપર ચઢાવીને નીચેથી નિઃસરણી લઈને દૂર મૂકી દેજે, પછી હું બધું બતાવીશ." વરરુચિએ ધર્મદત્તને શિક્ષા આપી.

એ પ્રકારની તેની શિક્ષા પોતાના મનમાં હસતાં છતાં તેણે સ્વીકારી. પછી તે પોતાને ઘેર ગયો.

હવે બીજે દિવસે ગંગદત્તે રાજાને અરજ કરી–" રાજન્! તમે સાક્ષી છતાં પ્રાપ્ત કરવા યોગ્ય વસ્તુને કોણ નથી પામતું ? પ્રિય મિત્રની આગળ પ્રાર્થના કરવી એ જેમ લજ્જાસ્પદ છે તેમ લબ્ધવસ્તુનો પરિત્યાગ પણ જગતમાં દુર્લભ છે."

ગંગદત્તનાં એ મુજબનાં વચન સાંભળી રાજા ધર્મદત્ત ઉપર રુષ્ટ થયા છતાં ધર્મદત્તને ઘેર આવવાની તૈયારી કરવા લાગ્યો. તેટલામાં ધર્મદત્તે આવીને વિનયવડે રાજાને અરજ કરી કે–" હે દેવ ! આપ મુજ ગરીબની રંક ઝુંપડીમાં પધારીને તેને પાવન કરો અને આને જોઇએ તે આપી મને કરજથી મુક્ત કરો."

ધર્મદત્તની વિનયશીલ મૃદુ વાણી સાંભળીને રાજા શાંત થઇ પરિવાર સાથે તેને ઘેર ગયો. ' ધર્મદત્તના ઘરમાંથી આ શયતાન ગંગદત્ત બે હાથે શું ગ્રહણ કરશે ? ' એ જોવાના કૌતુકી લોકો પણ રાજાની સાથે ધર્મદત્તને ઘેર ગયા.

હવે ધર્મદત્ત સૌની આગળ ઉતાવળો ઘેર આવીને પોતાની પત્નીને કહેવા લાગ્યો—" પ્રિયે ! ઊઠ, સર્વ કાર્ય હમણાં છોડી દે, રાજા આપણે ઘેર આવે છે, માટે તેમને સારુ ઉત્તમ આસન આપણા માળ ઉપર છે તે લાવ. જો આ નિસરણી રહી તે મૂકીને માળ ઉપર ચડી જા ને ઝટ તે સિંહાસન નીચે ઉતાર."

સુરૂપા પણ " પોતાની ઈચ્છા હવે જે સમય જાય છે તેટલામાં સિદ્ધ થશે અને તે પોતાના યાર ગંગદત્તની સાથે સ્વેચ્છાએ ક્રીડા કરશે." એવા વિચારમાં ખુશી થતી બમણા ઉત્સાહથી કાર્ય કરવા લાગી અને તેણીએ નિસરણી લાવીને મૂકી. પછી તે તત્કાળ રાજા માટે સારું સુશોભિત સિંહાસન ઉતારવાને માળ ઉપર ચઢી ગઇ અને ' આ ઉતારું ? આ ઉતારું ? '

એમ પતિને બતાવવા લાગી. એટલામાં રુષ્ટ એવા ધર્મદત્તે જાણે પ્રિયા અપરાધી હોય તેમ નિસરણી ત્યાંથી ઉપાડીને દૂર મૂકી દીધી. કપટ થયેલું જોઇને સુરૂપા વિલાપ કરવાં લાગી ને પતિને કહેવા લાગી: ' હા ! સ્વામી ! આ શું કર્યું ? '

" છાની રહે, છાની રહે, થોડીવાર પછી ઉતારી લઈશ. " ધર્મદત્તે કહ્યું.

" કૂવામાં ઉતારીને દોરડું શામાટે કાપી નાખો છો ? નિસરણી મૂકો, હું નીચે ઉતરી જાઉં. તમારા કાર્યમાં હું સહાય કરનારી થાઉં. " એ પ્રમાણે વિલાપ કરતી સુરૂપાની ધર્મદત્તે ઉપેક્ષા કરી.

રાજા નગરજનો સાથે ત્યાં આવ્યો. તેમને ધર્મદત્તે આદર સત્કારથી બેસાડ્યા, નગરજનોનો પણ સત્કાર કર્યો. ત્યાં પોતાની મૂર્ત્તિ હોય તેવો વરરુચિ ધર્મદત્તના જોવામાં આવ્યો. તેને જોઇને તે પ્રસન્ન થયો. વરરુચિની શિખામણ કાંઇક તેના ધ્યાનમાં ઉતરી હતી. ચેષ્ટા ઉપરથી પ્રિયાનું દુશ્ચરિત તેના સમજવામાં આવ્યું હતું. તે સમજ્યો હતો કે ' વરરુચિને આપેલી પંદરસો દિનાર આજે સફળ થવાની છે—ઊગી નીકળવાની છે. તેની અણમોલ બન્ને સર્વોત્તમ શિખામણો ધ્યાનમાં રાખી હોત તો આજે આ સમય ન આવત. તેથી જ ગંગદત્ત જેવો મિત્ર મળ્યો અને ઉપરથી પ્રાણ પાથરનારી પ્રાણપ્યારી સુરૂપા બદલી ગઈ. ખેર ! જે મિત્રને માટે મારા મનમાં અનેક સંકલ્પ-વિકલ્પો થતા હતા તે જ આજે મને આ આફતમાં સહાયકારી થયો. ' પછી તેણે દીર્ઘસ્વરે ગંગદત્તને કહ્યું:—' મિત્ર ગંગદત્ત ! જે વસ્તુ તને રુચતી હોય તે ખુશીથી ગ્રહણ કર. '

ધર્મદત્તની વાત સાંભળીને એ અધમ ગંગદત્ત ઘરમાં આજુ-બાજુ ચારે તરફ જોવા લાગ્યો, પણ ચિત્ત ચોરનારી માશુક કામાકુલ એવા ગંગદત્તના જોવામાં ક્યાંય પણ આવી નહિ. આકુળ ચિત્તવાળા એવા ગંગદત્તને જાણીને સુરૂપા પોતે તેની દૃષ્ટિએ પડી. તેણીને માળ ઉપર જાણીને નીચે ઊતરવા માટે દૂર રહેલી નિસરણી બે હાથે તેણે ઉપાડી અને ઉપર ચઢી શકાય તેવી જગ્યાએ મૂકી; એટલે તરત જ વરરુચિએ સંકેત કરેલો શ્રેષ્ઠીપુત્ર સ્ફૂટ અક્ષરે બોલ્યો–" હં ! હં ! મહાનુભાવ ! નિસરણી હવે ન મૂકો. તમે તમારી મરજીથી જ બે હાથે એને ગ્રહણ કરી છે. એ રીતે આપણી સરત હવે પૂર્ણ થઇ છે ને રાજા પણ સાક્ષી છે, તો હે નગરજનો ! તમે સાંભળો. અહીંયાં સુવર્ણ ભરેલી પેટી પડેલી છે, આ તરફ રત્નની અનેક જાતો કબાટમાં મૂકવામાં આવી છે, છતાં એની દૃષ્ટિ નિસરણીમાં જ પડી, તે જ તેને ગમી ગઇ. જો એને એમાં દિલ લાગ્યું તો તે ભલે લઇ જાય. "

શ્રેષ્ઠિપુત્રની આ પ્રમાણેની વાણી સાંભળીને રાજાસહિત લોકો " સાધુ ! સાધુ ! ઠીક થયું, ઘણું સારું થયું." એ પ્રકારે કહેવા લાગ્યા અને સર્વ નગરના લોકોમાં તે દુષ્ટ હાંસીપાત્ર થયો.

ધર્મદત્તે પણ ગંગદત્તની દુષ્ટતાનો મર્મ આ સમયે પ્રત્યક્ષ જોયો. રાજાએ પણ વ્યભિચારી ગંગદત્તને તર્જના કરી ત્યાંથી હાંકી કાઢ્યો.

માળ ઉપર રહેલી સુરૂપા આવી રીતે પોતાની ફજેતી જોઇને "હવે હું લોકને શું મોઢું બતાવીશ ?" એમ વિચારતી શોકાકુળ ચિત્તવાળી થઇ આપઘાત કરીને મરણ પામી દુર્ગતિએ ગઇ. ધર્મદત્તના ઘરનું એ પ્રમાણેનું નાટક જોઇને રાજાસહિત

સર્વે લોકો પોતપોતાને ઘેર ગયા. ધર્મદત્તે પણ સ્ત્રીના મૃત-કાર્યથી પરવારીને પોતાના મિત્ર એવા વરરુચિને બીજા પંદરસો દિનાર મોકલાવ્યા અને પોતાના કાર્યમાં સહાય કરી, પોતાની આંખ ઊઘાડી તે માટે તેનો ઉપકાર માન્યો.

એક દિવસ વરરુચિ ધર્મદત્તને મળવા આવ્યો. વાર્તાલાપના પ્રસંગમાં તેણે ધર્મદત્તને ઠપકો આપતાં કહ્યુ કે–" મિત્ર ! તારા આવા અતિ ઋજુપણાને ધિક્કાર થાઓ ! માણસ નિર્મળ અંતઃકરણવાળો છતાં નીચની સોબતથી તેના ગુણો જતા રહે છે. જો ! ખારી ભૂમિમાં મેઘનું જળ પડવાથી તે મીઠું છતાં પણ ખારું થઈ જાય છે. ગમે તેવો મહાન્ નર પણ કુકલત્ર–કુભાર્યાને યોગે કરીને કળારહિત થઈ જાય છે. અરે ! રાજા હોય તો પણ એવા અધમ સંસર્ગથી હલકી મતિવાળો થઈ જાય, તો અન્યની શી વાત ? વિષરૂપી વલ્લીનું સેવન કરવાથી તે તો માત્ર આ ભવનો જ નાશ કરનારી થાય, કિન્તુ સ્ત્રી તો ધ્યાનમાત્રથી પુરુષના બે ભવનો નાશ કરે છે. બળતા સ્થંભની માફક સ્ત્રીઓ સંસારમાં પુરુષને તાપના હેતુભૂત છે; માટે આર્ય એવા જે સજ્જન પુરુષોએ તેને છોડી છે તે જ જયવંત વર્તે છે. "

એ પ્રમાણેની વરરુચિની ચંદ્રના કિરણ સમી મધુર વાણી સાંભળીને જેને વૈરાગ્ય ઉત્પન્ન થયો છે એવા ધર્મદત્તે ભવથી ઉદ્વિગ્ન થઇને સાતે ક્ષેત્રમાં પોતાનું સકળ ધન વાપરી નાખ્યું ને ઉત્કૃષ્ટ તપ કરવાવડે સંસારરૂપી પંજર ભેદવાની ઇચ્છાવાળા તેણે **સુમતિ** નામના ગુરુની પાસે દીક્ષા અંગીકાર કરી. ગુરુ પાસે અનુક્રમે અગિયાર અંગના પારગામી થઇને તે ધર્મદત્તમુનિ પૃથ્વી ઉપર વિહાર કરવા લાગ્યા. અનુક્રમે તે વાણારસી

નગરીમાં આવ્યા અને વાંદવા આવતા નગરવાસી જનોને ઉપદેશ આપીને ત્યાં એકછત્રપણે આર્હત્ ધર્મનું સામ્રાજ્ય ફેલાવવા લાગ્યા. તેના માતાપિતા પણ તેને વાંદવા આવ્યાં. ધર્મદત્તનો વૈરાગ્યમય ઉપદેશ સાંભળીને યશોધર શ્રેષ્ઠી ચિરકાળથી સાલતો પુત્રવિયોગ પણ ક્ષણમાત્ર ભૂલી ગયા. સાધુનો વેશ હોવાથી તેમ જ તપશ્ચર્યા કરવાથી શરીરની સ્થિતિ બદલાઇ ગયેલ હોવાથી યશોધર શ્રેષ્ઠી પોતાના પુત્ર–ધર્મદત્ત મુનિને ઓળખી શકયા નહિ; પણ વ્યાખ્યાનમાં તેમનો ઉપદેશ સાંભળીને તેમને વૈરાગ્ય આવ્યો. જયારે દીનવદન એવાં માતાપિતાએ તેમને દીક્ષા લેવાનું કારણ પૂછ્યું ત્યારે તેના જવાબમાં પોતાની હકીકત ટૂંકામાં જણાવી તેણે માતાપિતાને કહ્યું કે– “ અહિં સંસારરૂપ નાટકમાં આ મારો પુત્ર, આ મારો ભાઇ એવા અજ્ઞાનજન્ય સંકલ્પથી શા માટે દુઃખી થવું ? કારણ કે અનેક ભવભ્રમણમાં પિતા પુત્ર થાય છે, પુત્ર પિતા થાય છે. સમસ્ત પ્રાણીઓ વિવિધ પ્રકારના ભવો કરવાવડે પુત્રપણાને પામે છે, તેમ છતાં પણ તમારું પુત્રપ્રેમથી મન વિહ્વળ થતું હોય તો તમે મને પોતાને જ ધર્મદત્ત જાણો. ” ધર્મદત્ત મુનિના આવા ઉપદેશથી અને સ્વર તથા વય ઉપરથી માતાપિતાએ તેમને ઓળખ્યા ને ઉચ્ચ સ્વરે પુત્રને કહ્યું કે “ અરે પુત્ર ! તેં આ શું કર્યું ? ”

માતાપિતાને બોધ થવાને માટે તેણે કહ્યું: “ તમારા જેવા મોહયુક્ત પ્રાણી ધર્મયોગ્ય ન હોય. અનેક પ્રકારના કૂડકપટવડે મેળવેલું ધન તે જ પ્રાંતે સાથે આવશે એમ તમે કદાચ સમજતા હશો; પણ તે કોઇની સાથે ગયું નથી ને જવાનું પણ નથી. વળી પુરુષને સ્ત્રીઓ એ દુઃખનું મૂળ છે, ભોગો

૨

એ રોગોનું ઘર છે ને કુટુંબીજનો એ કટુક વિષ સમાન છે. એવા મોહમાં મૂંઝાયેલા પ્રાણીને ધૃતિ, મતિ અને બુદ્ધિ ક્યાંથી હોય ? સંસારમાં આત્માને હિતકારી તો એક માત્ર ધર્મ જ છે તે ક્યાંથી સમજાય ? જ્ઞાન, દર્શન ને ચારિત્રરૂપી રત્નત્રયીને પામેલા, સંયમરૂપ લક્ષ્મીએ કરીને શોભતા એવા તમારા પુત્રને સંસારબંધનરૂપ માયાથકી દૂર રહેલો જોઇ તમને હર્ષ કેમ થતો નથી ? " ઇત્યાદિક બોધદાયક વચનોવડે તેમનાં માતાપિતા પ્રતિબોધ પામ્યાં. પછી બોધ પામેલાં માતાપિતાએ તૃણની માફક સર્વ સંપત્તિનો ત્યાગ કરીને તે ધર્મદત્ત મુનિની જ પાસે વ્રત ગ્રહણ કર્યું. અનુક્રમે માતા, પિતા ને પુત્ર એ ત્રણે જણ તીવ્ર તપ કરવાવડે આત્મા સાથે અનંત કાળથી રહેલાં નિબિડ એવાં અષ્ટ કર્મોનો નાશ કરીને પરમપદને પામ્યાં. સ્ત્રીજાતિનું આવું વૃત્તાંત સાંભળીને પરીક્ષા કર્યા વગર કોણ બુદ્ધિવંત પુરુષ પાણિગ્રહણ કરે ?

[ મૂર્ખ સ્ત્રી સંબંધી ]

# (૨) એક ગોવાળની કથા

પૂર્વે ભોગપુર નગરમાં અરિમર્દન નામે રાજા રાજ્ય કરતો હતો. જાણે બીજો શક્રેંદ્ર હોય તેમ પૃથ્વીની સર્વે દિશાઓને પોતાના પ્રતાપવડે તેણે તાબે કરી હતી. ત્યાં વનમાં કોઇએક ગોવાળ ગાયો ચારતો ચારતો કોઈ એક દ્રુમ(વૃક્ષ)ની નીચે પત્થરની શિલા ઉપર બેઠો કે તરત જ તે ઉલ્લાસ પામ્યો, તેની અજ્ઞાનતા નાશ પામી, તેની અશુદ્ધ ભાષા વિદ્વાન જનની માફક શુદ્ધ થઇ ગઇ ને અકસ્માત્ કવિત્વશક્તિ તેનામાં પ્રગટ થઇ આવી. ખૂદ સરસ્વતી જ તેના ઉપર પ્રસન્ન થઇ હોય તેમ તે નવાં નવાં ઉચ્ચ ભાવભર્યાં કાવ્ય બનાવીને બોલવા લાગ્યો. પોતાની આ અપૂર્વ શક્તિનો ચમત્કાર નૃપસભામાં બતાવવાને માટે તે ગોપાળ પશુ પાળવાનું ને ચરાવવાનું કાર્ય છોડી દઇને રાજદરબારમાં આવ્યો. સભામાં અભિનવ કાવ્ય બોલવાવડે પ્રૌઢ કવિઓ પણ તેનો મર્મ સમજી શકે નહિ એવી રીતે તેઓને ચમત્કાર પમાડતા તેણે ધરાધિપને પ્રસન્ન કર્યો. તેની કવિત્વ-શક્તિથી પ્રસન્ન થઇને રાજાએ પોતાની પાસે તેને આસન આપીને બેસાડયો; કેમકે જગતમાં લતાઓમાં જેમ કલ્પલતા શ્રેષ્ઠ છે તેમ કળાઓમાં વાક્કળાનો મહિમા અપૂર્વ છે. રાજાએ પ્રસન્ન થઈને તેની આજીવિકા સુખપૂર્વક ચાલી શકે તેટલા માટે તેને પુષ્કળ ધન આપી ધનવાન બનાવ્યો.

સ્વેચ્છાએ આહાર, વિહાર ને આનંદ કરતો ગોવાળ સંતુષ્ટ

ચિત્તવાળો થઇને રોજની પાંચસો ગાથા નવી નવી બનાવતો હતો, જેથી રાજસભાના જે મુખ્ય મુખ્ય મહાકવિઓ, પ્રતિભાવાળા અને શાસ્ત્રના પારંગત હતા તેમની અવજ્ઞા કરતો રાજા તે ગોપાળની કવિત્વશક્તિથી તેની ઉપર અતિશય રાજી રહેતો હતો. આ પ્રમાણે જોઇને ત્યાંના મહાકવિઓ એકત્ર થઇ વિચારમાં પડ્યા. "અહો! આ આપણો રાજા મૂઢ એવા ગોવાળ ઉપર મોહિત થયો છે. એને તો આ ગોપાળ જ પ્રિય થઇ પડયો છે, પણ એમાં આશ્ચર્ય નથી; કારણ કે તુચ્છ જાતિવાળી પણ સ્વરૂપસુંદર દાસી પોતાની ચતુરાઇવડે રાજાને પ્રિય થઇ પડે છે. તે સમયે કુળવંતી રાણીઓની તો અવજ્ઞા જ થાય છે. આ અધમ જાતિના ગોપાળની કળામાં મૂંઝાયેલ રાજા આપણી અવજ્ઞા કરે છે, તો તે માટે કાંઇ ઉપાય શોધવો જોઇએ. જુઓ, આપણે સર્વે સમસ્ત કાવ્યાદિ કળામાં પરિપૂર્ણ છીએ, છતાં રાજાનો પ્રસાદ નહિ મળવાથી આપણા ઘરમાં દારિદ્ર કાયમ રહ્યું છે. ઉપરાંત આ ગોવાળે આવીને આપણા સર્વની આજીવિકામાં પથ્થરો નાખ્યો છે, તો આ વિષયમાં હવે આપણે શું કરવું?" ઇત્યાદિક વિચાર કરતાં કરતાં તેમણે એક ઉપાય શોધી કાઢીને એક દિવસ રાજસભામાં રાજાને કહ્યું: "મહારાજ! આ આપણા નવા કવિને આપ પૂર્વના ભાગ્યથકી જ પામ્યા છો, માટે આ ગોવાળ–પશુપાળ છે એમ જાણીને તેની અવહેલના કરશો નહીં, કેમકે શ્રીમહાદેવે પોતે પણ પશુપાળનું નામ તો ધારણ કરેલું છે. વળી એની કવિત્વશક્તિ, પ્રાકૃત ભાષા એ સર્વે અપૂર્વ છે. અમારા સરખાને પણ માન્ય અને દેવને પણ દુર્લભ એવા એનામાં ગૌરવયુક્ત ગુણો છતાં એ વંઠની માફક એકલા છે, પરણેલા નથી. આપ

શ્રીમાન્ જેવા તેના નાયક હોવા છતાં તેની આટલી પણ કદર ન થાય એ અમને મોટું દુઃખ જણાય છે. અમારે પણ માન્ય, આપને પણ માન્ય એવા આ સર્વોત્તમ કવિને ખાવા-પીવાનું ઠેકાણું નથી. સ્ત્રી કે બાળબચ્ચાં નથી. કુટુંબમાં પણ તેઓ એકાકી હોવાથી તેમનો કંઇ પ્રભાવ પડતો નથી. તેની કૌટુંબિક સ્ત્રીઓ તેમને ત્યાં આવે જાય તેવું નથી. વ્યવહારમાં સ્ત્રી વગરની એકાકી જિંદગી શા કામની છે? દેવતાઓ, ઋષિઓ, મનુષ્યો અને પશુપક્ષીઓ પણ યુગલરૂપે હોય તો જ જગતમાં શોભા પામે છે ને આનંદમાં રહે છે, તો હે દેવ! આ આપણા કવિ એકાકી કેમ? જ્યારે આપ તેમને પરણાવશો અને બાળબચ્ચાંનો તેમને અનુભવ થશે ત્યારે કૌટુંબિકપણાની તેમની ઉજ્જવળ કીર્ત્તિ શોભાને પામશે અને વ્યવહારમાં પણ ઇજ્જત આબરૂનો ત્યારે જ વધારો થશે."

કવિઓનાં એ પ્રમાણેનાં યુક્તિયુક્ત વચનો સાંભળીને રાજાના હૃદયમાં તે હકીકત સત્ય જણાયાથી રાજાએ તેની જાતિની કોઇક રૂપવતી કન્યા સાથે ગોવાળનું પાણિગ્રહણ કરાવ્યું. જગતમાં બુદ્ધિવંત પુરુષોની યુક્તિવડે કોણ નથી ઠગાતું? ગોવાળ પણ લગ્નની વાત સાંભળીને મનમાં પ્રસન્ન થયો, તેમાં પણ રાજા પોતે પ્રસન્ન થઇને વિવાહ કરી આપે તે કોને ન રુચે?

પરણ્યા પછી એ મહાકવીશ્વર ગોવાળ પોતાની સ્ત્રી સાથે રાજાએ આપેલા ગૃહમાં રહેવા લાગ્યો. પછી "આજે ઘરમાં તેલ નથી, આજે ઘી નથી, આજે અમુક અનાજ નથી." ઇત્યાદિક મૂર્ખ સ્ત્રીની ઉક્તિથી કુહાડાની માફક ગોવાળનું હૃદય પ્રતિદિવસ વિદારાતું ગયું. રોજના એ જડ સ્ત્રીના

સંક્લેશથી ડગલે ને પગલે શંકા પામતા એ કવીશ્વરનું મન અસ્ખલિતપણે ચિંતારૂપી સમુદ્રમાં બૂડ્યું. એક તરફ એ તન્વંગીએ ચિંતાવડે શરીરનો ગ્રાસ કરવા માંડ્યો, તેમાં ધનની ચિંતાનો વધારો થયો, એટલે એવા અનેક પ્રકારનાં વિચારોમાં તેની કવિત્વશક્તિ ધીમે ધીમે ઓછી થઇ ગઇ, જેથી પાંચસો ગાથા તો શું બલ્કે એક દિવસમાં તે ગોવાળ બે ગાથા પણ તૈયાર કરવા સમર્થ થતો નહિ. એવી રીતે પ્રજ્ઞા નાશ પામવાથી ક્ષીણ કળાવાળા ચંદ્રમાની જેવા ગોવાળને જોઇને એક દિવસ રાજાએ તેને પૂછ્યું–" અરે! તને આ શું થઇ ગયું? તું હમેશાં શીઘ્રકવિ થઇને મારા ચિત્તરૂપી પિંજરામાં રહેતો હતો તે આજે તું એક શ્લોક પણ પૂરતો કેમ બોલી શકતો નથી?"

ત્યારે ગોવાળ બોલ્યો: "મહારાજ! આપની રાજસભાના આ મહાકવિઓએ જ મને કૂવામાં–સંસારના બંધનમાં નાખી પરોક્ષ રીતે મારી એ અપૂર્વ કવિત્વશક્તિનો નાશ કરાવ્યો છે. સમુદ્રના જળ સમી અનંતી ગૃહસંબંધી ચિંતા એક મૂર્ખ સ્ત્રીવડે મને વળગી, જેણે મારી પાંચશે ગાથા કરવાની એ અપૂર્વ કાવ્યશક્તિને નષ્ટ કરી. આ બધું મૂર્ખ સ્ત્રી મળવાનું પરિણામ છે."

આ પ્રમાણે સર્વ કળાનો નાશ કરનારી સ્ત્રીને જાણતાં છતાં પાણિગ્રહણના પાસમાં સુજ્ઞ મનુષ્ય કેમ પડે?

[ વગરવિચાર્યાં આચરણ વિષે ]

# (૩) સોમિલ દ્વિજની કથા

કોલ્લાક સન્નિવેશમાં સોમિલ નામે એક બ્રાહ્મણ રહેતો હતો. બાલ્યાવસ્થામાં તેને તેનાં માતાપિતાએ દારિદ્રયપણાથી તજી દીધો હતો, જેથી ઘેર ઘેર ભિક્ષા માગી ખાતાં કાંઇક ધન એકઠું કરીને તે પરણ્યો. ઘરસંસાર ભોગવતાં અને ભિક્ષાવૃત્તિ ઉપર આજીવિકા ચલાવતાં અનુક્રમે તે પુત્રપૌત્રાદિકના પરિવારવાળો થયો, કેમકે જગતમાં જોવાય છે કે બીજ અલ્પ-સૂક્ષ્મ હોવા છતાં વડલાનું વૃક્ષ ઘણા વિસ્તારવાળું બને છે.

એક દિવસે તે બ્રાહ્મણે નિશાને અંતે વિચાર કર્યો કે "હું પહેલાં ગરીબ-દરિદ્રી હતો ને હાલમાં કાંઇક ધન પામ્યો છું, તો પૂર્વે જેણે અનેક દુઃખ જોયાં છે એવા મને આવી કૃપણતા ઉચિત નથી; કેમકે વિદ્યુતના ઝબકારાની માફક લક્ષ્મીની ચપળ ગતિને કોણ રોકી શકે છે ? માટે જો કે મારી પાસે અલ્પ દ્રવ્ય છે તો પણ તે દ્રવ્ય અનુસારે હું એક સરોવર કરાવું કે જેથી મારા મૃત્યુ પછી પણ લોકો મને યાદ કરે." આ પ્રમાણે વિચાર કરીને તેણે પોતાના ગામને પાદર એક ભવ્ય સરોવર-તળાવ બંધાવ્યું. ગ્રીષ્મઋતુ વીત્યાબાદ વર્ષાઋતુ આવી ત્યારે મેઘના વરસવાથી તે સરોવર ચારે બાજુ જળથી છલાછલ ભરાઇ ગયું. તે જોઇને તેને વિચાર થયો કે-" ખરેખર આંખ સુંદર હોવા છતાં પણ ભ્રકુટી વગર શોભા પામતી નથી, તેમ આ રમણીય સરોવર કાંઠે તરુવરો હોય તો જ શોભા

પામે; અન્યથા જળથી પરિપૂર્ણ છતાં પણ એ શોભતું નથી.” આમ વિચારીને તેણે સરોવરને કિનારે સારાં સારાં વૃક્ષો રોપાવી તેને ઉછેરવા માંડયાં. તરુવરો ફૂલીફૂલીને તળાવની શોભામાં વધારો કરવા લાગ્યાં, એટલે ત્યાં એક દેવમંદિર બંધાવી બગીચો તૈયાર કરાવ્યો ને મંદિરમાં પોતાના ઇષ્ટદેવની પ્રતિમા સ્થાપન કરી. પછી પ્રતિવર્ષ તે બ્રાહ્મણ પોતાના ઇષ્ટદેવની આગળ એક એક બકરાનો ભોગ આપી બલિકર્મ કરવા લાગ્યો. પાપકાર્યને ધર્મ માનતો તે બ્રાહ્મણ એમાં અધિક પ્રીતિ ધરવા લાગ્યો.
**‘ અરે ! મિથ્યાદૃષ્ટિ જીવોને દયા કયાંથી હોય ? ’**

કેટલોક કાળ એવી રીતે નિર્ગમન કરતાં મરણ સમયે તેણે પોતાના પુત્રોને ઇષ્ટદેવ આગળ પ્રતિવર્ષે બકરાનો ભોગ દેવાની ભલામણ કરી. મરણ પામીને પશુના ધ્યાનથી તે દ્વિજ પશુયોનિમાં જ બકરા તરીકે ઉત્પન્ન થયો. તેના કથન અનુસારે તેના પુત્રો પણ પ્રતિવર્ષ એકેક બકરાનો ભોગ આપવા લાગ્યા ને પૂર્વપરંપરાથી ચાલ્યો આવતો ક્રમ તે પુત્રોએ પણ એ રીતે ચાલુ રાખ્યો; કેમ કે ‘ સંસારની પાપમય રૂઢીઓ દુઃખપૂર્વક ત્યજવા લાયક હોય છે. ’

એકદા તે દ્વિજનો જીવ બકરો ફરતો ફરતો તે વાટિકામાં આવ્યો. વાટિકાને જોઇને જાણે પોતે કાંઈ ભૂલી ગયો હોય તેમ તે યાદ કરવા લાગ્યો; તો તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. તેણે ઘણા કાળના પરિચયવાળું પોતાનું તળાવ, દેવભુવન વિગેરે જોયું અને પોતાનો પૂર્વભવ યાદ આવ્યો. તે સાથે ભાવી મૃત્યુ જાણીને પોતે ભયભીત પણ થયો.

તેના અભીષ્ટ દેવને ભોગ આપવાનો દિવસ નજીક આવ્યો એટલે ક્રૂર વાઘ જેમ શિકાર ઉપર તલપ મારે તેમ દયાહીણ તેના બટુકોએ તેને જ પકડીને ઘેરી લીધો–પકડી લીધો.

હોમને દિવસે અગ્નિકુંડની આગળ બ્રાહ્મણો વેદની શ્રુતિઓ ભણવા લાગ્યા. બીજી બાજુ વાજીંત્રોના નાદ સંભળાવા લાગ્યા. સ્ત્રીઓ મંગળ ગીતો ગાવા લાગી અને બકરાના હોમની તૈયારી પણ થવા લાગી. કેટલાક બ્રાહ્મણપુત્રો બકરાને ગળામાંથી બાંધી તેને ખેંચતાં ખેંચતાં અગ્નિકુંડ આગળ લઈ જતા હતા, બ્રાહ્મણો તેની પાછળ વેદની ધ્વનિ વર્ષાવતા હતા, મરણભયથી કંપતો બકરો બૂમેબૂમ પાડ્યે જતો હતો. આ સર્વે બીના નજીકમાં વૃક્ષની નીચે બેઠેલા એક મુનિવરે જોઈ એટલે તે બોલ્યા: “ અરે બકરા! સ્વયમેવ તેં તળાવ બંધાવ્યું, તારે હાથે આ બધાં વૃક્ષો તેં રોપાવ્યાં અને તેં તારા હાથે તારા દેવની આગળ બકરાને મારી બલિ ધરવાનું કાર્ય ચાલુ કર્યું, તો હે મૂઢ! હવે શાને રડે છે? મરણથી શા માટે ડરે છે? સમતા ધારણ કરીને કરેલું કર્મ આજે તને ઉદય આવેલું છે તે ભોગવી લે. અન્યથા આવા આર્ત્તધ્યાનવડે તારે કેટલાય છાગના ભવ લેવા પડશે અને આવી રીતે કપાવું પડશે.” એ મહામુનિની અમૃતથી પણ અતીવ મીઠી વાણીનું પાન કરી બકરો તરત જ શાંત થઈ ગયો. ઉત્તમ મંત્રવડે જેમ સર્પનું ઝેર નાશ પામી જાય તેમ એ બકરાનું સાંસારિક અજ્ઞાનરૂપી ઝેર નષ્ટ થઈ ગયું. એટલે બકરાને શાંતિથી ચાલ્યો આવતો જોઇને બ્રાહ્મણો વિસ્મય પામ્યા અને તે મુનિપુંગવ પાસે આવીને પૂછવા લાગ્યા: ‘હે મુને! તમે આ બકરાને શું કહ્યું કે જેથી તે શાંત થઈ ગયો?’ ત્યારે તે મુનિવરે બકરાને કહેલ કથન તે બ્રાહ્મણોને કહી સંભળાવ્યું, એટલે બ્રાહ્મણો બોલ્યા કે– “તમારું કહેવું બકરો સમજ્યો, પરન્તુ અમે તીવ્ર બુદ્ધિવાળા સમજી શકયા નહિ, તો તેનું રહસ્ય શું છે? તે અમને

સમજાવો." એ પ્રમાણે પૂછતાં વિપ્રોને મુનિએ છાગનો પૂર્વભવ કહી સંભળાવ્યો.

તેનું આ વૃત્તાંત અને પોતાની અવહેલના સાંભળીને જાતિ-મદથી કોપ પામેલા સર્વે બ્રાહ્મણો જાણે વડવાનળ અગ્નિ હોય તેમ ક્રોધની જ્વાળા વરસાવતા તપથી કૃશ થયેલા મુનિને ગાળો દેતા કહેવા લાગ્યા: "અરે ભિક્ષુ! તું આ શું બકે છે? મદ્યપાન કરેલાની માફક યદ્વાતદ્વા બકયા જ કરે છે. અમારો એ પિતા તો સ્વર્ગલોકમાં ગયેલો છે ને આ બકરો તો કોઇ બીજો છે. તે પોતાના મંત્રબળથી પ્રતિવર્ષે એક એક પશુને સ્વર્ગમાં મોકલતો હતો. એવા પુરુષની દુર્ગતિ બોલતાં તારી જીભ કપાઇ કેમ જતી નથી?"

એટલે અમૃતમય વાણીને વરસાવતા તે મહાપુરુષ બોલ્યા: "અરે બ્રાહ્મણો! તમે અજ્ઞાનવડે કરીને હમેશાં જૂઠું જ બોલો છો અને જીવિતનો નાશ થતો હોય તો પણ યતિઓ જૂઠું બોલતા જ નથી. સ્વસ્થ થાઓ. તમારી શંકા એ બકરો જ પોતે દૂર કરશે. એને પૂર્વભવનું જ્ઞાન થયું છે, માટે એને બંધનમાંથી મુકત કરો ને તમારે ઘેર લઇ જાઓ તો પોતાના ઘરમાં ગોપવેલું-દાટેલું ધન તમને તે બતાવશે."

એ મહામુનિની આવી અદ્ભુત વાણી સાંભળીને દ્વિજના પુત્રોએ તેને બંધનમુક્ત કર્યો અને વિસ્મય પામેલા તેઓ તેને પોતાને ઘેર તેડી ગયા. ઘરની અંદર જઇને જે જગ્યાએ ધન દાટેલું હતું ત્યાં તેણે પોતાની ખરીઓથી ઘા કરવા માંડયા; એટલે તેના પુત્રોએ ત્યાં ખોદીને ભૂમિની અંદર ગોપવેલું ધન કાઢી લીધું. પછી જેમને જૈનમત ઉપર પ્રતીતિ ઉત્પન્ન

થઇ છે એવા તે બ્રાહ્મણપુત્રોએ તે સાધુ સમક્ષ આવીને પોતાનો અપરાધ ખમાવ્યો.

એ મહામુનિ જ્ઞાનની ખાણસમાન હતા. તેમણે ભાવિક એવા તે ઉપાસકોને, અન્યતીર્થી જનોને દુઃખે પામવા યોગ્ય એવો દયામય ધર્મ કહી બતાવ્યો ને કહ્યું કે: "હે ભોળાજનો! ક્રીડામાં આસક્ત દેવતાઓ શું કોઇનો વધ ઇચ્છે છે? મનુષ્યો જ તેમના નિમિત્તે આવી રમત કરે છે, બીજાના અમૂલ્ય જીવનનો ફોગટ નાશ કરે છે. વેદમાં કહેલો પ્રાણીવધ પણ પાપબંધનના કારણભૂત છે. સ્વર્ગના ભોગથકી છાગો, જ્ઞાનીની માફક નિરાગવાળા (તેની ઇચ્છા વિનાના) હોય છે, છતાં તમને સ્વર્ગ પ્રિય હોય તો તમારા પુત્રાદિકને યજ્ઞમાં હોમીને સ્વર્ગમાં કેમ મોકલતા નથી? અરે! તેઓ કહે છે કે 'તૃણનું ભક્ષણ કરીને આનંદપૂર્વક રહેનારા અમને તમારા સ્વર્ગથકી પણ અધિક સુખ છે. અમને તમારું સ્વર્ગ જોઇતું નથી. અહીંઆં જ તૃણભક્ષણ કરતાં અમને રહેવા દ્યો.' છતાં ધર્મના નિમિત્તે જે પ્રાણીવધ કરે છે તે અંગારા વરસાવવાવડે વનને વિકસિત કરવાની ઇચ્છા કરે છે."

ઇત્યાદિક ગુરુની વાણી સાંભળીને દ્વિજો-બ્રાહ્મણો ખુશી થયા. જૈન ધર્મ પામીને તેઓ સંસારથકી અભય-નિર્ભય થયા અને એવી રીતે યથાશક્તિ શ્રાવકધર્મ અંગીકાર કરીને તેઓ પોતપોતાને ઘેર ગયા. બકરાના ભવમાં જેમ તે બ્રાહ્મણને પોતાનાં કરેલાં કર્તવ્યનો પશ્ચાત્તાપ થયો, તેમ એકદમ વગરવિચાર્યું કાર્ય કરીને પછી પાછળથી તેનો પશ્ચાત્તાપ કરવો એ નરી મૂર્ખતા જ છે.

[ લક્ષ્મીની ક્ષણભંગુરતા સંબંધે ]

# (૪) શિવ વિપ્રની કથા

જ્યાં વનસ્પતિ, ફળ, ફૂલ આદિએ કરી નવપલ્લવિત ભૂમિ છે એવા મગધદેશમાં **સુગ્રામ** નામે એક ગ્રામ હતું. ત્યાં સર્વે લોકો સુખી ને સંતોષી હોવાથી ગરીબોને મન શ્રીમન્તોનો હિસાબ પણ નહોતો, છતાં પણ જેમ મગ સારા છતાં તેમાંથી એકાદ કોરડુ નીકળે છે તેમ પૂર્વના દુષ્કર્મના ઉદયે કરીને દરિદ્રાવસ્થાવાળો એક **શિવ** નામનો વિપ્ર પોતાના દિવસો દુઃખમાં ગુજારતો હતો. બાલ્યાવસ્થામાં તેના માતપિતા મરણ પામવાથી એકાકી તે મહાદુઃખે પોતાનો નિભાવ કરી શકતો હતો. જગતમાં દરિદ્રાવસ્થા એ પ્રાયઃ સર્વે આપદાઓનું મૂળ છે, તેથી એ શિવ વિપ્ર બહુ જ ચિંતાતુર રહેતો હતો. " હા ! શું કરું ? વનમાં જાઉં કે ઘરમાં રહું ? કે દૂર દેશાવર જતો રહું ? " ઇત્યાદિક ધન મેળવવાને માટે તે અનેક સંકલ્પવિકલ્પ કર્યા કરતો.

એક દિવસ તે દુઃખથી મૂંઝાયેલો કાષ્ઠ લેવાને માટે વનમાં ગયો. વનમાં વનેચરની માફક ભમતાં તેણે કોઇ યોગીને જોયા, જેથી તેને વિચાર થયો કે–" યોગીઓ હમેશાં રસસિદ્ધિના જાણનારા હોય છે, તો ખરેખર ! આમના દર્શનથી હવે મારું દારિદ્ર પણ નાશ પામશે. " એમ વિચારીને તેણે યોગીને દંડવત્ નમસ્કાર કર્યા. યોગીએ આશીર્વાદ આપી કહ્યું: "વત્સ ! તું જલદી શ્રીમાન્ થા ! "

" ગુરુ ! મને તો જન્મથી દારિદ્ર જ વરેલું છે. મારે ને

લક્ષ્મીને તો વૈરભાવ છે. આ ભવમાં અમારો સુમેળ થાય તેમ નથી, તો મરુભૂમિમાં તરુવરની માફક આપની આશિષ અત્યારે તો વિરુદ્ધ છે, છતાં પણ આપ કદાચ પ્રસન્ન થયા હશો તો સ્વયંવરાની માફક સકળ સિદ્ધિઓ મને પ્રાપ્ત થશે." શિવે કહ્યું.

ત્યારપછી શિવ વિપ્ર પ્રતિદિવસ યોગીની સેવા-ભક્તિ કરવા લાગ્યો. શરદ્ઋતુમાં તૃષાતુર થયેલો માણસ સરોવરને જોઈને પ્રસન્ન થાય તેમ યોગી શિવની ભક્તિથી પ્રસન્ન થયો અને કહ્યું: "વત્સ! તું પાડાનું પુચ્છ લાવી તેને તેલમાં પલાળીને સૂકવ."

યોગીની આજ્ઞા પ્રમાણે તેણે તેમ કર્યું. તે પછી યોગીએ તેને કહ્યું કે—"હે વત્સ! હું તને અલ્પ કાળમાં કુબેરના જેવો ધનવાન બનાવી દઈશ." એમ બોલતા યોગી બ્રાહ્મણને લઈને જંગલમાં ચાલ્યો. દ્રવ્યની આશાવાળો વિપ્ર રસ્તામાં આવતા પથ્થરો સાથે ઘસાવાથી રુધિરવાળો થયો. એક તરફ ભયંકર ફણાટોપવાળા સર્પો ફૂંફાડા મારી રહ્યા હતા, તેમ જ ક્રૂર પશુઓ આમતેમ દોડાદોડી કરી રહ્યાં હતાં. એવા ભયંકર અરણ્યમાં ઝાડીની ઘટાને લઈને અંધારું આવતું તો પુચ્છની મશાલ સળગાવીને તેઓ આગળ ચાલતા હતા. એવી રીતે રસ્તો કાપતાં કાપતાં તે અનુક્રમે અટવીની બહાર આવ્યા. ત્યાં યોગીએ તેને એક મંદિર બતાવ્યું અને કહ્યું: "વિપ્ર! આ સિદ્ધેશ્વરી દેવીનું મંદિર છે. એ દેવીને પ્રસન્ન કરીને તું જલદી રસકુંપિકા મેળવ."

તેણે પણ નજીકમાં રહેલા બાગમાંથી પુષ્પો લાવીને દેવીની પૂજા કરી. બે હાથ જોડી નવીન કાવ્યવડે તેની સ્તુતિ કરી. દેવીએ તેની ભક્તિની પરીક્ષા કરી પ્રગટ થઇ તેને કહ્યું: "હે વત્સ! તારી ઉપર હું પ્રસન્ન છું, માટે કંઇ વસ્ત્ર ધર, હું તને તારું ઇચ્છિત આપું."

દેવીનું વચન સાંભળીને બ્રાહ્મણે પોતાનું કપડું પહોળું કર્યું, તેમાં દેવીએ મુઠી ભરીને યવ નાખ્યા. યવને જોઈને પોતાના જાતિસ્વભાવથી એ બ્રાહ્મણની ધીરજ જતી રહી ને કોપથી કહેવા લાગ્યો કે 'નવા નવા શ્લોકવડે સ્તુતિ કરવા છતાં તેં પ્રસન્ન થઈને માત્ર મુઠીભર જવ જ આપ્યા. અરે! તારા કરતાં તો ગામમાં ભિક્ષાવૃત્તિ કરું છું તેમાં પણ મને સારું મળે છે. તારે માટે આટઆટલાં કષ્ટ સહન કરીને અહીં આવ્યો, છતાં તેં તો મને મુઠીભર જવ જ આપ્યા. ખરેખર દેવતાઓ પર્વતોની માફક દૂરથી જ મનોહર લાગતા જણાય છે. મારે તો હવે રોજની ભિક્ષાવૃત્તિ જ ઠીક છે. દુઃખે કરીને આરાધવા છતાં તારું આવું અલ્પ ફળ મારે ન જોઇએ. આ તારા વિરસ જવ તને જ મુબારક હો." એમ બોલીને તેણે યવોને દેવી તરફ ફેંકી દીધા ને ત્યાંથી ચાલ્યો, જેથી દેવીએ કોપ કરીને યંત્રવાહી–કળાકુશળ મનુષ્ય જેમ પથ્થરને દૂર ફેંકી દે તેમ તેને દૂર પટકી દીધો.

ક્ષણવારમાં આંખ ઊઘાડીને તેણે જોયું તો એ પ્રાસાદ નહોતો, દેવી પણ નહોતી અને યોગી પણ નહોતો. "આ શું થયું?" એમ વિચારતો તે ચારે તરફ ધ્યાનથી જોવા લાગ્યો. દુઃખી થઇને પોતાના વસ્ત્ર તપાસવા લાગ્યો, તો વસ્ત્રે બે ચાર યવ ચોંટેલા દેખ્યા, પણ આ શું આશ્ચર્ય! એ યવ તો ઉત્તમ જાતિનાં સુવર્ણના હતા, એટલે તેને અફસોસ થયો. "હા! હું હણાયો! વગરવિચાર્યું મેં આ શું કર્યું? અરે ક્રોધથી મારી આંખો અંધ થઇ ગઇ હતી, કે જેથી દારિદ્રને હરણ કરનારા એવા દેવીએ આપેલા યવનો મર્મ હું સમજી શકયો નહીં. હાય! મારો આત્મા પોતે જ મારો શત્રુ થયો! મારું ભાગ્ય જ વક્ર થયેલું છે કે જેથી આપમેળે લક્ષ્મી મારે ઘરે આવતી હતી છતાં

દુષ્ટ બુદ્ધિથી મેં જ તેને ફેંકી દીધી છે. તો પછી બીજાનો શું દોષ કાઢવો ? બસ, હવે મારે જીવવાથી સર્યું." એમ વિચારતો મરવાને માટે તે એક દિશા તરફ ચાલ્યો. જીવનથી કંટાળી ગયેલો તે ગાઢ વનમાં ગયો તેવામાં નજીકમાં કેટલાક પુરુષોનો શબ્દ સાંભળવાથી તે તેમની પાસે ગયો, તો તેમને કોદાળા લઇને ખાણ ખોદતાં જોયા. તેણે તેઓને પૂછયું: "હે ભાઇઓ! આ ભૂમિ ખોદવાવડે શું કરો છો ?" ત્યારે તે લોકોએ તેને જવાબ આપ્યો કે: "સાંભળ, તું કોઈ પરદેશી જણાય છે. સમસ્ત દારિદ્રનો નાશ કરનાર આ રોહણગિરિ પર્વત છે. એના મૂળમાં રત્નો ભરેલાં છે, જેથી અહીં ખોદી મહાકાંતિમાન એવાં રત્નો ગ્રહણ કરીને અમે દારિદ્રયને તિલાંજલિ આપી અમારે ઘેર જશું."

આ પ્રમાણે સાંભળીને લોભથી ક્ષોભિત થયેલા ચિત્તવાળા તે બ્રાહ્મણે એ સુવર્ણ યવથી એક કોદાળો ખરીદ કરીને પોતે પણ ખોદવા માંડયું. અનુક્રમે ખોદવાવડે તેણે પણ ઘણાં મણિ પ્રાપ્ત કર્યાં. પોતાને ભાગે આવેલાં રત્નો લઇને તે દ્વિજ પણ ખુશી થઈને તેમની સાથેસાથે પોતાના વતન તરફ વળ્યો. બીજા કેટલાક ખોદનારાઓ માર્ગના ભયથી ડરીને બ્રાહ્મણ સર્વમાન્ય છે એમ સમજી તેની સાથે અન્યોઅન્ય એક બીજાને ન ઠગવાના સોગંદ ખાતા ને રસ્તો કાપતા એ ભયંકર અટવી ઓળંગી ગયા. હવે રાત્રિ પડવાથી એક વૃક્ષની નીચે સર્વે જણા પોતપોતાનાં રત્નો પોતાને ઓશીકે મૂકીને પોતાના ઘરની માફક સૂતા. તે સમયે નજીક વૃક્ષ ઉપર રહેલો એક વાંદરો તરુ ઉપરથી નીચે ઊતરી એ જ સોમિલદ્વિજની રત્નની પોટલી લાડુની પોટલી સમજીને ઉપાડી વૃક્ષ ઉપર ચઢી ગયો. જ્યારે વાંદરો

તે પોટકી ઉપાડી નાસી જતો હતો ત્યારે સર્વે જણા જાગી ઊઠ્યા ને તેની ખબર પડતાં બ્રાહ્મણ તો હાયપીટ કરવા લાગ્યો.

તે વાનરને પકડવાને સર્વે જણા દોડ્યા તો ખરા, પણ વાંદરો તો પોટકું લઇને અદૃશ્ય થઈ ગયો અને ગરીબ બિચારો કર્મનો બળીઓ બ્રાહ્મણ તો હાથ ઘસતો જ રહી ગયો. પાણીના અતિ ઊંડાણમાં સરકી ગયેલું ખંધું માછલું કદિ હાથમાં ન આવે તેમ પેલા વાનરભાઇ સપાટામાં ન આવ્યા. સર્વે જનોએ રડતા બ્રાહ્મણને શિખામણ આપી સમજાવ્યો. પછી હત્યા કરનારા મનુષ્યને જેમ હત્યા તેની પૂઠે લાગેલી હોય તેમ જગતમાં પોતાને અભાગિયાઓમાં શિરોમણિ સમાન ગણતો તે બ્રાહ્મણ દારિદ્રય લઇને મ્લાન મુખવાળો થઇ પોતાને ઘેર ગયો. હાથમાં આવેલું જતું રહેવાથી પ્રતિદિવસ તે યમથી હણાયો હોય તેમ પશ્ચાત્તાપ કરતો રડતો હતો. તેના દુઃખની રાજાને ખબર પડવાથી તેણે તેની ઉપર કૃપા લાવીને ઉત્તમ શાલિ અને રોહિણી નામની એક ગાય આપી, કેમકે સજ્જન પુરુષોની લક્ષ્મી પરના ઉપકારને માટે જ હોય છે. એક દિવસ વર્ષાઋતુ આવી ત્યારે તે બ્રાહ્મણે ઉત્તમ જમીનમાં શાલિ વાવ્યા ને ગાય પણ ગર્ભવંતી થઈ. થોડા દિવસમાં કોઈ મોટું પર્વ આવ્યું, જેથી શાલિનું ક્ષેત્ર અને ગાય પોતાના સોમદેવ નામના પુત્રને અને સોમશર્મા નામની પુત્રીને સોંપી, તેમની રક્ષાનું કાર્ય ભળાવીને ધનનો લાલચુ બ્રાહ્મણ નજીકના ગામોમાં પર્વણી (ભિક્ષા) માગવાને ગયો. જ્યારે તે બ્રાહ્મણ દૂર ગયો ત્યારે તે ગામમાં નાટકિયાનું એક ટોળું આવ્યું. તેમણે પોતાની કળાવડે નગરના જનોને પ્રસન્ન કરીને ઘણું ધન મેળવ્યું. અલ્પ સમયમાં તેઓને ઇચ્છા ઉપરાંત અધિક ધન મળેલું જોઇને સોમદેવને

વિચાર થયો કે: " અહો ! જગતમાં કળા એ એક જ શ્રેષ્ઠ વસ્તુ છે. લોકો પણ કેવા કળાપ્રિય છે કે અલ્પ સમયમાં આ નટોએ હજારો રૂપિયા બીજાનું દિલ ખુશ કરીને મેળવી લીધા. મારો પિતા બિચારો ભિક્ષાવૃત્તિ કરી–કરીને થાકી જાય છે, છતાં તેને પેટપૂરતું પણ મળતું નથી, તો ભિક્ષાવૃત્તિથી ક્ષુદ્ર આજીવિકાવાળી આ બ્રાહ્મણવૃત્તિને ધિક્કાર થાઓ ! હું પણ આ નટ–કળા શીખી આમની માફક દ્રવ્ય મેળવું, કેમકે લક્ષ્મી વગરનો માણસ તૃણથી પણ જગતમાં હલકો ગણાય છે. ઉચ્ચ જાતિમાં જન્મ થયો તેથી શું ? ધનવાન માણસ નીચ જાતિનો હોય તો પણ જગતમાં માન–સન્માન પામે છે. જગતમાં પણ સુગંધયુક્ત કમળ કાદવમાંથી ઉત્પન્ન થાય છે, છતાં તે સજ્જનોને માન્ય હોય છે. દેવતાઓની પૂજા પણ એ જ કમળોથી થાય છે. વિષ્ણુ કાળા હોય છે, છતાં પ્રભુતાને પામેલા છે. ચંદ્ર કલંકી છે, છતાં તે સર્વને વલ્લભ છે. એવી રીતે લક્ષ્મીવાન ગમે તેવો હોય તો પણ સર્વેને એ માનવા યોગ્ય હોય છે." એ પ્રમાણે સોમદેવ વિચાર કરીને પોતાના બ્રહ્મકુળની મહત્તા છોડી દઈને તે નાટકીઆઓ સાથે મળી ગયો. ધનના લોભે કરીને તેણે પોતાની જાત, કુળ, ગૌરવ–બધું છોડી દીધું ને નામ પણ બદલી નાખ્યું. ત્યારપછી જગતમાં ' મધુ ' એવા ઉપનામે સોમદેવ જાણીતો થયો.

સોમશર્મા યુવાન અવસ્થામાં કોઈના અંકુશ વગર પોતે એકાકી ઘરમાં હોવાથી તે કોઈ વંઠની કુસોબતમાં પડી ગઇ. તેની સાથે પ્યારમાં પડવાથી ક્ષેત્રની ને ગાયની રક્ષાનું કાર્ય તેણે છોડી દીધું. એની ગર્ભવતી ગાય ઘાસ–પાણી વગર મરણને શરણ થઇ ગઇ ને તેને બદલે આ સોમશર્મા યારની સોબતથી ગર્ભવંતી

થઇ. શાલિનું તૈયાર થયેલું ખેતર પણ નકામું થઈ ગયું ને નિંદવા યોગ્ય રોપાઓથી ભરાઈ ગયું. દીકરો નટ થઈ ગયો, ગર્ભવંતી દીકરી ચારની સાથે પલાયન કરી ગઈ.

કેટલાક દિવસ બાદ તે શિવ બ્રાહ્મણ થોડું એક ધન એકઠું કરીને ઘરની સંભાળ લેવાને આવ્યો, પણ તેણે ઘરે કોઈને જોયું નહિ. તેણે પોતાનું ઘર બધું તપાસ્યું ને કંઇ ન જોવાથી આશ્ચર્ય પામી પાડોશીને તેણે પૂછ્યું : “ ભાઈ ! આ બધું શું થઈ ગયું ? ”

પાડોશીએ તેની ઉપર કરુણા લાવીને સાદ્યંત સર્વ હકીકત કહી સંભળાવી. એક શ્લોકમાં જ તેને તેના ઘરનો બધો ભરમ સમજાવી દીધો.

**सोमदेवो नटो जातः, सोमशर्मा च गुर्विणी ।**
**शालि व प्रस्तृणैच्छन्नो, न प्रसूता च रोहिणी ॥ १ ॥**

“ સોમદેવ નટ થઇ ગયો, સોમશર્મા ગર્ભવતી બનીને ભાગી ગઈ, તારા શાલિ નકામા રોપાઓના ભરાવાથી કસ વગરના થયા ને રોહિણી ગાય પ્રસવ્યા વગર યમપુરીમાં વિદાય થઈ. ”

આ વૃત્તાંત સાંભળીને જન્મથી પોતાનું વૃત્તાંત સંભારતો તે બ્રાહ્મણ ઘરમાં રહેવાને અસમર્થ હોવાથી વનમાં જઇ પોકે-પોક મૂકીને રડ્યો. વૃક્ષોને પણ પોતાના દુઃખથી રડાવતો એ વિપ્ર હૃદયનો ઊભરો શમી જતાં કંઈક શાંત થયો, એટલામાં તેના ભાગ્યયોગે કોઇ કૃપાળુ મુનિ ત્યાં આવી ચડ્યા. તેમણે મ્લાન મુખવાળા અને દુઃખનું મંદિર એવા તે શિવવિપ્રને જોઇને પૂછ્યું: “ હે ભદ્ર ! તું બાળકની માફક કેમ રડે છે. ? ”

જવાબમાં બ્રાહ્મણે પોતાનું દુઃખપૂર્ણ વૃત્તાંત કહી સંભળાવ્યું,

એટલે મુનિ બોલ્યા: "હે ભદ્ર! રડ નહિ. ધીરજ ધર. કોની લક્ષ્મી? કોની પુત્રી? કોનું ઘર? એમ વિચાર કર. એ વસ્તુઓ આ જીવે ભવોભવ મેળવી અને છોડી છે. પોતાની દૃષ્ટિના ભ્રમથી–કાણાપણાથી આકાશમાં એક ચંદ્ર છતાં જેમ બે દેખાય છે તેમ મોહથી મુગ્ધ થયેલા જીવને સંસારમાં પણ તેવું જ દેખાય છે. તે સાચાને ખોટું માને છે; ખોટાને સાચું માને છે. જિનેશ્વર અને તેના ભક્તો વગર સર્વે પ્રાણીઓ એક સ્વાર્થમાં જ રક્ત હોય છે. મહિલા, પુત્ર, પુત્રી વિગેરેમાં જે પ્રેમનો સંકલ્પ છે, તે ધતુરાને કલ્પદ્રુમ માનીને તેની ઉપર પ્રેમ કરવા બરાબર છે. ભવાંતરમાં જતાં તે કોઇ જીવની સાથે જતાં નથી. આત્મા અનેક પ્રકારનાં કષ્ટ સહન કરીને લક્ષ્મી મેળવવાના અનેક પ્રપંચ કરે છે, છતાં લક્ષ્મી તો ભાગ્યને અનુસારે જ મળે છે. જીવ અલ્પ ધનનું રક્ષણ કરવાને માટે અનેક પ્રકારના સંકલ્પવિકલ્પ કરે છે, છતાં તે મળેલું ધન પણ જતું રહે છે અને કર્મ જ આગળ આવીને ઊભું રહે છે ત્યાં બુદ્ધિ બિચારી શું કરે? જો સાંભળ,

વિંધ્યાચળની અટવીમાં ગૌરવર્ણવાળો કોઇ હાથી તરુવરનાં સૂકાં પાંદડાંનું ભક્ષણ કરતો નિર્ભયપણે સુખમાં ફરતો હતો, પરન્તુ તેના કપોળમાંથી મદ ઝરતો હોવાથી તેની સુગંધથી આકર્ષાયેલા સેંકડો ભ્રમરાઓ સમુદ્રમાં પરપોટાની માફક તેની આસપાસ ગુંજારવ કરવા લાગ્યા. પ્રાતઃકાળમાં વનમાં ઇતર પશુપંખીઓએ તે હાથીને પોતાની સૂંઢ ઊંચી કરીને જાણે આકાશરૂપી તરુવર ઉપરથી તારાઓરૂપ ફૂલ ચૂંટતો હોય તેવો જોયો. તેના મસ્તકમાં અનેક મોતીઓ રહ્યાં હોવાથી જાણે કૃષ્ણનું

વાહન હોય એવો તે જણાયો. સ્થિર ઊભેલો હોવાથી શું આ તે ખીલેલું વૃક્ષ હશે કે વનલક્ષ્મીને ક્રીડા કરવાનો મહેલ હશે એવો તે લાગતો હતો. વનવાસી પંખીઓ તેને અનેક રીતે જોતાં હતાં. અન્યદા તે હાથી જેમ શ્રીમાન્ ક્રીડા કરવાને ઘરમાંથી બહાર નીકળે તેમ આડંબરથી ખેલવાને નદી તરફ જતો હતો. એવામાં બીજી બાજુએથી પશુઓને હણવાને માટે પોતાના ગામથી નીકળેલો કોઇ શિકારી ત્યાં આવ્યો. નદીમાં ખેલતાં એ હાથીને જોઇને તે શિકારી ખુશી થયો. તેણે તેની ઉપર નિશાન રાખીને એક બાણ તાક્યું. "આ ભદ્રજાતિના હાથીને મારવાથી મને મૌક્તિકનો લાભ અવશ્ય થશે. અહો ! આજે ભાગ્યયોગે જ લક્ષ્મી સ્વયમેવ મને વરવા આવી છે." એમ વિચારતાં વિષમિશ્રિત બાણ જેવામાં તેણે છોડયું તેટલામાં તેનો પગ જે જમીન ઉપર હતો તેની નીચે સર્પનું બિલ હતું, જેથી તેના ચરણવડે તેનું છિદ્ર બંધ થવાથી અંદર પવન જતો અટકયો ને સર્પ મૂંઝાયો, જેથી તે પવન લેવાની ઇચ્છાએ બિલમાંથી બહાર નીકળ્યો અને તેના ચરણને દંશ દીધો. તેના દંશથી શિકારીએ પગ ઉપાડી લીધો ને સર્પ બહાર નીકળ્યો. ઝેર ચડવાથી પર્વતની માફક એ શિકારી સર્પની ઉપર જ તૂટી પડ્યો, તેથી એ સર્પ પણ ત્યાં જ ચગદાયો. સર્પે ડસેલો એ વ્યાધ પણ મોતની ગડભાંગ કરતો ત્યાં જ હંમેશને માટે પડી રહ્યો ને ઝેરમિશ્રિત છૂટેલા બાણે હાથીને ત્યાં જ વીંધી નાંખ્યો ને લક્ષ્મી તો મરેલા હાથીના મસ્તકમાં જ પડી રહી. આ દૃશ્ય ત્યાંથી જતા કોઈ વિદ્યાધરે જોયું. તે આશ્ચર્યથી મસ્તક ધુણાવવા લાગ્યો ને નીચે પ્રમાણે દૂષણ આપતો બોલ્યો કેઃ

**अभूद्भिस्य हृद्यन्य-दुहृन्यस्यान्यत्पुनर्हृदि ।**
**अहेश्चाऽन्यद्विधिस्त्वन्य-दुर्दैव ! चक्रे तदस्य धिक् ॥१॥**

"હે વિધિ ! હાથીના હૃદયમાં શું હતું ? શિકારીએ શું વિચાર કર્યો હતો ? સાપે શું ધાર્યું હતું ? છતાં એ ત્રણેથી વિરુદ્ધ તેં તારું જ ધાર્યું કર્યું, એકેનો મનોરથ તેં પૂરો થવા દીધો નહિ, તારો જ કક્કો ખરો કર્યો. તારી એ ચેષ્ટાને ધિક્કાર છે !

હાથીનું આ વૃત્તાંત સાંભળીને હે સૌમ્ય ! તું ધર્મને વિષે બુદ્ધિ ધારણ કર. જગતનું આવું ક્ષણિક સ્વરૂપ જાણતાં છતાં હે ભાઇ ! તું શા માટે દુઃખી થાય છે ?"

લક્ષ્મી અને સ્ત્રીથી પરાઙ્મુખ થયેલો શિવ બ્રાહ્મણ મુનિના ઉપદેશથી વૈરાગ્ય પામીને ચારિત્ર ગ્રહણ કરી શિવસુખને પામ્યો.

[ દૃષ્ટિરાગ પરત્વે ]

# (૫) વિજયપાળ રાજાની કથા

પુરીમતાલપુર નગરીમાં પૂર્વે વિજયપાલ નામે રાજા હતો. એક દિવસ તે રાજા રયવાડીએ ફરવા નીકળ્યો. નગરમાં ફરતાં એક શેઠની પુત્રી પદ્માવતીને ઝરૂખામાં ઊભેલી જોઈ. રૂપમાં રંભા સમાન તેણીનું અનાઘ્રાત યૌવનનું લાલિત્ય જોઈને રાજા કામવિહ્વળ થયો—આસક્ત થયો. રાજમહેલમાં જઈને તે શેઠ પાસે કન્યાનું માગું કરીને તેને પરણ્યો. પછી રાજા નવી રાણી પદ્માવતી સાથે એવો તો આસક્ત થયો કે રાતદિવસ અંતઃપુરમાં જ તે તેણીની સાથે પડી રહેવા લાગ્યો ને રાજસભામાં આવવું પણ બંધ કરી દીધું. પદ્માવતી સાથે વિષયસુખ ભોગવતાં કેટલોક કાળ વ્યતિક્રમ્યા બાદ એક દિવસ ભાગ્યયોગે તીવ્ર શૂળના રોગવડે પદ્માવતી મરણ પામી. મરણ પામેલી નિશ્ચેષ્ટ એવી પદ્માવતીને જોઈ રાજા ઘેલો થયો. રાણીના વિયોગથી તે અંતરમાં વિરહના તાપથી અત્યંત દુઃખ અનુભવવા લાગ્યો. મોહે તેને એટલો બધો મૂંઝવ્યો કે પદ્માવતીના શબને અગ્નિસંસ્કાર પણ ન કરવા દે. મંત્રીએ તેને ઘણો સમજાવ્યો, પણ મોહવડે મુંઝાયેલા પ્રાણીઓ હિતવચન સાંભળતાં નથી. મંત્રીએ કહ્યું: " મહારાજ ! રાણી તો મરી ગઈ છે, આ તો જીવ વગરનું તેનું ખાલી ખોખું આપની પાસે પડેલું છે. "

" તારાં માબાપ મરશે, તારા પુત્ર અને સ્ત્રી મરશે, મારી

રાણી તો જીવે છે. તે સમય આવે બોલશે." રાજાએ મોહ-મુગ્ધ થઈને મંત્રીને કહ્યું.

"સત્ય છે મહારાજ! એ રાણી આપનાથી રીસાઈ ગઈ છે; માટે આપની ઇચ્છા હોય તો હું મનાવું-બોલાવું?"

પ્રધાનનાં વચન સાંભળી રાજા ખુશી થઇ બોલ્યો: "ઘણી ખુશીથી."

"તો આપ અહીંથી દૂર થાઓ. રાણી સ્વયં બોલાવે એટલે આવજો. ત્યાં સુધી આપ એકાંતમાં રહેજો."

પ્રધાનનાં વચન સાંભળીને રાજા "બહુ સારું" એમ કહીને અંદર ચાલ્યો ગયો.

એ રીતે રાજાને છેતરીને પ્રધાને એ રાણીના મૃતકનો અગ્નિસંસ્કાર કરાવ્યો અને રાજાને કહ્યું: "મહારાજ! એ તો તમારાથી રીસાઈને સ્વર્ગમાં જતી રહી."

આ સાંભળી રાજા અતિ દુઃખી થયો અને નિયમ લીધો કે "જયાં સુધી રાણીને ન જોઉં ત્યાંસુધી ભોજન ન કરું."

એમ કરતાં દશ દિવસ વહી ગયા, પણ પદ્માવતીનાં દર્શન થયાં નહિ. મંત્રીએ વિચાર્યું કે 'મોહમુગ્ધ રાજા આમ ને આમ મરી જશે, માટે કાંઈ બુદ્ધિગમ્ય ઉપાય તો કરવો જોઇએ.' પછી તેણે એક યુક્તિ ગોતી કાઢી.

રાજા પાસે એક વિપ્ર વધામણી લઇને આવ્યો: "મહારાજ! પદ્માવતી સ્વર્ગમાં છે, તે અનેક પ્રકારનાં સુખ ભોગવે છે ને ત્યાંથી તે થોડા દિવસમાં આપની પાસે આવશે. આપ ચિંતા

કરશો નહિ; પણ આપ તેના પર કાગળ લખી આપો. ” વિપ્રનાં આવાં દુર્લભ વચન સાંભળીને રાજા હર્ષિત થયો. પ્રધાનને કહી તેની આગતાસ્વાગતા કરાવી, ભાવતાં ભોજન જમાડી, દાન–દક્ષિણા દઇને કાગળ લખી આપી વિપ્રને વિદાય કર્યો. એવી રીતે યુક્તિપૂર્વક સમજાવીને મંત્રીએ રાજાને ભોજન કરાવ્યું.

વળી કેટલેક દિવસે તે વિપ્ર, મંત્રીએ પ્રેર્યો સતો ફરીને રાજા પાસે આવ્યો. અનેક પ્રકારનાં નારંગી, દાડમ, દ્રાક્ષ વગેરે ઉત્તમ સ્વાદવાળાં ફળ રાજાની આગળ ભેટ ધર્યાં અને કહ્યું: “ મહારાજ ! રાણીએ આપને આ મધુર સ્વાદવાળાં ફળ ભેટ મોકલ્યાં છે. ઘણા–ઘણા પ્રેમપૂર્વક આપને બોલાવ્યા છે ને આપના સમાચાર પૂછયા છે.” વિપ્રનાં વચન સાંભળીને રાજા અધિક ખુશી થયો અને તેને અલંકાર વગેરે આપીને અધિક સત્કાર કરી વિદાય કર્યો. નગરમાં આ વાત પ્રસરી ગઇ, જેથી એક ધૂર્ત્ત પુરુષે રાજાની મૂર્ખતાનો લાભ લેવા વિચાર કર્યો. એક બનાવટી કાગળ લઇને રાજસભામાં આવી તે ધૂર્ત્તે કાગળ રાજાના હાથમાં મૂકયો. રાજાએ ખોલીને જોયો ને ખુશી થયો. “ અહા ! કાગળ તો રાણીએ લખેલો છે. પ્રધાનજી ! વાંચો જોઇએ. એમાં શું લખ્યું છે ? ” મંત્રી ધૂર્ત્ત માણસની કુટિલતા ઉપર ચીડાતો કાગળ વાંચવા લાગ્યો.

શ્રી. શ્રી. શ્રી.

પ્રાણપ્રિય પ્રાણનાથ !

સવિનય જણાવવાનું જે આપની દાસી હું નિરંતર આપનું સ્મરણ કર્યા કરું છું. મારા દિવસો આપના વિરહે યુગસમા જાય છે. આપની પાસે આવવાને ઘણું દિલ થાય છે, કિંતુ સાહેલીઓ મને ક્ષણમાત્ર પણ વીલી મૂકતી નથી. તમે કોટી-

ગમે દ્રવ્ય મોકલજો. તે ધન કરજમાં આપીને અમે તરત તમારી પાસે આવશું એમ નિશ્ચય માનજો.

લી૦ આપના ચરણની દાસી પદ્માવતી

તરત જ રાજાએ પ્રધાનને હુકમ કર્યો કે "એને દ્રવ્ય આપો અને રાણીને પહેરવાને ઉત્તમ આભૂષણ, કંચુઓ, ચિર વગેરે વસ્ત્ર એની સાથે મોકલી આપો."

"જેવો આપનો હુકમ." મંત્રીએ કહ્યું. પછી વિપ્ર તરફ ફરીને પૂછ્યું કે: "ભટ્ટજી! રાણીને મળવાને આપ કયા રસ્તે જશો?"

"જે માર્ગે પહેલાંનો વિપ્ર ગયો તે માર્ગે આ ભટ્ટજીને પણ મોકલો." વચમાં રાજાજીએ જ તોડ કાઢ્યો.

" પહેલાંનો વિપ્ર તો અગ્નિમાં પડીને સ્વર્ગે ગયો હતો મહારાજ. ભટ્ટજી! તમે પણ તે જ રસ્તે જાઓ." પછી મંત્રી ભટ્ટજીને લઇને નગર બહાર આવ્યા. ત્યાં ચિતા ખડકાવીને તેમાં અગ્નિ સળગાવી ભટ્ટજીને તેમાં નાખવા માંડ્યો. તેણે ઘણા કાલાવાલા કર્યા, છૂટવાને ફાંફાં માર્યાં, પણ વ્યર્થ. પ્રધાને તે ધૂર્ત્તને અગ્નિમાં પ્રવેશ કરાવ્યો અને કહ્યું કેઃ "ભટ્ટજી! સ્વર્ગમાંથી રાણીનો સંદેશો લઇને વહેલા આવજો."

કેટલેક દિવસે રાજાએ આગ્રહપૂર્વક મંત્રીને પદ્માવતીને લાવી આપવાને કહ્યું. નગરમાં શોધ કરતાં 'પદ્મા' નામની વેશ્યા નવીન યૌવનનાં વધામણાંને આમંત્રણ દેતી રૂપમાં અપ્સરા સમાન મંત્રીના જોવામાં આવી. તેને સર્વ હકીકત સમજાવીને ઉદ્યાનમાં રાખી. પછી રાજાને મંત્રીએ વધામણી આપી કે "રાણીજી પધાર્યાં છે ને તે બહારના ઉદ્યાનમાં છે."

પ્રધાનનાં વચન સાંભળીને રાજા હાથી ઉપર બેસી પૂર્ણ ઠાઠમાઠપૂર્વક રાણીને તેડવાને નગર બહાર ઉદ્યાનમાં આવ્યો. ત્યાંથી રાણીને લઇને તે નગરમાં ફરતો ફરતો રાજદરબારે આવીને ઊતર્યો. રાણીને જોઇ રાજા હરખાયો. આકૃતિમાં જરા ફરક હતો, પણ એના લાંબા દિવસના વિરહકાળમાં આકૃતિ ફરી જવાનો સંભવ હતો. રાજાએ રાણીને સ્વર્ગની વાતો પૂછવા માંડી, એટલે જેમ મંત્રીએ શીખવ્યું હતું તેમ તેણીએ કહેવા માંડયું. તે પણ ચતુર હતી. વેશ્યાજાતિમાંથી તે રાજરાણીનું માન પામી હતી. વળી બુદ્ધિમાં પણ અધિક હતી, જેથી રાજાને સમજાવવો તે તો તેને મન એક માત્ર રમત હતી. જો કે મંત્રીએ તેણીને પ્રથમથી જ સર્વ પાઠ ભણાવી રાખ્યા હતા, છતાં પોતાની બુદ્ધિ-ચતુરાઈથી તેમાં રસ ભેળવીને રાજાની આગળ તેણે સ્વર્ગ-વૈભવો વર્ણવવા માંડ્યા અને અલ્પ સમયમાં પદ્મા-વેશ્યાએ રાજાનું દિલ પોતાં પ્રત્યે ખેંચી લીધું. એવી રીતે ‘ પદ્મા ’ ‘ પદ્માવતી ’ થઈ. રાજા તો એમ જ સમજ્યો કે મારી પદ્માવતી મારાથી રીસાઈને સ્વર્ગમાં ચાલી ગઇ હતી તે પાછી મને આવીને મળી છે. રાણી મનાણી એટલે મારી આપદા ટળી. એવી રીતે એ મોહમુગ્ધ થયેલો રાજા પદ્માવતીનું મરણ સમજી શક્યો નહિ અને પદ્માવતીનાં મરણ પછી પદ્માને પદ્માવતી માનીને ઘણો કાળ તેની સાથે વિષયસુખ ભોગવ્યું. મરણ પછી તીવ્ર મોહના ઉદયે તે રાજા ઘણો સંસાર પરિભ્રમણ કરશે. એવી રીતે મોહમાં મુગ્ધ થયેલા પ્રાણીઓ સંસારમાં મુંઝાયા છતાં ધર્મને આચરી શકતાં નથી, માટે હે ભવ્યજનો ! એ મોહનિદ્રા દૂર કરીને ધર્મને આરાધો અને સંસાર-સમુદ્રથી પાર પામો.

[ વિષય-પરિત્યાગ અને પરોપકાર વિષે ]

# (૬) શ્રી ગુણવર્માની કથા

અનેક રત્નો, હીરા, માણેક, સુવર્ણ જ્યાં ભરપૂર છે એવી હસ્તિનાપુરી નામની નગરી કુરુદેશના આભૂષણરૂપ શોભી રહી છે. તે નગરમાં દ્રઢધર્મા નામે રાજા અને તેની નામ પ્રમાણેના જ ગુણવાળી ચંદ્રાનના નામે રાણી હતી, જેનું રૂપ જોતાં જોતાં સંતોષ નહિ પામવાથી દેવબાળાઓ નિર્નિમેષલોચની થઈ ગઈ હતી તે રાણીને સિંહસ્વપ્નથી સૂચિત મહાપરાક્રમવાળો **ગુણવર્મા** નામે પુત્ર થયો. ઉદય પામતાં સૂર્યની પ્રભા જેમ જગત ઉપર પોતાનો પ્રભાવ પાડે છે તેમ બાળક છતાં પણ ગુણવર્મા શત્રુઓનાં હૃદયભુવનોને કંપાવનારો થયો. બાળકપણામાં પણ તેનામાં એવા ગુણો હતા કે જેથી લોકો તેનો સહવાસ છોડી શકતા નહિ. યોગ્ય ઉમ્મરનો થતાં પિતાએ તેને ઉપાધ્યાય પાસે કળા શીખવાને મૂકયો. અલ્પ સમયમાં તે સઘળી વિદ્યાનું અદ્વિતીય સ્થાન થઇ પડ્યો. અભ્યાસ કરતાં રાજપુત્રને સાગરસમા ગંભીર મંત્રીપુત્ર '**સાગર**'ની સાથે દોસ્તી થઇ. બન્ને વિદ્યામાં, ગુણમાં, વયમાં સમાન હતા, બુદ્ધિશાળી હતા, એક બીજાને મદદ કરનારા હતા. તેઓ બંને અનુક્રમે સકળ વિદ્યાના પારગામી થયા.

એક દિવસ રાજકુમાર રાજસભામાં બેઠો બેઠો વાર્તાલાપ કરતો હતો ચંચળ ચપળાક્ષીઓનાં ચિત્તને હરણ કરનારું તેનું યૌવન જોઇને રાજા તેને માટે યોગ્ય કન્યાની તપાસનો વિચાર કરતો હતો, એવામાં પ્રતિહારીએ સભામાં આવીને રાજાના

ચરણમાં નમીને અરજ કરી કે: " શ્રીપુરનગરમાં શ્રીષેણુ રાજા છે, તેનો મંત્રી આપની પાસે આવવાને ઇચ્છતો દ્વાર આગળ ઊભો છે, તો આપનો શું હુકમ છે ? "

" તેમને સન્માન સહિત અંદર તેડી લાવ. " રાજાએ હુકમ કર્યો.

મંત્રી તેને અંદર તેડી લાવ્યો. રાજાને નમસ્કાર કરીને તે મંત્રી ઊભો રહ્યો, એટલે નજીકમાં આસન રખાવ્યું હતું તે ઉપર તેને બેસાડયો. એકબીજાના કુશળવર્તમાન પૂછ્યા પછી મંત્રીએ કહ્યું: ' મહારાજ ! અમારા સ્વામી શ્રીષેણુરાજાને કનકવતી નામે કનકના જેવી કાંતિવાળી કન્યા છે. સ્ત્રીની ચોસઠ કળામાં નિપુણ, વિદ્યાથી પરિપૂર્ણ, અલંકાર વગર પણ ગુણાલંકારથી શોભાયમાન એવી તેણીને યૌવનાવસ્થામાં આવેલી જોઈ અમારા સ્વામી તેને માટે યોગ્ય વરની ચિંતામાં પડયા. ' અરે ! આ રૂપરત્નની ખાણ અને ગુણલક્ષ્મીની મંજૂષા જેવી મારી પુત્રીનો સ્વામી કોણ થશે ? ' એમ વિચારી તેમણે મંત્રીને પૂછ્યું કે: ' પ્રધાનજી ! પદ્મિની જેમ સૂર્યને વરી છે તેમ મારી પુત્રીને યોગ્ય વર કોણ થશે ? '

' હે નાથ ! જગતમાં ઘણી ય કન્યાઓ છે, પણ આવી સ્વરૂપવાન કન્યા તો મેં ક્યાંય જોઈ નથી. વિધિએ તેને આવું રૂપ, સૌભાગ્ય, કળા આદિ આપ્યું છે, તો તેને માટે યોગ્ય વર પણ તે જ વિધિએ નીમ્યો હશે. કન્યાને અમુક વર સાથે પરણાવવા કરતાં તો એને માટે સ્વયંવરમંડપ રચાવો કે જેથી તેનું પુણ્ય પોતાને યોગ્ય વર શોધી લેશે. ' રાજાએ સ્વામીભક્ત મંત્રીનું

વચન માન્ય કર્યું; કેમ કે રાજાનાં ખરાં નેત્રો તો પ્રધાન જ હોય છે, બાકી અંગનાં નેત્રો તો માત્ર શરીરશોભાને માટે જ છે.

રાજાએ શિલ્પીઓને બોલાવી એક મનોહર સ્વયંવરમંડપ બંધાવ્યો. એ મંડપના ચિત્રામણમાં નાચ કરતી વારાંગનાઓને જોઇ પ્રેક્ષકનાં ચક્ષુ પોતાનું ચાપલ્ય છોડી દઇને સ્થિર થઇ જાય છે. મથાળે ફરકતી સુંદર ધ્વજાઓથી આવતા જતા મુસાફરોનો પરિશ્રમ તેને જોવા માત્રથી દૂર થઇ જાય છે. સ્તંભોમાં કરેલી ચિત્રવિચિત્ર રચનાનાં પ્રતિબિંબ નીચે સ્ફટિક ભૂમિ ઉપર પડવાથી ચિત્ર વિના પણ તે ભૂમિ ચિત્રવાળી થઇ જાય છે. નીચેની જમીન સ્ફટિક રત્નથી જડી લીધેલી હોવાથી દૂરથી સરોવરના પાણીની સપાટી માફક શોભે છે. સ્વયંવરમંડપમાં રાજા અને રાજપુત્રોને બેસવાને યોગ્ય સુંદર માંચાઓ ગોઠવવામાં આવ્યા છે. મંડપની ચારે દિશાએ ચાર દરવાજા કરાવ્યા છે. એવી રીતે રાજાએ મંડપની તૈયારી કરીને ચારે દિશાએ દેશ–પરદેશના રાજા અને રાજકુમારોને બોલાવવાને માટે દૂતોને મોકલ્યા છે અને આપને પુત્ર સહિત આમંત્રણ કરવાને માટે મને મોકલ્યો છે, તેથી પ્રસન્ન થઇને આપ જલદી મારી સાથે ચાલો. આપના ચરણો– વડે અમારું નગર પાવન કરો.”

પ્રધાનનું એ કથન સાંભળીને રાજા વિચારમાં પડ્યો કે “હું હવે વૃદ્ધ થયો છું, જેથી મારે તો વ્રતમાં જ રક્ત રહીને આત્મસાધન કરવું જોઇએ, તેને બદલે પાણિગ્રહણ કરવું અથવા તો એવા મંડપમાં બેસવું એ શું મને યોગ્ય છે?” એમ વિચારી રાજા પોતાની જરાવસ્થા અને મંત્રીનું કથન સાંભળીને વળી મનમાં વિચારવા લાગ્યો કે “હવે એ સુંદરી

તો ગુણવર્માને જ યોગ્ય છે અને મારે તો એકાંતમાં આત્મ-સાધન કરવું તે જ શ્રેયસ્કર છે.” એમ ચિંતવી પ્રધાનનો સત્કાર કરીને પરિવારયુક્ત પોતાના પુત્ર ગુણવર્માને તેની સાથે શુભ મુહૂર્ત્તે મોકલ્યો. અનુક્રમે પ્રયાણ કરતાં શ્રીષેણરાજાની સરહદમાં તેઓ આવ્યા, ત્યારે રાજા પોતે જ તેના ગુણથી આકર્ષાઈને તેની સામે આવ્યો અને તેને યોગ્ય ઉતારો આપી તેનું સન્માન કર્યું. એવી રીતે જે જે રાજાઓ પોતાના દેશથી આવતા ગયા તેમને જુદા જુદા ઉતારામાં ઉતાર્યા.

હવે સ્વયંવરનો દિવસ નજીક આવતો હોવાથી સ્વહિતની અભિલાષી રાજકન્યા કનકવતી વિચારવા લાગી કે: “સારું ખોટું જાણવામાં અસમર્થ એવા મારા પિતાએ મારી ઉપરની અતિ કૃપાદૃષ્ટિથી સ્વયંવરમંડપ રચાવ્યો. માણસની પ્રગટ પરીક્ષા કરવાને સંપૂર્ણ સાધનો છતાં પિતા પોતાને માથેથી ભાર ઉતારી મને સોંપે છે. વળી તેઓ સર્વ વાત જાણતા છતાં રાજાઓના અંતરના ગુણદોષ જાણી ન શકયા, તો હું ઘરના ખૂણામાં રહીને તેમના ગુણદોષને કેમ જાણી શકીશ? કેમકે મલ્લપુરુષો જેમ વિજયલક્ષ્મીને ઇચ્છતા યુદ્ધમાં મલ્લ તરીકે ઝળકી નીકળે છે તેમ સર્વે રાજાઓ અને રાજકુમારો ઉત્તમ વસ્ત્રાભૂષણો સજીને તે સમયે તો પોતાનું વાગ્ચાતુર્ય બતાવવા ભાટ ચારણો પાસે પોતાની કીર્તિનાં યશોગાન કરાવશે. એવી સ્થિતિમાં હું તેમના ગુણદોષની પરીક્ષા કેવી રીતે કરીશ? ને પરીક્ષા કર્યા વગર જો મને કદાચ કોઈ ખરાબ વર મળ્યો તો પિતાનો આ સર્વ પરિશ્રમ–દ્રવ્યવ્યય નિષ્ફળ જશે ને મારા ભાગ્યમાં તો આટઆટલો ખર્ચ કરવા છતાં હમેશનું દુ:ખ જ રહેશે; કેમકે કન્યાને જો વર સારો ન મળ્યો તો તેનો આખો

જન્મારો વ્યર્થ ગયો જાણવો; તેથી આજ રાત્રે એ સર્વે રાજાઓની પ્રચ્છન્નપણે મારે તપાસ કરવી—તેમના ગુણદોષની ખાત્રી કરવી."

પછી તે જ રાત્રિએ કુમારી પોતાની એક વૃદ્ધા સખીની સાથે પુરુષનો વેશ ધારણ કરીને ભ્રમરીની માફક દરેક રાજાના ઉતારાઓમાં ભમવા લાગી. જેમ જેમ રાજાઓનાં એકાંતમાં થતાં આચરણો તે જોતી ગઇ તેમ તેમ તે પોતાની સખીને જણાવતી ગઈ કેઃ "સખી ! જો, જો, આ રાજા અલ્પબુદ્ધિવાળો છતાં પોતાની વાક્કળા બતાવવાને કેવો આડંબર કરે છે ? જુઓ, આ રાજા મદ્ય પીનારની માફક અલ્પ કળાવાળો છતાં અભિમાનમાં જ ઉન્મત્ત થઇ ગયો છે. આ ત્રીજો સર્પની માફક ક્રોધાયમાન થયો છે, તેથી તેની આગળ નોકરો બિચારા આજીજી કરીને ક્ષમા માગે છે, છતાં પણ તે શાંત થતો નથી. આ ચોથો રાજા પોતાના માણસો સાથે કેમ સંભાષણ કરવું તે પણ ગામડીઆ ગમારની માફક સમજતો નથી." એ પ્રમાણે સર્વે રાજાઓના દોષો પોતાની સખીને સંભળાવતી કાંઇક ખિન્ન થયેલી કુમારિકા ગુણવર્માના મંદિરમાં—ઉતારામાં આવી. મિત્રોની સાથે સ્નેહથી વાર્તાલાપ કરતો, તત્ત્વજ્ઞ પુરુષોનાં સુધાસમા વચનો પ્રીતિથી ગ્રહણ કરતો એને કનકવતીએ નિહાળ્યો. એ છટા, એ ગૌરવ, એ પાટવતા, એ ચપળ કમળાક્ષીઓનાં નેત્રને હરણ કરનારું રૂપ તથા યૌવન જોઈને કન્યાએ મુગ્ધભાવથી માથું ધુણાવ્યું. જાણે પૃથ્વીનો બીજો ઇંદ્ર હોય એવા અદ્‌ભુત ગુણવાળા ગુણવર્માને જોઇ બાળાનું ચિત્ત એનામાં જ સ્થિરભાવ પામ્યું. સર્વ ઠેકાણે ભ્રમણ કરવાથી ખેદયુક્ત થયેલું તેનું ચિત્ત ત્યાં શાંતિ પામ્યું. જેમ ગ્રીષ્મઋતુના તાપથી તપેલાને શીતળ છાયામાં શાંતિ થાય તેમ કુમારને જોવાથી તેનું હૃદય પ્રસન્ન થયું. પછી પોતાના

ચિત્તને ગુણવર્માના ચરણમાં મૂકીને તેના પ્રાત સ્નેહવાળી કુમારી ફક્ત શરીરને લઇને જ સખી સાથે પોતાના આવાસ-મંદિરમાં આવી અને પોતાની એ સહચરીને હૃદય જેવો હાર અને સંદેશો આપીને કુમાર પાસે મોકલી. કોઇ અજાણી દાસી પોતાને મળવા આવે છે એમ જાણી આશ્ચર્ય પામતા કુમારે પોતાના સ્વજનોને દૂર કરીને એકાંતમાં તેણીને મળવાને બોલાવી. તેના આગમનનો હેતુ પૂછ્યો. તેના જવાબમાં વૃદ્ધાએ જણાવ્યું કે: " કુમાંર ! મારી રાજકુમારી કનકવતીએ તમારી પરીક્ષા કરીને આ હાર મોકલવાના મિષે તમને વરવાનો નિશ્ચય કર્યો છે. પ્રભાતમાં વરમાળા આપના કંઠમાં આરોપાશે, તેની ખાત્રીને માટે આ હાર આપના કંઠમાં એ બાળા અત્યારે જ અર્પણ કરે છે, પણ હે વિજ્ઞ ! તે પહેલાં તેની એક વિનંતિ તમારે સ્વીકારવી પડશે. "

અમૃતથી પણ અધિક મીઠાશવાળાં એ મધુર વચનોનું શ્રવણ કરતો–પાન કરતો કુમાર બોલ્યો: " તે વિનંતિ શું છે ? "

" તે એ જ કે આપણો વિવાહ થયા પછી કેટલાક દિવસ પર્યંત હું બ્રહ્મચર્ય પાળીશ; છતાં આપે મારા ઉપર મંદ સ્નેહવાળા થવું નહિ. આવા અપૂર્વ સ્નેહ, ક્રીડા કરવા યોગ્ય સમાન નવીન તારુણ્ય તથા પ્રાર્થના છતાં આમ શા માટે કરવું ? એવું જાણવાની તમારી આકાંક્ષાને પણ હું તરતમાં પૂર્ણ કરીશ નહિ, પરન્તુ સમય આવતાં તમે તમારી મેળે તે જાણી શકશો. " આ પ્રમાણેનું તે ધાવમાતાનું વચન સાંભળીને કુમાર બોલ્યો: " એ જીવિતેશ્વરીનું વચન હું ક્યારે પણ લોપીશ નહિ. " એમ કહીને તે વૃદ્ધાને વિશ્વાસ પમાડ્યો.

કુમારનાં વચન સાંભળી સ્વસ્થ થયેલી દાસીએ કનકવતીના હૃદયસમો એ હાર કુમારને પ્રેમની પ્રથમ નિશાની તરીકે અર્પણ કર્યો અને વધામણી દેવાને તેણી પોતાને સ્થાને ચાલી ગઈ. રાજકુમારીને એ હર્ષદાયક સંદેશો કહી સંભળાવ્યો; તેથી તેણીનું હૈયું પણ બહુ પ્રસન્ન થયું. એ શ્વેત અને શાંતિ કરનારો મુક્તાફળનો હાર રાજકન્યાના વિયોગે કુમારે તત્ક્ષણ હૃદય ઉપર ધારણ કર્યો, જે તેના વિરહાનળના તાપનો નાશ કરનારો થયો.

પ્રાતઃકાળે સૂર્યોદય થયા પછી સર્વે રાજાઓ અને રાજકુમારો સર્વોત્તમ વસ્ત્રાલંકારોમાં સજ્જ થઈને સ્વયંવરમંડપમાં આવ્યા. તેમને પોતપોતાને યોગ્ય ગોઠવેલા માંચાઓ ઉપર બેસાડ્યા. જ્યારે ગુણવર્મા કુમાર સજ્જ થઈને મંડપમાં આવ્યો ત્યારે તેને જોઈને સર્વે રાજાઓ નિરાશ થઇ ગયા. કનકવતીને પ્રાપ્ત કરવાના તેમના હવાઈ વિચારો હવામાં મળી ગયા.

એટલામાં સ્નાન કરીને જેના અંગે ચંદનનું વિલેપન કર્યું છે એવી અને સર્વાંગે અલંકારોને ધારણ કરેલી કનકવતી પાલખીમાં બેસીને વાજીંત્રોના નાદ સાથે આવતી નજરે પડી. સર્વે રાજાઓનું ધ્યાન તેના તરફ આકર્ષાયું. એક સખી વરમાળા લઇને પાલખીની આગળ ચાલતી હતી. પાછળ સ્ત્રીઓ મધુરાં મંગળ ગીતો ગાઇ રહી હતી. પાલખીમાંથી ઊતરીને તે કુંવરી સ્વયંવરમંડપમાં આવી કે સર્વે રાજાઓ એને જોઈને વિચારમાં પડી ગયા કે: "અહો ! શું આ તે લક્ષ્મી કે સરસ્વતી ? રંભા કે રતિ ? નાગકુમારી કે વિદ્યાધરી ? આ કોણ હશે ? આ રાજબાળાને જોવા માત્રથી પણ આટલે દૂર આવવાનો આપણો પરિશ્રમ સફળ થયો છે."

સર્વે રાજાઓના ચરિત્રોને જાણનારી એક વૃદ્ધા પ્રતિહારી રાજકુમારીને લઇને દરેક રાજાઓને ઓળખાવતી સ્વયંવર-મંડપમાં આગળ ચાલી અને બોલી: "કુમારી! રૂપ, યૌવન અને લક્ષ્મીથી ગર્વિત થયેલા, કામદેવને જીતનારા સર્વે રાજાઓ તને મેળવવાની આશાએ આવ્યા છે, તો એમાંથી તારે લાયક એકને તું તેમના ગુણો જાણીને શોધી લે. જો આ માલવદેશનો મહાશાલ નામનો રાજા, જેના તાપથી તપેલા શત્રુરાજાઓ વનમાં જઈને રહ્યા છે અને જે સેવા કરનારાઓને કલ્પવૃક્ષ સમાન છે. વેલ જેમ વૃક્ષની સાથે વીંટાઈ રહે છે તેમ તારી વરમાળ પણ તું તેના કંઠમાં આરોપણ કર."

"જો એ માલવેશ હતો તો બેલની માફક સર્વે રાજાઓની આગળ કેમ બેઠો?" કનકવતી કન્યાનું વચન સાંભળીને વૃદ્ધા આગળ ચાલી અને બોલી: "જો, જેણે પોતાના પ્રબળ પરાક્રમ-વડે સર્વે રાજાઓનાં મસ્તક નમાવ્યાં છે એવા આ સિંહ સમાન અંગાધીશ સિંહનરેશને હે વત્સે! તમે વરો."

"એ સિંહની પાસે તો સિંહણ શોભે ને હું તો બળ વિનાની અબળા. કહો, મારો ને એનો મેળ કેમ મળે?" કુમા-રીનું તેવું વચન સાંભળીને દાસી આગળ ચાલી.

"જો આ મગધાધિપતિ મહાબલ રાજા, જેની કીર્તિ ભાટ–ચારણો રાતદિવસ ગાયા જ કરે છે અને જેણે પોતાના અદ્વિતીય ઐશ્વર્યવડે પરોપકારદષ્ટિથી લોકોનાં ગૃહ પણ ધનધાન્યથી ભરીને રાજગૃહ જેવાં કરી મૂકયાં છે. એવી અતુલ્ય સંપદાના સ્વામીને પ્રાપ્ત કરીને તું સુખી થા."

"એ વૃદ્ધ મારે તાત સમાન પ્રણામ કરવાને યોગ્ય છે." તેમ

સાંભળીને પ્રતિહારિણી આગળ ચાલી ને બોલી: “ સકળ કળાનો નિધાન આ કાશી દેશનો વીરસેન રાજા. ખરેખર તે તારે વરવાને યોગ્ય છે. પંડિત અને દેવતાઓને પણ વલ્લભ એવી આ રાજાની કીર્તિરૂપી ગંગા શંખની માફક શ્વેત વર્ણવાળી થઈને સમુદ્ર પર્યંત પહોંચી ગઈ છે, એવા આ રાજાને તારી વરમાળા આરોપ.”

“ હે માત ! એ દેહે તો શ્યામ છે, છતાં તેની કીર્તિ ઉજ્જવળ કેમ થઇ વારુ ? પ્રાય: કરીને જે શરીરે શ્યામ વર્ણવાળો હોય તે હૃદયનો પણ તેવો જ હોય છે.” કુંવરીનું ધીમેથી આવું વચન સાંભળીને દાસી આગળ ચાલી ને બોલી--“ જો, આ સૌરાષ્ટ્ર દેશનો સૂર રાજા, જેને ભંડારીની માફક સમુદ્ર નિરંતર સંપદાઓ અર્પણ કરે છે અને દુર્ભવ્યને અયોગ્ય એવા શત્રુંજય અને ગિરનાર પર્વતો જેના રાજ્યમાં સ્થિરતા કરીને રહ્યા છે. તું પણ આવા પતિની સાથે સુખે સુખે તીર્થોને નમી શકીશ.”

“ અરે મા ! એ સૌરાષ્ટ્રવાસીને રાત્રિની નિદ્રા ક્યાંથી આવતી હશે કે જ્યાં નજીકમાં જ સમુદ્રની ભયંકર ગર્જનાઓ ગાજી રહેતી હોય ? ”

એવી રીતે દાસીએ સર્વે રાજાઓનાં વર્ણન કર્યાં, છતાં કુમારીના ધ્યાનમાં એક પણ રાજા આવ્યો નહિ. તેનું મન પણ કોઈમાં લોભાણું નહિ, જેથી રાજાને—તેના પિતાને ખેદ થયો. અનુક્રમે દાસી ગુણવર્મા કુમાર પાસે આવીને બોલી: “ વત્સે ! જો રૂપ અને ગુણનો ભંડાર આ ગુણવર્મા કુમાર. દૃઢવર્મા રાજાના કુળરૂપી ગગનમંડળમાં સુધાકર સમાન, મીઠી અમૃતમય વાણી બોલનાર, કળાઓને ક્રીડા કરવાનું સ્થાન એવા આ કુમારને તારી વરમાળ અર્પણ કર. બાળવય છતાં વૈરીઓનાં હૃદયો જેણે

ખળભળાવ્યાં છે, તેમની સ્ત્રીઓને રોવરાવી છે અને વિધાતાએ જેનું હૃદય વિશાળ બનાવ્યું છે એવા, બુદ્ધિના નિધાન, વળી વિનયાદિક અનેક ગુણોવડે શોભતા આ ગુણવર્માકુમારને, રોહિણી જેમ ચંદ્રને વરે તેમ, તારી વરમાળા પહેરાવીને વર ! ” પ્રતિહારિણીના સાકર સમાં મધુર વચનો સાંભળીને રાજકન્યા ખુશી થઈ, અને હર્ષાશ્રુ મૂકતી, લોચનોને વારંવાર વિકસ્વર કરતી તેણે સ્વયમેવ તેની પાસે જઇને તેના કંઠમાં વરમાળા નાખી. તે સમયે આકાશગમન કરનારા વિદ્યાધરોએ આ દૃશ્ય જોઈને ‘ સારું થયું, સારું થયું ’ એમ બોલતાં તે યુગલ ઉપર પુષ્પની વૃષ્ટિ કરી.

આ યોગ્ય જોડાના મેળાપથી ત્યાં આવેલું સર્વે રાજમંડળ પ્રસન્ન થયું, જેથી જાનૈયા તરીકે સર્વે રાજાઓ આ યુગલના લગ્નમહોત્સવમાં સામેલ થયા ને મહાન્ મહોત્સવપૂર્વક શ્રીષેણ રાજાએ પોતાની પુત્રીનું પાણિગ્રહણ કરાવ્યું. કન્યાદાનમાં તે રાજાએ જે જે ઉત્તમ વસ્તુઓ હતી તે સર્વ—ગજ, અશ્વ, સુવર્ણ ને રત્નાદિક કુમારને આપ્યું; તેમ જ આ મહોત્સવ નિમિત્તે કેટલાક દીનજનોની દીનતા પણ દૂર કરવામાં આવી.

સ્વયંવરમંડપમાં આવેલા સર્વે રાજા અને રાજકુમારોને લગ્નક્રિયા સમાપ્ત થઇ ગયા પછી તેમનો સત્કાર કરીને શ્રીષેણભૂપે પોતપોતાને વતન તરફ વિદાય કરી દીધા. ગુણવર્મા કુમાર રાજાના—સસરાના આગ્રહથી કેટલોક સમય ત્યાં રહ્યો. તેને એકાંત મહેલ, તેમ જ સર્વે સામગ્રી રાજાએ આપી. કનકવતી સાથે વાર્તાવિનોદ કરતાં તે પોતાનો કાળ સુખમાં વ્યતીત કરતો હતો, પરન્તુ કેટલાક દિવસ પછી પિતાને મળવાની ઇચ્છાથી કુમારે સસરા પાસે રજા માગી. પોતાની પ્રાણાધિક પુત્રીનો વિયોગ

થશે એમ જાણીને રાજારાણીને અધિક દુઃખ થયું; છતાં પણ દીકરી તો સાસરે જ શોભે, એમ સમજીને કનકવતીને સાસરે વળાવવાની તેઓ તૈયારી કરવા લાગ્યા.

જેમ વણિક રત્નાદ્રિથી મણિરત્નોને મેળવે તેમ પ્રિયાને મેળવીને કુમાર પરિવાર સાથે પોતાના વતન તરફ જવાને નીકળ્યો. રાજારાણી કેટલેક સુધી વળાવવાને સાથે ગયાં. છેવટે છૂટાં પડવાનો સમય આવ્યો ત્યારે માતાપિતાએ રડતાં રડતાં પુત્રીને શિખામણ આપી. રોતી પુત્રીને ખોળામાં બેસાડી તાતે તેણીને ધીરજ આપી: “ દીકરી ! તું અમારી આજ્ઞાપાળક છે, સુગુરુની શિષ્યા છે, જેથી અમારે તને કાંઇ શિખામણરૂપે કહેવું એ જો કે નિરર્થક છે, છતાં પણ હવે તું પિતૃગૃહ તજીને સાસરે જાય છે એ ખાસ ધ્યાનમાં રાખજે. માતાપિતાની માફક સાસુ-સસરા તથા વૃદ્ધ-વડીલજનોની સેવા કરજે. પતિ ઘેર આવે ત્યારે ઊભા થઇને તેને આસન આપવું, તેના શયન પછી સૂવું, વડીલજનોની ઉચિત મર્યાદા સાચવવી, તેના જાગ્યા પહેલાં જાગૃત થવું, તે જો પ્રસન્ન થાય તો પણ એ રહેમનો દુરુપ-યોગ ન કરવો, નોકરચાકરનો તિરસ્કાર ન કરવો, પોતાના પતિ સિવાય અન્ય પુરુષો સાથે કામપૂરતું જ બોલવું, કાર્ય વગર પારકે મંદિરે જવું નહીં, વળી સાસુની સેવા કરવી, પતિ ઉપર ભક્તિ રાખવી, કુટુંબીવર્ગ-સગાસંબંધી પ્રસન્ન રહે એમ વર્તવું, સ્વામીના મિત્રો તરફ પ્રીતિ રાખવી.” ઇત્યાદિક શિખામણ આપીને માતાપિતા પોતાના પરિવાર સાથે રડતે હૈયે પાછાં ફર્યાં અને ગુણવર્માકુમાર પ્રિયા સાથે પોતાના સૈન્ય સહિત હસ્તિનાપુર તરફ પ્રયાણ કરી ગયા.

× × ×

ગુણવર્મા અનુક્રમે હસ્તિનાપુર નગરને સીમાડે આવી પહોંચ્યો. તે વખતે ચર માણસોદ્વારા રાજાને પોતાના પુત્રના આગમનની જાણ થતાં ચંદ્રિકાને જોઈને જેમ સાગર ખળભળે–ઉલ્લાસ પામે તેમ એનું હૃદય પ્રસન્ન થયું ને કોટિજનો સાથે મોટા મહોત્સવપૂર્વક પિતાપુત્ર ભેટ્યા. ઘણા પુરુષો અને સ્ત્રીઓ પોતાના એ બાળરાજાને જોવાને ઊલટભેર ત્યાં આવ્યા હતા તે જગતમાં આ અદ્વિતીય યુગલને જોઇને મુક્તકંઠે તેમની પ્રશંસા કરવા લાગ્યા. સ્ત્રીઓ આવો સૌભાગ્યવાન સ્વામી મળવાથી કન્યાની પ્રશંસા કરવા લાગી. પુરુષો કુમારના વખાણ કરવા લાગ્યા કે: 'કેવી અદ્દભૂત કન્યા મળી ?' કોઇએ વિધિની લીલાને વખાણી કે "વાહ ! શું એણે પોતાની અદ્દભુત કળા જગતને બતાવી છે !"

એવી રીતે પ્રશંસા કરતા લોકો કુમાર સહિત નગરમાં આવ્યા. રાજાએ એ નિમિત્તે મોટો પ્રવેશમહોત્સવ કર્યો. પ્રજાજનો એ મહોત્સવમાં ભાગ લઇને પોતપોતાને ઘેર ગયા. પિતા સહિત કુમાર રાજમંદિરમાં ગયો. રાજાએ પુત્રને સર્વ સામગ્રીથી ભરેલું બીજું રમ્ય મંદિર આપ્યું. ત્યાં એ નવીન યુગલ રહેવા ગયું. ત્યાં સુખમાં રહેતાં એ યુગલ એક બીજામાં પ્રીતિવાળાં હતાં, પણ કુમાર પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે પ્રિયાના વ્રતને દૂષણ લગાડતો નહીં. તેઓ દિવસે પોતાના વ્રતને દોષ ન લાગે તેવી ક્રીડા કરતાં હતાં, કિંતુ રાત્રિના સમયે એ પરસ્ત્રી હોય એમ સમજીને કુમાર હમેશાં એનાથી દૂર જ રહેતો–એના મંદિરમાં પણ પ્રવેશ કરતો નહીં. કેટલાક દિવસ તે પ્રમાણે વહી ગયા.

એક દિવસ સૂર્યોદય થયા પછી કુમાર કનકવતી સાથે ગોષ્ઠીવિનોદ કરવાને આવ્યો ને વિનોદમાં ને વિનોદમાં મધ્યાહ્ન

સમય થયો; એટલે ત્યાં જ સ્થાન કરીને જિનેશ્વરને પૂજી જેટલામાં કુમાર ભોજન કરવાના તૈયારી કરે છે એટલામાં એક યોગી ત્યાં આવ્યો. એ યોગીએ શરીર ઉપર રાખ ચોળી હતી, એના હાથમાં દંડ ને કમંડળ હતું. દીપડાના ચર્મને વસ્ત્ર માફક ઓઢીને જાણે પ્રેતનો નાનો ભાઈ હોય એવો ભયંકર જણાતો તે યોગી કુમાર પાસે સહસા આવીને કહેવા લાગ્યો: " કુમાર! મારા ગુરુ ભૈરવાચાર્ય અહીં નજીકના વનમાં તમને યાદ કરે છે. શા માટે યાદ કરે છે એ તો હું પણ જાણતો નથી. " એમ કહીને તે પાછો ફર્યો, એટલામાં કુમારે તેની પાછળ જઇને કહ્યું કે–" તમારા ગુરુવર્યને કહેજો કે કાલે પ્રભાતમાં હું જરૂર આવીશ. " યોગી કુમારનો પ્રત્યુત્તર સાંભળી સંતોષ પામીને ચાલ્યો ગયો.

આ બાજુ કુમાર વિચારમાં પડ્યો: " એ ભૈરવાચાર્ય તે કોણ? શા માટે મને બોલાવતા હશે? એને ને મારે તો કાંઇ સંબંધ નથી. " ઇત્યાદિક વિચારમાં કુમારે રાત્રિ વ્યતીત કરી. બીજા દિવસની પ્રભાતનો સહસ્રાંશુ ઉદય પામ્યો, મંગળપાઠકો મંગળ ગીતો બોલવા લાગ્યા ત્યારે મધુરાં વાજીંત્રોના સુસ્વરોએ કુમારને જાગૃત કર્યો. પછી પ્રભાતનું પોતાનું આવશ્યક કર્મ પૂર્ણ કરીને વસ્ત્રાભૂષણ સજી કુમાર ભૈરવાચાર્યની પાસે વનમાં ગયો. અગ્નિ સમીપ તપ્ત સુવર્ણ જેવી જટા મસ્તકે ધારણ કરેલા, પદ્માસને બેઠેલા અને જપમાળાથી જપ જપવામાં જ એકાગ્ર ચિત્તવાળા ભૈરવાચાર્યને કુમારે સરળ બુદ્ધિથી નમન કર્યું. ભૈરવાચાર્યે કુમારને આશીષ આપીને પોતાનું વ્યાઘ્રચર્મ બેસવાને માટે આપ્યું. કુમારે એનું નિવારણ કર્યું કે " આપના પૂજ્ય આસનને હું યોગ્ય નથી. " એમ કહેતો કુમાર પોતાના સેવકે

બિછાવેલા ઉત્તરાસન ઉપર અંજલિ જોડીને બેઠો ને બોલ્યોઃ "પ્રભો! મારે યોગ્ય જે કાંઇ કાર્ય હોય તે ફરમાવો."

યોગીએ તેની પ્રશંસા કરતાં કહ્યું કે "તારું અપૂર્વ શૌર્ય, ગૌરવ, આચાર, વિચાર—એ સર્વે તારી મુખચેષ્ટા ઉપરથી જણાઈ આવે છે. તારી ભૂષણુથી અલંકૃત બન્ને ભુજાઓ શત્રુઓને વજ્રદંડ જેવી કઠોર છે અને સજ્જનોને પદ્મનાળ સરખી ઉપકારક છે. જગતમાં પોતાના સ્વાર્થને તિલાંજલિ આપીને જે એક પરોપકારમાં જ રસિક છે એવા પુરુષોને ધન્ય છે, તે જ ઉત્તમ છે. પોતાનો સ્વાર્થ સાધનારા મધ્યમ કહેવાય છે, અધમ પુરુષો બીજાને સ્વાર્થ સિદ્ધ કરવા દેતા નથી, તેમ જ પોતાનો સ્વાર્થ પણ સિદ્ધ કરી શકતા નથી. શું ધન કે શું યશ વા પુણ્ય—એ સર્વ ઉપકારરૂપી તરુવરનાં ફળ છે. સોનું તપાવ્યા છતાં જગત ઉપર ઉપકાર કરનારું થાય છે, મોતી વિંધાયું છતાં કલ્યાણકારી થાય છે, ચંદનને જેમ જેમ કાપવામાં આવે તેમ તેમ પોતાની સુગંધ વિસ્તારે છે, રસને મર્દન કરવામાં આવે ત્યારે જ તે કિંમતી થાય છે, સમુદ્રનું મંથન કરવામાં આવે તો જ રત્ન ઉત્પન્ન થાય છે એમ સજ્જન પુરુષોને બીજાનો ઉપકાર કરવા જતાં કષ્ટ પ્રાપ્ત થાય છે, છતાં તે અન્ય ઉપર ઉપકાર અવશ્ય કરે છે."

"ગુરુ! આપ મારી ખોટી પ્રશંસા ન કરો અને જે કાર્ય હોય તે ત્વરાથી ફરમાવો કે જે વડે આપની સેવા બજાવીને હું મારો જન્મ કૃતાર્થ કરું." કુમારે કહ્યું.

"હે સૌમ્ય! સાંભળ. મને ગુરુમહારાજે એક મંત્ર આપેલો છે, જેને સિદ્ધ કરતાં આજકાલ કરતાં આઠ આઠ વર્ષ વ્યતીત થઇ ગયાં છે. હવે એને સિદ્ધ કરવાની ચૌદશની તિથિ નજીક આવી છે.

તે દિવસે રાત્રિના એની શેષ ક્રિયાની પૂર્ણાહુતિ થવાની છે, પરંતુ તે સમયે એક ઉત્તમ ઉત્તરસાધકની જરૂર પડશે. મને જોઈએ તેવો ઉત્તરસાધક પૃથ્વી ઉપર કોઈ સ્થાને મારા ધ્યાનમાં આવ્યો નહિ. આજે તને સત્ત્વવાનને જોઈને, જેમ સૂર્યને જોઇને કમલ ખીલે તેમ, મારું મન પ્રફુલ્લિત થયું છે, તેથી હે વીર! તું મારો ઉત્તરસાધક થા, જેથી મને મંત્રસિદ્ધિ થાય અને તારી કીર્તિ નવે ખંડમાં ફેલાય."

"આપ કહો ત્યારે ચૌદશે આવીને આપની સેવામાં હાજર થાઉં. વધારે પ્રશંસાથી હવે સર્યું." કુમારે કહ્યું.

"આ આવતી અંધારી ચૌદશે પ્રહર રાત્રિ વીત્યે ત્રણ શિષ્યોને લઇને હું શ્મશાનમાં જઈશ, તમારે પણ ત્યાં આવવું." યોગીએ કહ્યું. યોગીનું એ પ્રમાણેનું વચન અંગીકાર કરીને કુમાર પોતાના પરિવાર સાથે પોતાને સ્થાને ગયો.

હવે ચૌદશનો દિવસ આવ્યો ત્યારે પોતાના પિતાને કહ્યા વગર, મિત્રોને પણ ન પૂછતાં કુમાર એકલો ચાલી નીકળ્યો અને સ્મશાનમાં આવ્યો. શસ્ત્રોમાં ફક્ત એક ખડ્ગ જ તેણે વસ્ત્રમાં છુપાવ્યું હતું. ત્યાં ભૂત, પ્રેત આદિ અનેક ચેષ્ટા કરી રહ્યાં હતાં. રાત્રિ એ તો એમને મન સ્વર્ગનું રાજ્ય હોય છે. તેઓ રાત્રિના સમયે ક્રીડા કરવાને નીકળે છે. મૃત મનુષ્યનાં મસ્તકનો તેઓ દડો કરે છે ને તેના ધડનો દંડ તરીકે ઉપયોગ કરે છે, એવા ભયંકર ભૂતાવળની ચેષ્ટાથી નહિ ડરતો કાળી રાત્રિથી ભયંકર ભાસતી સ્મશાનભૂમિમાં ગુણવર્મા બેધડક ચાલ્યો આવ્યો. ગુરુએ એને જોઇને હર્ષથી વધાવી લીધો: "આવ ! આવ ! વત્સ !" કુમાર ગુરુની પાસે આવ્યો એટલે તેણે તેને કહ્યું: "હું હોમ કરવા બેસું છું ને મારા શિષ્યો મને તે કાર્યમાં મદદ કરવા આવ્યા છે; પણ તેઓ

રાંકડા હોવાથી તારી સહાય વગર ટકી રહેશે નહિ, માટે કુમાર ! તું ખડ્ગ ખેંચીને હું હોમ કરું એ સમયે સાવધ રહેજે.”

“હું રક્ષક છતાં આપે લેશ માત્ર દિલમાં આશંકા ધરવી નહિ. બેધડક આપનું કાર્ય આપ ચાલુ કરો. ગરુડ જો આપણને આધીન હોય તો પછી ભુજંગનો ભય શું રાખવો ?” એમ કહી કુમાર ઉત્તર દિશામાં ખડ્ગ ખેંચીને ઊભો રહ્યો. બીજા ત્રણ શિષ્યો ત્રણ દિશાઓને સંભાળતા રક્ષણ કરવા ઊભા રહ્યા. પછી યોગીએ એક મંડળ કરીને એમાં એક મૃતક ગોઠવી તેના મુખને ફાડી તેમાં કુંડની માફક અગ્નિ સળગાવ્યો.

પ્રગટ એવા મંત્રનો ઉચ્ચાર કરતો યોગી એ અગ્નિકુંડમાં કણેરનાં ફૂલ અને ગુગળની ગોળી હોમવા લાગ્યો, પણ એટલામાં શાકિની, ડાકિની કે ભૂત–પ્રેતના ભયંકર આકારો ત્યાં પ્રગટ થવાથી એ ગુરુશિષ્યોની હિંમત આગળ ચાલી નહિ. બ્રહ્માંડને ફાડી નાખે એવો ભયંકર ધડાકો યોગીની આગળ જ અચાનક થયો અને જમીન ફાડીને બિલમાંથી જેમ ભયંકર સર્પ બહાર નીકળે તેમ એક મોટો ભયંકર વૈતાલ બહાર નીકળી આવ્યો. બળતી જ્વાળા સરખા એને મસ્તકે કેશ હતા અને બિલાડીના સરખા ચપળ નેત્રવાળો, અગ્નિજ્વાળા સરખી ભયંકર મુખમાંથી વરાળો કાઢતો, ભાંગેલા ઘડાના જેવા ગાલવાળો, તાડ જેવી લાંબી ભુજાવાળો, ઊંટના સરખા સ્કંધવાળો અને ખાંડણીઆ સરખા પગવાળો તે હતો. એવા વૈતાલના ભયંકર દેખાવથી કુમાર સિવાયના ત્રણે શિષ્યો અને ગુરુ ચૂપ થઈ ગયા. બિલાડીને જોતાં જે સ્થિતિ મૂષકોની થાય છે તેવી સ્થિતિ તેમની થઇ ગઇ. એ ક્રૂર વૈતાલ પોતાનો મુદ્ગર ઊંચકીને યોગીને

ધમકાવવા લાગ્યો: " રે દુષ્ટ ! કોની શક્તિથી મારી ભૂમિમાં તું મંત્ર સાધે છે ? બોલ, મને આરાધ્યા વગર તારો મંત્રસિદ્ધિ કેમ થશે ? પરવાનગી વગર પરભૂમિમાં આવવાથી કૂતરાની માફક તું અપમાન પામીશ." એનાં ત્રાસદાયક વચનોથી યોગી ક્ષોભ પામ્યો, એટલે કુમાર પોતાની તલવાર ખેંચીને એની તરફ દોડ્યો અને બોલ્યો: " અરે વૈતાલ ! એ યોગી-રાજ મારી શક્તિથી મંત્ર સાધે છે. તારા આ વાંસના ફાટવાથી થતા શબ્દોની જેવા ક્રૂર વચનોથી હું ડરવાનો નથી. જો તું સરખે સરખા સાથે યુદ્ધ કરવા ચાહતો હોય તો આમ મારી સામે આવ. એક ભિક્ષાવૃત્તિ કરનારા યોગીને જીતવાથી તારો યશ શું ફેલાશે ? જો, મારું આ ખડ્ગ તારો નાશ કરવા સમર્થ છે."

કુંવરનાં એવાં વચન સાંભળીને વૈતાલ બોલ્યો: " અરે બાળક ! તારી સાથે મારે શું બળ બતાવવું ? બીજાને માટે તું કષ્ટમાં ન પડતાં, રાજપાટ ભોગવીને તારો મનુષ્યજન્મ સફળ કર."

" હે વૈતાલ ! તું બાળક જાણીને મારી ઉપેક્ષા ન કર. નાનું સરખું સિંહનું બાળક શું પ્રૌઢ એવા હાથીઓનાં મસ્તકોને નથી ફાડતું ? નાનો સરખો દીપકનો પ્રકાશ વિશાળ એવા અંધકારને નથી દૂર કરતો ? સ્વલ્પ માત્ર વજ્ર મોટા પર્વતને શું નથી તોડતું ? માટે નાના મોટાનો તફાવત શું કામનો છે ? જગતમાં સત્ત્વ એ જ એક મુખ્ય છે. જે પારકાનો સ્વાર્થ તે જ મારો સ્વાર્થ. સજ્જન પુરુષોને એથી અધિક બીજો શું સ્વાર્થ હોય ? કેમકે જગતમાં પરજનોના ઉપકાર વગર મેઘને બીજો શું સ્વાર્થ છે ? એમ મહાપુરુષોનો પુરુષાર્થ અનાથોનું રક્ષણ કરવામાં જ સફળ થાય છે. બીજાનો ઉપકાર થાય અને પોતાને

પુણ્ય પ્રાપ્ત થાય-યશ પ્રાપ્ત થાય એથી અધિક બીજું કયું ફળ હોય ? ” કુમારની એ પ્રમાણેની વાણી સાંભળીને વિસ્મય પામેલો એ ક્રૂર વૈતાલ નટની માફક પોતાના ભયંકર વેશનો ત્યાગ કરીને દિવ્ય રૂપ ધારણ કરતો મધુર સ્વરે બોલ્યો: “ હે ધીર! તારા સત્ત્વથી હું પ્રસન્ન થયો છું; માટે કંઇક વર માગ. ”

“ હે દેવ! જો તમે પ્રસન્ન થયા હો તો આ યોગીનું ઇચ્છિત સફળ કરો. ” કુમારે એ દિવ્ય વેશધારી દેવને કહ્યું.

“ કુમાર! એની મંત્રસિદ્ધિ તો સિદ્ધ થઇ જ છે એમ સમજ, પણ તું મારી પાસેથી કાંઈક માગ; કેમકે દેવદર્શન અમોઘ હોય છે. ” દેવતાએ કહ્યું.

“ જો એમ છે તો આપ જ્ઞાનથી મને કહો કે મારી પ્રિયા યૌવનવાળી ને મારી ઉપર સ્નેહવાળી છતાં કયા કારણે તે શિયળ પાળે છે? ”

દેવતાએ અવધિજ્ઞાનથી તેનું સ્વરૂપ જાણી કુમારને કહ્યું: “ કુમાર! પ્રભાતનો સમય થવા આવ્યો છે અને દિવસે દેવતાઓ પ્રાયઃ કવચિત્ જ દેખાવ દે છે. વળી તને કહેવાની વાત ઘણી લાંબી છે, માટે આ અંજન લે. તેના પ્રભાવથી તું અદૃશ્ય રહીને તારી પ્રિયાની પાછળ નજર રાખતાં સર્વ હકીકત જાણી શકીશ. ” પછી દેવ અંજન આપીને તરત જ અદૃશ્ય થઇ ગયો. અંજનની પ્રાપ્તિથી કૃતકૃત્ય થયેલો કુમાર યોગી પાસે આવીને નમ્યો. યોગીએ આશીષ આપી કહ્યું કે: “ વત્સ! તારી શક્તિથી આજ આઠ વર્ષે મારો મંત્ર સફળ થયો. હું તારા ઉપકારમાંથી ક્યારે પણ અનૃણી થઇ શકું તેમ નથી; તો કહે તારું હું શું પ્રિય કરું? તને શું આપું? ”

ચોગીનાં વચન સાંભળીને કુમાર બોલ્યો: “ તમારી કૃપા-નજર અમારા ઉપર હોય તો બસ છે ! તમારી કૃપાથી બીજું શું વધારે જોઇએ ? ” એમ બોલતો કુમાર પોતાને ઘેર ગયો અને ચોગી પણ શિષ્યોની સાથે પોતાના સ્થાનકે ગયો.

થોડીક રાત્રિ બાકી હોવાથી કુમાર પોતાના મહેલમાં આવી સૂતો સૂતો આજની રાત્રિની અદ્ભુત બાબતોનો વિચાર કરવા લાગ્યો. તે સાથે પ્રિયાનું ચારિત્ર પણ એને કૈંક ભેદ–ભરમવાળું જણાયું. “ જે થયું તે સર્વે સારું જ થયું. હવે એ અંજન આંજવાવડે અદૃશ્યપણે હું પ્રિયાનું ગુહ્ય ચરિત્ર શોધી કાઢીશ. ખરું રહસ્ય શું છે એ તપાસ કરીને એનો અંત લાવીશ. ” એમ વિચાર કરતાં પ્રભાત થયું.

× × ×

પ્રભાતસમય થવાથી કુમારે જાગીને પ્રાભાતિક આવશ્યક ક્રિયા કર્યા પછી તે કનકવતીના આવાસ તરફ જવાને નીકળ્યો. હંમેશના નિયમ પ્રમાણે તેની સાથે વાતચીત કરીને તેણે તેનું મન રંજન કર્યું. પોતે ચોગી પાસે ગયો હતો અને શું કાર્ય કર્યું હતું તેની ગંધ સરખી પણ કોઇને તેણે જણાવી નહોતી, જાણવા પણ દીધી નહોતી. અનુક્રમે ગોષ્ઠી કરતાં તેમને જોવાને જ આવ્યો હોય તેમ સૂર્ય માથા ઉપર આવ્યો–મધ્યાહ્ન સમય થયો, જેથી કુમાર પોતાને ઘેર આવ્યો. સ્નાન કરી જમીને પછી સાંજ પડવાની રાહ જોવા લાગ્યો.

પ્રિયા આમ યૌવનવયમાં બ્રહ્મચર્ય કેમ પાળે છે ? તે જાણ-વાને તે અતિ આતુર હતો; પરન્તુ તે પ્રિયાને પૂછી શકે તેમ નહોતું; તેમ જ પ્રિયા વગર તેનો ખુલાસો બીજો કોઈ કરી શકે તેમ પણ નહોતું. આ તો સૂડી વચ્ચે સોપારી જેવી સ્થિતિ

હતી; પણ યોગીનો ઉપકાર કરવા જતાં દેવતાએ પ્રસન્ન થઇને જે અંજન આપ્યું હતું તેનો ઉપયોગ કરી નિશા સમયે અદૃશ્ય રહીને પ્રિયાનું વૃત્તાંત જાણવાને તે અધીરો થઇ રહ્યો હતો; છતાં તેટલો સમય પસાર કરવાને તે મિત્રોની સાથે ચપળ ચિત્તે ગોષ્ઠિ કરવા લાગ્યો.

પહોર રાત્રિ વીતી ગઇ ત્યારે મિત્રોને વિસર્જન કરીને પ્રિયાની માયા જોવાને આંખમાં અંજન આંજીને સિદ્ધની માફક અદૃશ્યપણે તે પ્રિયાના મકાનમાં ગયો, તો પહોર રાત્રિ વીતેલી છતાં પ્રિયાને નિદ્રા વગરની તેમ જ દીપકની માફક પ્રકાશ કરતી દીઠી: "અહા ! હજી પણ તે કેમ જાગતી હશે ?" એમ વિચારતાં કુમારે કનકવતીને બોલતી સાંભળી કે "સખી ! કેટલી રાત ગઇ હશે ?"

આકાશ તરફ જોતી દાસી બોલી. "હે વિચક્ષણે ! સમય થવા આવ્યો છે, માટે ત્યાં જવાને વસ્ત્રાલંકાર સજીને તૈયાર થાઓ."

પછી સ્નાન કરી, ઉત્તમ વસ્ત્રાલંકાર ધારણ કરીને, સેંથો પૂરી, કુંકુમનું તિલક કરી જાણે નવોઢા પત્ની પ્રિયતમને રીઝવવા જતી હોય તેમ તૈયાર થઇ ગઇ. આવી ચેષ્ટા જોઇને કુમારને કામ અને ક્રોધ સમકાળે ઉત્પન્ન થયા ને તે મૂંઝાયો. "અહો આ શું ? કયા આશક પાસે જવાની આ તૈયારીઓ કરી રહી છે ? મહાસતી જાણી મેં તેનું પાણિગ્રહણ કર્યું, તેનું વચન સરળ સ્વભાવે માન્ય રાખ્યું, તેનું આ ફળ ? ખરેખર સ્ત્રીઓ તો દોષની ખાણ જ છે. એની માયાનો પાર કોણ પામી શકે ? દોષરૂપ અંધકારવાળી એવી સ્ત્રીજાતિને ધિક્કાર થાઓ કે જેઓ પોતાના પતિ સાથે પણ વિશ્વાસ પમાડીને ઠગાઈ ચલાવે છે. તેની આવી ચેષ્ટા જોતાં એ શિયળવાળી છે એમ કેમ મનાય ? એ

પોતે મનગમતી મજા ભોગવે અને હું એને ભરોસે બ્રહ્મચર્ય પાળું. જેમ સરિતા હમેશાં નીચગામી છે એવી જ નારીની સ્થિતિ છે; માટે આ તલવારથી જ એને કાપી નાખું કે જેથી એના વિશ્વાસઘાતનું ફળ તે પામે; અથવા તો એને એકલીને મારવાથી શું ? એના યારને પણ પરરમણીનો સ્વાદ ચખાડવો; માટે પ્રથમ નિર્ણય થવા દઉં એ આશક કોણ છે ?" એ પ્રમાણે વિચાર કરીને ઉત્પન્ન થયેલા કોપને એણે સમાવ્યો. એટલામાં ચંદ્રશાળા આગળ એક વિમાન ખડખડાટ કરતું આવીને ખડું થયું અને પોતાનું આગમન ધ્વજા ફફડાવવાવડે કરીને બતાવવા લાગ્યું. તે વિમાનને જોઇને કનકવતી સખીની સાથે તેના પાસે ગઈ ને બન્ને જણા વિમાનમાં બેઠા. કુમાર પણ અદૃશ્ય-પણે વિમાનમાં ચડી બેઠો. તરત જ વિમાન આકાશમાર્ગે ઊડ્યું.

"શું આ તે સ્વર્ગમાં જાય છે કે વૈતાઢ્ય ઉપર જાય છે ?" ઇત્યાદિક અનેક સંકલ્પવિકલ્પ ગુણવર્મા કુમારને થયા. વિમાન તો સડસડાટ કરતું આકાશમાર્ગમાં ઉત્તરદિશાને રસ્તે ચાલ્યું.

ઉત્તર દિશામાં એક મોટું રમણીય સરોવર હતું. તેની નજીકમાં નંદનવનસમું આનંદજનક એક સુંદર ઉદ્યાન હતું. આકાશમાર્ગે ગમન કરતું વિમાન ત્યાં આવીને નીચે ઊતરી ઉદ્યાનમાં આવ્યું. સખી અને કનકવતી વિમાનમાંથી નીચે ઊત-રીને ઉદ્યાનમાં ચાલ્યાં. કુમાર પણ તેની પછવાડે ચાલ્યો. ત્યાં આગળ જતાં રત્નોના પ્રકાશથી શોભાયમાન એવું એક જિન-ભુવન તેમના જોવામાં આવ્યું, જે જિનમંદિરમાં દેવતાઓ અને વિદ્યાધરો પણ પોતાના આત્માનો ઉદ્ધાર કરવાને આવતા હતા. ચંદ્રની ચાંદની માફક આનંદ આપનારું એવું મંદિર જોઇ ભગ-

વંતની પ્રતિમાને નમવાને તે બાળા ભુવનના રંગમંડપમાં આવી, તો તેની પહેલાં ત્યાં ત્રણ કન્યાઓ આવી હતી. એ ચારે કન્યાઓ જિનેશ્વરને નમીને બહાર જ્યાં વિદ્યાધરનો રાજા બેઠો હતો ત્યાં આવી નમન કરીને ઊભી રહી અને એ મહાબલ વિદ્યાધરેશને પોતાનું આવાગમન નિવેદન કર્યું. તે પછી વિદ્યાધરેશે રાત્રિએ સ્નાન કરીને શુદ્ધ થઇ પોતાના પરિવાર સાથે જિનેશ્વરનું અષ્ટપ્રકારે સ્નાત્ર પૂજન વિગેરે કર્યું.

રાત્રિએ શાસ્ત્રમાં જિનપૂજાનો નિષેધ કરેલો છે, છતાં આ સ્વેચ્છાચારી વિદ્યાધરેશે પોતાની મરજીથી નીતિનું-શાસ્ત્રનું ઉલ્લંઘન કરીને રાત્રિએ જિનેશ્વરનો પૂજનવિધિ કર્યો. તે પછી નૃત્યનો સમય થતાં એ ચારે બાળાઓ તરફ જોઇને પૂછયું કે: " નૃત્ય કરવાનો કોનો વારો છે ? "

પેલી ત્રણ કન્યાઓએ આંગળી ચીંધી ગુણવર્માની પત્ની કનકવતીને બતાવી કે " આનો વારો છે. " પછી તરત જ એ વિદ્યાધરપતિ મહાબળની આજ્ઞા થઈ અને કનકવતીએ નાચ શરૂ કર્યો.

આ મહાબળ રાજા પોતાના વિદ્યાના બળથી આવી રીતે મનુષ્યોની ઉત્તમોત્તમ કન્યાઓને ઉપાડી જતો અને તેમની પાસે જબરાઇથી રાત્રિને સમયે અહીં નાટક કરાવતો હતો. પોતાનાં વિમાન મોકલી એવી રીતે તે ઘણી કુમારિકાઓને બોલાવતો હતો; એટલું જ નહિ પરંતુ પરણેલી સ્ત્રીઓને પોતાના પતિ પાસે નહિ જવા દેતાં બળાત્કારે બ્રહ્મચર્ય પળાવતો અને પોતાની પાસે રાત્રિને સમયે બોલાવતો. કનકવતીને પણ એક દિવસે રાતના ગોખમાં બેઠેલી જોઈને એના પિતાના ઘેરથી એ વિદ્યાધરે ઉપાડી હતી અને રોજ નાટક કરાવીને તેને પાછી

મૂકી જતો હતો. વળી પરણ્યા પછી તેની પરવાનગી મળે તો જ તે તેના પતિને મળી શકે એવી ફરજ પાડી હતી. એવી રીતે કનકવતી પણ આ અધમ વિદ્યાધરના સકંજામાં સપડાઈ ગઇ હતી.

કનકવતી નાચતી હતી, બીજી ત્રણમાંથી એક તાલ દેતી હતી, બીજી વીણા વગાડતી હતી ને ત્રીજી ઊભી ઊભી વેણુ બજાવતી હતી. તેમનાં નૃત્ય ને ગીતગાનથી મહાબળ વિદ્યાધર-પતિ પોતાને ઈંદ્રતુલ્ય સુખી માનતો આનંદથી મસ્તક ધુણાવવા લાગ્યો. ત્યારે કુમાર પોતાની પત્નીને આવી રીતે નાયકીણીની માફક નચાવતો દેખી ક્રોધથી ધમધમવા લાગ્યો. “ અહો ! મનુષ્યોની મધ્યમાં હું જ વિડંબિત છું–દુઃખી છું કે મારી પ્રાણપ્રિયા–અર્ધાંગનાને એણે નાચનારી વેશ્યા બનાવી. જેનું મુખ જોવાને કુરુદેશના રાજાઓ પણ સમર્થ થયા નથી, એને આ વિદ્યાથી ઉન્મત્ત થયેલો અધમ વિદ્યાધર સર્વાંગે જોતો છતો નાચ કરાવે છે. જેને હું તથા મારાં માતપિતા સહિત આખું રાજકુટુંબ અમારા સર્વસ્વની માફક ગણી માન આપીએ છીએ, તેને ઇસારા માત્રના હુકમથી આ દુષ્ટ દાસીની માફક નૃત્ય કરાવે છે. ખરેખર એ સતી પતિમાં પ્રીતિવાળી–ભક્તિવાળી છે, છતાં આ દુષ્ટના બંધનમાં ફસાયેલી જણાય છે. વળી રાત્રિએ જિનેશ્વરની પૂજા કરવાનો નિષેધ કર્યો છે, છતાં આ અધમ રાત્રિએ પણ જિનાર્ચન કરતો ઇચ્છાનુસાર વર્તે છે. આ વિદ્યાધરે જિનેશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને અનાચાર જ અંગીકાર કર્યો છે; તો આ અન્યાયીને યુદ્ધમાં હણીને તેનું પ્રાયશ્ચિત્ત મારે બરાબર આપવું જોઈએ, છતાં હજી આ દુષ્ટ ભવિષ્યમાં આગળ શું શું કરે છે તે જાણવાને

મારે થોભવું જોઇએ." એમ વિચાર કરતો કુમાર શાંતપણે ક્રોધને દબાવીને ઊભો હતો. એટલામાં અકસ્માત્ નૃત્ય કરતા કનકવતીની કટીના કંદોરામાંથી ઘૂઘરીઓ નીચે પડી ગઈ. કુમારે લઘુલાઘવી કળાથી તે ઉપાડી લીધી. નૃત્યના તાનમાં સર્વે મશ-ગૂલ હોવાથી કોઇને ખબર પડી નહિ. નાચ પૂર્ણ થયા પછી કુમારીને ખબર પડી કે નાચતાં નાચતાં ઘૂઘરીઓ પડી ગઇ છે, તે શોધવા માંડી પણ ન જડવાથી તેણે વિદ્યાધરપતિને જાહેર કર્યું ત્યારે ખેચરાધીશે કહ્યું કે "વત્સે! આજે તો રાત્રિ ઘણી વહી ગઈ છે, માટે તું જા. આવતી કાલે હું તને ગમે ત્યાંથી શોધીને લાવી આપીશ." એમ કહીને સભા બરખાસ્ત કરી સર્વે પોતપોતાના સ્થાનકે ગયા અને નિદ્રાધીન થઇ ગયા.

કુમાર પણ પોતાના મંદિરમાં આવીને પોતાના સેવકોથી અલક્ષિતપણે મંદિરમાં દાખલ થઇને વિચારપ્રવાહમાં તણાતો તણાતો પલંગ ઉપર પડ્યો. "અરે! એ વિદ્યાધર કોણ હશે? મારી પ્રિયા મારે વશ છતાં એને આધીન કેમ થઈ હશે? આ સ્ત્રી મારા ઉપર પ્રીતિવાળી છે, છતાં એ એને આધીન છે—એ બન્ને વિરુદ્ધભાવ છે." ઇત્યાદિક વિચાર કરતાં રાત્રિ પૂર્ણ થઇ ને સૂર્યનો ઉદય થયો; તેથી જાગૃત થઇ આવશ્યક ક્રિયાઓ કરીને કુમાર પોતાના પ્રિયમિત્ર મંત્રીપુત્રની સાથે પ્રિયાના મંદિરમાં આવ્યો. રસ્તામાં કુમારે એ બુદ્ધિવંત મિત્રને રાત્રિ સંબંધી હકીકત સમજાવી દીધી ને ઘૂઘરીઓ એને આપી રાખી.

હંમેશની માફક વાર્ત્તાલાપ કરતાં કુમાર અને કુમારીનાં ચિત્ત પ્રસન્ન થયાં. વાર્ત્તાવિનોદ પૂર્ણ થયા પછી તેઓ સોગઠાબાજી રમવાને બેઠાં. એક રમત પૂરી થઇ એમાં કનકવતી જીતી; એટલે

બીજી રમતની શરૂઆત થતાં પ્રિયાએ કહ્યું કે "ખાલી રમ્યા કરતાં કાંઇ શરત કરો તો ઠીક પડે."

પ્રિયાનું આવું વચન સાંભળીને અવસર આવેલો જોઇ કુમારે મિત્રની સામે જોયું: "બંધો ! તારી પાસે કાંઇક હોય તો આપ કે જેથી પ્રિયાની સાથે શરતમાં મૂકીને આનંદ મેળવું."

"આ થોડી ઘૂઘરીઓ મારી પાસે છે, તે સિવાય બીજું કાંઇ નથી. કહો તો તે આપું." મંત્રીપુત્રે કહ્યું. "જે હોય તે આપ. જે સમયે જે ઉપયોગમાં આવે તે જ અમૂલ્ય." કુમારે કહ્યું.

કુમારનું કથન સાંભળીને મંત્રીપુત્ર સાગરે પેલી ઘૂઘરીઓ મૂકી દીધી. જે જોઈને કનકવતી આભી જ બની ગઇ–દિઙ્મૂઢ થઇ ગઇ. "આ મારી ઘૂઘરીઓ એની પાસે કયાંથી ? રાત્રિને સમયે નૃત્ય કરતાં પડી ગયેલી જ એ કિંકીણીઓ છે." એના હૃદયમાં ધ્રાસકો પડ્યો.

એને આકુળવ્યાકુળ જોઈને કુમારે કહ્યું: "મુગ્ધે ! આનંદ-દાયક આ પ્રભાતનો સમય છતાં વીંછીએ ડંખેલાની માફક તું ઉદાસ કેમ જણાય છે ?"

"દેવ ! આ કિંકીણી શું આપો છો ? એ તો મારી જ છે, તમારે એ મને આપવી જોઇએ, એને બદલે તમે એ કિંકીણી શરતમાં કેમ મૂકો છો ?" કનકવતીએ ધીરજ ધરીને કહ્યું.

કુમારે હસીને કહ્યું: "પ્રિયે ! એવું શું બોલે છે ? જેમ આ કિંકીણી તારી છે તેમ મારું આ આખું રાજ્ય શું તારું નથી ? શું હું તારો નથી ? સર્વ તારું છે, તો પછી શરતમાં શું મૂકું ?"

"એ બધું તો ઠીક, પણ આ ઘૂઘરી તમારા હાથમાં કેવી રીતે આવી? સ્વામિન્! તે કોઈ પણ સ્થળે મારા કંદોરામાંથી નીકળી પડેલી તમારા મિત્રના હાથમાં આવી છે."

"આ ઘૂઘરીઓ તારી છે ને તારા કંદોરામાંથી સરી પડી છે એવું તું શા ઉપરથી કહે છે? વળી તે કયાં પડી ગઇ હતી?" કુમારે કનકવતીને પૂછયું.

"પૂર્વજન્મના વૃત્તાંતની માફક એ કયાં પડી ગઈ તે હું જાણુતી નથી, પણ ખોવાયા પછી જ મને એની ખબર પડી છે." કુમારીએ કહ્યું. જાણતાં છતાં તેણે પોતાનું અજ્ઞાનપણું બતાવ્યું.

"ત્યારે આ મારો મિત્ર જ્યોતિષશાસ્ત્રમાં પ્રવિણ છે. એને તારે કંઇ પૂછવું હોય તે પૂછી જો. તીર્થંકરના વચનની માફક એનું વચન પણ પ્રમાણભૂત ગણાય છે; માટે તે તને સત્ય જવાબ આપશે."

કનકવતીએ સાગર-મંત્રીપુત્રને પૂછયું: "દિયરજી! કહો, મારી ઘૂઘરીઓ કયાં પડી ગઇ હતી?"

"હું તમને જ્યોતિષથી એનું ગણિત કરીને આવતી કાલે જવાબ આપીશ." એ પ્રમાણે તેને ભયમાં અને ભ્રમમાં રાખી તે બન્ને જણા પોતપોતાને ઠેકાણે ગયા.

સ્નાન, ભોજન કર્યા પછી દિવસ પૂરો થતાં યથાસમયે અંજન આંજીને ગુણવર્મા અદૃશ્યપણે રાત્રે પ્રિયાના મકાનમાં ગયો અને પ્રિયાની સાથે વિમાનમાં બેસીને પહેલા દિવસની માફક તે જ દેવમંદિરમાં આવ્યો. પહેલાંની માફક સ્નાત્ર વિગેરેથી જિનપૂજન કરીને વિદ્યાધરપતિ પોતાના પરિવાર સાથે રાત્રિને વિષે નૃત્ય કરાવવા લાગ્યો. એક બીજી નાચવા લાગી ને કનકવતી

વીણા વગાડવા લાગી. સર્વે એક રસમાં લુબ્ધ થઇ ગયાં, એટલે પગનો ઠણકો કરતાં કનકવતીના પગમાંથી ઝાંઝર નીકળી પડયું. તે આસ્તેથી કુમારે ઉપાડી લીધું. નાચ પૂરો થતાં કનકવતીએ સભામાં તપાસ કરી, પણ ઝાંઝર કયાંય જડયું નહીં, જેથી વિદ્યાધરપતિને એણે જાહેર કર્યું: "હે રાજન્! મારું નુપૂર આજે પણ કોઇ ઉપાડી ગયું છે. નક્કી કોઇ ચોર જાગૃત થયો છે."

વિદ્યાધરપતિએ રાત્રિ વીતી જવા છતાં જે હતા તે વિદ્યાધરોને બોલાવીને પૂછયું કે: "અરે વિદ્યાધરો! તપાસ કરો. અહીં કોણ ચોર ભરાયો છે? એને ઝટ પકડીને મારી આગળ હાજર કરો કે જેથી મારા કોપરૂપી અગ્નિમાં પતંગીઆની માફક એને બાળીને ભસ્મ કરું. હે વત્સે! આજે તો તું જા. હું હવે એની પૂરતી તપાસમાં જ છું." એ પ્રમાણે કહીને વિદ્યાધરપતિએ સર્વેને વિદાય કર્યા. કનકવતી પણ ભર્તારની સાથે પોતાને ઘરે આવી. કુમાર પણ ગુપ્તપણે પોતાના મકાનમાં આવીને સૂઇ ગયો. મનમાં અનેક પ્રકારના તર્કવિતર્ક કરતાં તેણે પલંગ ઉપર શેષ રાત્રિ વ્યતીત કરી. કનકવતી પણ ઝાંઝરની ચિંતામાં ને ચિંતામાં નિદ્રાવશ બની ગઈ.

ત્રીજે દિવસે કુમારે પોતાના મિત્રને ઝાંઝર આપીને સર્વ હકીકત સમજાવી અને તેની સાથે પ્રિયાને મંદિર ગયો. વાર્તાવિનોદ કરીને પ્રિયા સાથે સોગઠાબાજી રમવાને બેઠો. અનુક્રમે રસ જામતાં કુમારી બોલી: "સ્વામીન્! કાંઈક શરતમાં મૂકો." અને દિયરને પૂછયું: "મારી ઘૂઘરીનો કાંઇ ખુલાસો કરશો કે?"

કુમારની ઈસારતથી સાગર બોલ્યો: "ભાભી! મારી લગ્નકુંડળીમાં એવું જોવાય છે કે કિંકીણીની સાથે તમારી બીજી પણ

કોઇક વસ્તુ ગુમ થઇ છે, માટે વિચારી જુઓ કે તમારું બીજું કંઇ ગુમ થયું છે?" સાગરની વાણી સાંભળીને કનકવતી આશ્ચર્ય પામી ગઇ. તાકીતાકીને તેના સામે જોવા લાગી અને ફરીને પૂછવા લાગી: "દિયરજી ! તમે જ કહો, મારું બીજું શું ખોવાયું છે?"

મંત્રીપુત્રે કહ્યું: "તમારું ઝાંઝર ખોવાયું છે અને તે જુઓ આ રહ્યું. તે તમારું કે નહીં?" એમ કહીને કુમારે આપેલું ઝાંઝર સાગરે તરત જ કનકવતીને આપ્યું. કનકવતીએ એને તપાસી જોયું તો એ પોતાનું જ હતું, જેથી એને અતિ આશ્ચર્ય થયું. કુમારે પૂછયું: "કેમ આ ઝાંઝર તારું છે કે નહિ?"

"હા ! મારું પોતાનું જ છે." તેણીએ તેની સામે જોઇને જવાબ આપ્યો.

"હે નિમિત્તજ્ઞ દિયર ! આ ભૂષણો કયા સ્થાનકમાં ગુમ થયા એ તમે કેમ કહેતા નથી?" કુમારીએ ભયભીત થઇને બીજું કંઇ જાણવાને નિમિત્તે પૂછયું.

"હે ગૌરાંગી ! તે સ્થાન અત્યંત તેજસ્વી ને અહીંથી ઘણું દૂર છે. દેવ સાનિધ્ય વગર મનુષ્યની ત્યાં જવાની શક્તિ નથી એવું તે વિકટ છે." મંત્રીપુત્રે કહ્યું.

"તો ત્યાં પડેલાં આ આભૂષણો તમારી પાસે કેવી રીતે આવ્યાં?" રાજસુતા બોલી.

"જેને ગુણવર્મા જેવો સકળ કળાનો નિધાન મિત્ર મળ્યો હોય, એને જગતમાં કઇ વસ્તુ દુર્લભ છે?" સાગર મંત્રીપુત્રે કહ્યું.

એથી બાળા અતિ લજ્જા પામી ગઇ. મનમાં અનેક પ્રકારના

વિચાર કરવા લાગી. "ક્યાં એ વિદ્યાધરોનું સ્થાનક ને ક્યાં આ માનુષી ભૂમિકા ? ત્યાં વસ્તુનું પડવું ક્યાં ને એનું અહિં આગમન ક્યાં ? એ તત્ત્વ હું સમજી શકતી નથી કે દૈવજ્ઞની માફક આ સાગર ત્યાં પડેલી વસ્તુઓને અહીં કેવી રીતે લાવી શકે છે ? કોઇ પણ શક્તિવડે કાં તો મારો સાત્વિક સ્વામી ત્યાં આવે છે અથવા તો અહીં બેઠે બેઠે કોઇ દૈવી શક્તિથી એ સમાચાર જાણી લે છે–વસ્તુ મગાવી લે છે ને રોજ મને ભય અને આશ્ચર્ય પમાડવા માટે આપે છે. હજી પણ એની આંખો નિદ્રાથી ઘેરાયેલી છે, એ જ બતાવી આપે છે કે નક્કી મારા સ્વામી જ રાત્રિને સમયે ત્યાં આવી મારો સર્વે તમાસો જુએ છે અને આ બન્ને એક થઇને મને ભોળીને ઠગી રહ્યા છે." આ પ્રમાણે વિચાર કરતી મનમાં અતિ ખેદવંત થયેલી તેણી બોલી: "કુમાર ! શા માટે મને ભોળીને ખોટું બોલીને આમ ઠગો છો ? તમે બોલો છો કાંઇક અને વર્તો છો કાંઇક ! તમારે મન તો તે ક્રીડામાત્ર જ છે ને મારું તો મર્મસ્થાન વિંધાઇ જાય છે. હાથી પોતાની ખરજ મટાડવાને લતાઓને શું નથી ઉખેડતો ? તમે બન્ને એક બાજુ છો, બીજી તરફ હું ભોળી એકાકી છું. તમે પરાક્રમી, હોશિયાર અને ચતુર-સુજાણ છો, હું સંસારના પ્રપંચોથી અજ્ઞાત છું. તમે પુરુષ છો, હું અબળા છું, જેથી હું તમને વિશેષ શું કહું ? ખેદયુક્ત એવી મારા પ્રતિ જેવી તમારી પ્રીતિ હોય તેમ કરો. સ્વામી જ જ્યારે આવી રીતે મર્મવચનપૂર્વક મારી હાંસી કરે તો પછી મારે શું કરવું ?" પ્રિયાનાં એવાં વચન સાંભળીને કુમારે એને આશ્વાસન આપ્યું ને મિત્રની સાથે તે પોતાને સ્થાને ગયો.

બન્ને એક બીજાં જુદી જુદી વાતો કરતાં હતાં, છતાં હૃદયમાં

સમજી ગયાં હતાં કે એક બીજાની વાત તેઓ જાણતાં હતાં, પણ વચનદ્વારાએ તેઓ ખુલાસો કરી શકતાં નહોતાં. પોતાનું વૃત્તાંત પોતાના સમર્થ પતિના જાણવામાં આવવાથી કનકવતી બહુ દુઃખી થઈ. એના મનમાં અનેક ભાંજગડ થઇ ગઈ. " હા ! એ વિદ્યાધરની દાક્ષિણ્યતાથી મેં સત્ય હકીકત પતિને કહી નહીં એ ઠીક ન કર્યું. અરે ! હું સતી છતાં પતિની નજરમાં કલંકવાળી ઠરી. " એ પ્રમાણે આખો દિવસ દુઃખમાં પસાર કર્યો.

સમય થવાથી કુમાર ગુપ્તપણે અંજનના પ્રભાવથી રાજબાળા પ્રાણપ્રિયાને મહેલે આવ્યો, તો જમીન ઉપર જેમ માછલું તરફડે તેમ પ્રિયાને પલંગ ઉપર તરફડતી જોઇ. આજે એની આવી સ્થિતિ જોઇ કુમાર નવાઇ પામ્યો. એટલામાં દાસીએ કહ્યું: "બહેન ! સમય થવા આવ્યો, છતાં આજે કેમ તું તૈયાર થતી નથી ? આજે શું દ્યૂતમાં કંઇ હારી ગઈ કે કોઈએ તને દુઃખી કરી અથવા તો તાવ આવ્યો છે કે બીજું કાંઇ કારણ છે ? તે મને કહે. "

સખીનાં વચન સાંભળીને એ મૃદુભાષિણી દુઃખી થતી બોલી: "સખી ! મારા દુઃખની વાત તને શું કહું ? જગતમાં હું મંદ ભાગ્યવાળી છું. જ્યારે બાલ્યાવસ્થામાં પિતાને ત્યાં એકદા મેરુ-પર્વતના શિખર ઉપર દેવકુમારીની માફક પ્રાસાદની ઉપર હું રમતી હતી, તે વખતે આ દુષ્ટ વિદ્યાધરે મને જોઈ. ગીધપક્ષી માંસ જોઇને તેની ઉપર તરાપ મારે, શિકારી જેમ શિકારને સકંજામાં લે એમ આ વિદ્યાધરે તરત જ મને ઉપાડીને દૂર અરણ્યમાં મૂકી દીધી અને મને ધમકાવવીને કહેવા લાગ્યો: 'બાળે ! જો મારું વચન અંગીકાર નહીં કરે તો આ તલવારથી તને હણી નાખીશ, માટે જો મૃત્યુથી ડરતી હોય તો મારું વચન અંગીકાર કર."

તેની ક્રૂર વાણી સાંભળીને મેં એનું વચન ભયથી અંગીકાર કર્યું અને તે દિવસથી રોજ જિનેશ્વરના ભુવનમાં રાત્રિને સમયે નૃત્ય કરવાને વિમાન મોકલીને મને તે તેડી જાય છે. અર્ધ રાત્રિ પર્યંત તેની આગળ નાટક કરવું પડે છે. વળી એની રજા સિવાય મારે પતિ સાથે કંઇ પણ સંબંધ રાખવો નહિ એવી ખાસ બીક બતાવી છે. જીવવાની ઈચ્છાએ એ અધમનાં આવાં વચનો મેં કબૂલ કર્યાં. બીતાં બીતાં મેં પાણિગ્રહણ કર્યું, છતાં હજી મેં એ દુષ્ટના ભયથી શિયળ ખંડ્યું નથી. આ વાત મેં મારા પતિને પણ કહી નથી, છતાં સ્વામીએ કોઇ પણ રીતે આ વાત જાણી લીધી છે. મારી ખોવાયેલી વસ્તુ મારી આગળ રજૂ કરીને તે મને ભય અને આશ્ચર્ય પમાડે છે. હવે ત્યાં કેવી રીતે આવી શકું ? ત્યાં આગળ કદાચ બન્ને ભેગા થાય અને કાંઈક નવાજુની થાય એના કરતાં તો ન જવું તે જ સારું છે. આવી ચિંતાથી હે પ્રિયંવદા ! હું મુંઝાઈ ગઇ છું. આ દૈવાધીન કાર્યનું શું પરિણામ આવશે તે કંઇપણ સમજાતું નથી. અરે ! આજે હું દુરાચારિણી નહી છતાં, સ્વામીની નજરમાં દુરાચારવાળી જણાઇ છું, તેથી હવે ભવિષ્યમાં શું થશે તે પણ સમજાતું નથી. હું તો જીવતાં છતાં જગતમાં આજે મૃત્યુ પામેલી છું, માટે તું એકલી જા ને પૂછે તો કહેજે કે એને શરીરે ઠીક નથી માટે આવી નથી. અરે ! ચકોરી રાત્રિની વિષે અને કેકી દિવસે શાંતિ પામે છે, પણ મને પાપિણીને તો રાત્રિએ કે દિવસે કયાંય શાંતિ મળતી નથી. કમલિની રાત્રે નિદ્રા લે છે, કૈરવિણી દિવસે આરામ લે છે, છતાં દિવસે કે રાત્રિએ મને તો કયારે પણ નિદ્રા નથી—સુખ નથી. એક તરફ ભરથારની પ્રીતિ, બીજી બાજુ ખેચરનો ભય: હે સખી ! આવું સંકટ

મારે કેટલા કાળ ભોગવવું પડશે ? માટે જે થવાનું હશે તે થશે, પણ હું તો આજ આવવાની નથી, તું જ જા. ” રાજસુતાનાં એ પ્રમાણેનાં વચન પ્રચ્છન્નપણે ઊભેલા કુમારે સાંભળ્યાં, જેથી તે વિચાર કરવા લાગ્યો કે: “ અહો ! મારા પુરુષાર્થને ધિક્કાર છે કે હું બળવાન પતિ છતાં પરવશ પડેલી મારી પ્રિયાનું આટલું કષ્ટ પણ હું દૂર કરી શકતો નથી, માટે આજે જ એ અધમ વિદ્યાધર સાથે યુદ્ધ કરીને એનો અંત લાવવો જોઈએ, એનો નાશ કરીને જેમ અંધકારનો નાશ કરનાર સૂર્યનો ઉદય થવાથી કમળ પ્રફુલ્લિત થાય છે તેમ પ્રિયાને પ્રફુલ્લિત કરીને તેની પ્રીતિ મેળવવી જોઇએ.” કુમાર એમ વિચાર કરતો હતો એટલામાં વિમાન આવ્યું. તેમાં પ્રિયંવદા એકલી બેઠી ને સાથે કુમાર પણ ચડી બેઠો. તરત જ વિમાન હવામાં ઊડયું. તે ચૈત્યની નજીકમાં આવીને નીચે ઊતર્યું અને પ્રિયંવદા એકલી નાટક ચાલતું હતું ત્યાં આવીને હાજર થઈ. તેને જોઇને ક્રોધથી ધમધમતો વિદ્યાધરપતિ બોલ્યો : “ રે દાસી ! તારી સ્વામિની કેમ ન આવી ? મારો સખત હુકમ છતાં તેણે આજે આવો મારો અપરાધ કર્યો. એની શું શિક્ષા ભોગવવી પડશે તે તે જાણતી નહીં હોય ? ”

ત્રાડ પાડતા એ ખેચરપતિનાં અગ્નિ સમાન વચનોથી ભય પામતી પ્રિયંવદા બોલી : “ સ્વામિન્ ! એને શરીરે ઠીક નથી, જેથી હું એકલી આવી છું તો ક્ષમા કરો. ”

“ તું ખોટું બોલે છે તો એની શિક્ષા પ્રથમ તો તું જ ભોગવ. એને તો નહિ આવવાનું ફળ હું બરાબર બતાવીશ. ” એમ કહીને વિદ્યાધરે પ્રિયંવદાને ગળામાંથી પકડી અને કહ્યું કે : “ તારા ઇષ્ટદેવને હવે સ્મરી લે, તારા દિવસો ભરાઇ ગયા છે. ”

ભય પામેલી પ્રિયંવદા છેવટે એ વિદ્યાધરપતિને કહેવા લાગી : "અરે વિદ્યાધરપતિ! મેં જે ધાર્યું હતું તે જ આજ પ્રત્યક્ષ થયું છે કે કોલસાની દલાલીમાં હાથ કાળા થવાના જ છે. સર્પના રાફડા ઉપર રહીને જીવવાની ઇચ્છા કરવી, તારા સરખા યમના ભાઈની દોસ્તી કરીને નિરાંતે જીવવું, એ સર્વ અશકય વાત હતી. ખેર! જેવી ભવિતવ્યતા! પરન્તુ મને સંસારસાગરથી પાર ઉતારનાર, દયાના સાગર એવા શરણુ કરવા લાયક જિનેશ્વરનું શરણુ પ્રથમ કરી લેવા દે. અરે દુષ્ટ! તું શું એટલો બધો ગર્વ કરે છે. દુનિયા વીરથકી પણ વીરપુરુષોને ઉત્પન્ન કરે છે, પણ હવે અત્યારે વધારે વિવેચનથી સર્યું. મને શ્રી લોકોત્તર પુરુષ અરિહંતનું શરણુ હો! અને બીજું મારી સખી કનકવતીનો પતિ કે જે એકલા જગતનું રક્ષણ કરવાને સમર્થ છે એ ગુણવર્માનું શરણુ હો."

"અરે! એ મરવાને યોગ્ય એવા મનુષ્યકીડાનું મારી આગળ શું ગજું? કેશરીસિંહ આગળ બકરાનું શું ગજું? ભયંકર ભુજંગ આગળ દેડકાનું શું ગજું?" ઇત્યાદિ ગર્જના કરતો જેવો તલવાર ખેંચીને પ્રિયંવદા ઉપર ઘા કરવા જાય છે, એટલામાં એ પરપ્રાણુનો નાશ કરનાર ખડ્ગ ઉપર પોતાના ખડ્ગનો ઘા કરતો કુમાર સહસા ત્યાં પ્રગટ થયો. "અરે અધમ! અબળા જનને સંતાપનાર! કાપુરુષ! જો તું ખરો વીરમાની હોય તો એ બાળાને છોડી દે. આમ આવ, આમ આવ. બળવાન પુરુષ જો નિર્બળને હણે તો એ બળવાનનું કુળ કલંકિત થાય છે. અરણ્યમાં જિનેશ્વર ભગવાનની પૂજા નિમિત્તે તેં અનાચાર કરવા માંડ્યો છે તેનું ફળ તને અહીં જ મળશે. સારા વૈદ્ય પાસેથી લીધેલું ઔષધ પણ જો અવિધિથી ખાવામાં આવે છે તો નુકસાન કરનારું થાય છે. ગુરુએ જે મંત્ર આપ્યો

હોય તે જો વિધિ પ્રમાણે જપે તો જ ફળ આપનારો થાય છે, યથાસમયે ખેતી કરે તો જ તે ધાન્ય અને ઘાસને વધારનારી થાય છે, તેવી જ રીતે ધર્મ પણ ગુરુની આજ્ઞા પ્રમાણે કરવામાં આવે તો જ ફળીભૂત થાય છે; પણ રાત્રિએ જિનપૂજન કરવું, માબાપની ચોરી–છુપીથી બાળિકાઓને ઉપાડી તેમના સુખભોગમાં અંતરાય કરવો–ઇત્યાદિ તારાં એ પાપની શુદ્ધિ મારી તલવારવડે જ થાઓ." કુમારનાં ચાનકભરેલાં આવાં વચન સાંભળીને વિદ્યાધરેશ મહાબલ જેમ પાદપ્રહારથી સર્પ ધમધમે તેમ ક્રોધથી ધમધમતો પ્રિયંવદાને છોડીને કુમાર તરફ દોડ્યો અને બન્ને દાવપેચથી એક બીજાને હણવામાં તત્પર એવું યુદ્ધ કરવા લાગ્યા. મલ્લની માફક ચરણના આઘાતથી ભૂમિને કંપાવતા ક્ષણમાં બાથંબાથા, ક્ષણમાં ખડ્ગાખડ્ગી એવી રીતે જુદી જુદી રીતે ચિરસમય પર્યંત એમનું યુદ્ધ ચાલ્યું. ચતુરાઇથી બન્ને એક બીજાના ઘા ચુકાવી દેતા હતા. આખરે એ અધમ વિદ્યાધરના દિવસો ભરાઇ ગયા, એનું પુણ્ય પરવારી ગયું, જેથી યુદ્ધમાં એને કુમાર એક છતાં અનેકરૂપે દેખાવા લાગ્યો. તેમનું આ યુદ્ધ આકાશમાં ઊભા રહી વિદ્યાધરો અને વ્યંતરો પણ આશ્ચર્ય પામતા જોવા લાગ્યા. એક મનુષ્યનું આવું અપૂર્વ શૌર્ય જોઇને તેઓ આશ્ચર્યમુગ્ધ બની થયા.

યુદ્ધ કરતાં કરતાં અવસર પામીને કુમારે એ વિદ્યાધરના ગળા ઉપર તલવાર ચલાવી દીધી અને તેનું માથું તરત જ જમીન ઉપર ગબડી પડયું. દુનિયા ઉપરથી તેનું જીવન અસ્ત થઇ ગયું.

દેવતાઓએ કુમારને જય પ્રાપ્ત થયો જોઇ તેની ઉપર પુષ્પની વૃષ્ટિ કરી. પાપ અને પુણ્યની લડાઇમાં કદાચ પાપ પ્રથમ પોતાનું

અધિક જોર બતાવે, પણ આખરે તો પુણ્યની જ ફતેહ થાય છે. પાપીઓ ભલે પ્રથમ ફાવે, પણ આખરે તો તેઓ બૂરે મોતે મરે છે.

× × ×

વિદ્યાધરપતિ મહાબળના મૃત્યુથી તેના સેવક વિદ્યાધરો ભય પામતા હતા. તેમને મીઠાં વચનોથી આશ્વાસન આપતો ગુણવર્માકુમાર મહાબળને મારીને ક્ષણવાર ત્યાં વિશ્રાંતિ લેવાને બેઠો. તેવામાં ચિરકાળથી પ્રતિબદ્ધ થયેલી મૃગલીઓ જેમ મુક્ત થાય તેમ આ દુષ્ટના ફંદમાંથી મુકત થયેલી ત્રણે કુમારિકાઓ આનંદ પામતી કુમાર પાસે આવી, અને પગે લાગીને કહેવા લાગી: “ કુમાર ! અમે પણ ત્રણે રાજતનયા છીએ. તમારી કનકવતીની માફક અમને પણ આ દુષ્ટ મૃત્યુનો ભય બતાવી રોજ વિમાન મોકલીને અહીં તેડાવી પોતાની આગળ નાટક કરાવી મોજ મેળવતો હતો અને વાક્પાશથી અમને બાંધીને આ દુષ્ટે પાણિગ્રહણ કર્યા વગર જ અમને વેશ્યા જેવી બનાવી દીધી હતી. આ દુષ્ટના પંજામાંથી અમને મુક્ત કરનાર તમે મહાપુરુષે અમને શું નથી આપ્યું ? એ દુષ્ટે હજી અમારાં લગ્ન પણ થવા દીધાં નથી. હવે હે મહાપુરુષ ! જો તમારી રજા હોય તો અમે અમારે સ્થાને જવાને ઇચ્છીએ છીએ. ”

એ ત્રણ કુમારિકાઓની વાણી સાંભળીને કુમારે તેમને પોતાને સ્થાનકે જવાની અનુમતિ આપી, વિદ્યાધરો મારફતે એમને એમને ઘેર પહોંચાડી અને પોતે વિદ્યાધરોને રજા આપીને પ્રિયંવદાની સાથે વિમાનમાં બેસીને પોતાને દેશ હસ્તિનાપુરમાં આવ્યો. પ્રિયાના મંદિરમાં વિમાન ઊતર્યું, એમાંથી પ્રિયંવદા અને કુમાર ઊતરીને મહેલમાં ગયાં.

મહેલમાં બેચેન બનેલી કનકવતીનું ડાબું અંગ ફરકતું હતું, જેથી તે મનમાં કંઈક શુભ સંકલ્પો કરતી હતી, એટલામાં તો પોતાની સખી અને પતિને પ્રફુલ્લિત ચહેરે આવતા જોઇ એણે સારું અનુમાન કર્યું. એણે સખીને પૂછ્યું: “ પ્રિયંવદા ! કહે તો ખરી, આજે ત્યાં ગયા પછી એ ખેચરે તને શું પૂછ્યું ? ”

જવાબમાં પ્રિયંવદાએ કુમારના શૌર્યનો ને મહાબલના વધનો વૃત્તાંત કહી સંભળાવ્યો. એ સાંભળીને જેમ કોઈ માણસના હૃદયમાં શલ્ય ભરાયું હોય અને તે નીકળી જતાં જેમ આહ્લાદ પામે એમ કનકવતી બેહદ ખુશી થઈ અને કહેવા લાગી:– “ પ્રિયંવદા ! ખરેખર તારી ફોઈએ પ્રિયંવદા તારું નામ પાડયું છે તે બરાબર જ છે. આજે તેં તે સત્ય કરી બતાવ્યું છે, પણ કુમાર ત્યાં કેવી રીતે આવ્યા, કેમ કરતાં પ્રગટ થયા અને કેવી રીતે એનો વધ કર્યો ? એ બધું ચરિત્ર આશ્ચર્યકારક છે. ” સખીને એ પ્રમાણે કહીને પછી બન્ને પતિ–પત્નીએ આજે નિર્ભયપણે વાતો કરી. જાણે પરણ્યાની પ્રથમ રાત્રિ આજે જ હોય તેમ તેમના હાવ–ભાવો શરૂ થયા. સમય જોઇને ચતુર પ્રિયંવદા ત્યાંથી છટકી ગઈ. ઘણા કાળની ઉત્કંઠાવાળા એ વિયોગી પ્રેમીઓએ આજે સંસારની સુખની ઘડી પ્રાપ્ત કરી. બધો શ્રમ–પરિશ્રમ આજે સફળ કર્યો. સંસારજનિત સુખનો ઉપભોગ કરતું એ યુગલ રતિશ્રમથી પરિશ્રમિત થયેલું તે નિશાને અંતે નિદ્રાધીન થઇ ગયું. ‘ માણસ ધારે છે શું અને વિધિ કરે છે શું ? ’ બન્નેનાં કર્તવ્યો હમેશાં જુદાં જ હોય છે.

તેવામાં આકાશમાર્ગેથી એક તેજસ્વી પુરુષ કોપાનળથી ધમધમતો વિમાનમાં બેસીને સડસડાટ ચાલ્યો આવતો હતો. તે

અનુક્રમે કુમાર પોતાની પ્રિયાની સાથે સુખભર નિદ્રામાં સૂતો હતો ત્યાં આવીને અટકયો. વિમાનમાંથી ઊતરી તે મહેલની અંદર ગયો, તો બન્નેને નિર્ભયપણે સુખભર સૂતેલાં જોયાં. "અહો ! મારા ભાઈને મારીને કેવો નિરાંતે પ્રિયાને પડખામાં લઇને સૂતો છે ?" તેનો કોપ અતિ વૃદ્ધિ પામ્યો. સૂતેલા કુમારને ઉપાડીને તે ચાલ્યો ગયો અને નીચે સમુદ્ર આવ્યો, એટલે વિમાનમાંથી એ નરરત્નને દુષ્ટ વિદ્યાધરે સમુદ્રમાં ફેંકી દીધો. સમુદ્રના અથાગ જળમાં પડતાં જ એ સાત્વિકની આંખ ઊઘડી ગઈ અને પોતાને અથાગ જળમાં ડૂબતો જોઇ પોતે તરવાનો પ્રારંભ કરી દીધો. ચારે બાજુએ સમુદ્રનાં ભયંકર મોજાંઓ ગર્જારવ કરી રહ્યાં હતાં અને નાનાં મોટાં જળચર જંતુઓ શિકારને માટે મુખ ફાડીને તરી રહ્યાં હતાં. એવો ભયંકર સમુદ્ર તરતાં અનુક્રમે એક પાટિયું તેના હાથમાં આવ્યું. તેની સહાયવડે તે સાત દિવસે સમુદ્રના તટ ઉપર આવ્યો. ભૂખ અને તરસની પીડાથી વ્યગ્ર છતાં માત્ર માનસિક હિંમતથી તે સાત સાત દિવસ પર્યંત સમુદ્રમાં પાટિયાના આધારે રહ્યો હતો. મહામુશ્કેલીએ કિનારે આવ્યા પછી વ્યાધિવાળો માણસ રોગ નાશ પામવાથી જેમ ઔષધ છોડી દે તેમ એ કાષ્ઠનું પાટિયું કુમારે છોડી દીધું અને ચારે બાજુએ જોયું તો એક તરફ ભયંકર સમુદ્ર તો બીજી તરફ ગહન વન આવેલું હતું. એક દિશાએ મગરમત્સ્ય આદિ જળચર જીવો ક્રીડા કરી રહ્યા હતા, બીજી તરફ વ્યાઘ્ર, સિંહ, દીપડા આદિ પોતાનો પુરુષાર્થ બતાવતા ગર્જના કરી રહ્યા હતા; છતાં એક પરાક્રમ જ જેનું શસ્ત્ર છે એવો તે ધીર પુરુષ–ગુણવર્મા કુમાર જંગલને રસ્તે ચાલ્યો. કેટલેક દૂર આગળ જતાં એક તાપસ હાથમાં કમંડળ લઇને જળની શોધ કરતો વનમાં ભ્રમણ

કરતો હતો તેનો ભેટો થઈ ગયો. આવા ભયંકર અરણ્યમાં યોગીને–તાપસને જોઈને કુમાર ઘણો ખુશી થયો અને તેની પાસે જઈને તેમને પૂછવા લાગ્યો: "હે મહાત્મન્! તમે કોણ છો ? અને ક્યાંથી આવ્યા છો ?"

"હું યોગી છું. તમારા જેવા ભૂલા પડેલાઓને માર્ગ બતાવનાર તરીકે પરમાત્માનું સ્મરણ કરતો હું તાપસોના સમુદાયમાં રહું છું. પણ તમે કોણ છો ?" યોગીએ ખુલાસો કરતાં કુમારને પૂછ્યું.

"મહાપુરુષ! મારા મહેલમાં હું સૂતો હતો ત્યાંથી કોઇએ અદૃશ્યપણે મને ઉપાડીને સમુદ્રમાં નાખી દીધો. તેમાંથી પાટિયાની મદદથી આજ સાત દિવસે હું બહાર નીકળ્યો છું અને આજે હું પ્રથમ આપનું દર્શન કરું છું." ઇત્યાદિ ટૂંકમાં કુમારે પોતાની હકીકત કહી સંભળાવી.

તાપસે તેના ચહેરા ઉપરથી ભૂખ, તરસ તથા થાકથી કંટાળેલો જાણીને જંગલમાંથી કેટલાંક સ્વાદિષ્ટ ફળ લાવી આપ્યાં. તે ખાવાથી તથા પાણી પીવાથી કુમારનો પરિશ્રમ ઓછો થયો. પછી તાપસે કહ્યું: "હવે ચાલો અમારા આશ્રમમાં, અમારા ગુરુજીની પાસે, તેમના પરિચયથી તમને શાંતિ થશે. તમને તે યોગ્ય સગવડ કરી આપશે."

"હા, ચાલો." તેઓ બન્ને જણા ચાલતા અનુક્રમે તાપસના આશ્રમમાં આવ્યા. કુમારે આનંદ સહિત કુળપતિને વંદન કર્યું. એટલામાં નજીક ખૂણામાં એણે પરિચયવાળો એક સ્ત્રીનો રડતો સ્વર સાંભળ્યો, જેથી તાપસને એનું નામઠામ વગેરે પૂછ્યું. ચોક્કસપણે જોતાં એ પોતાની પ્રિયતમા હોય એવું લાગ્યું, જેથી કુમારનું મન ઘણું અધીરું થઇ ગયું; એટલે

તરત જ તાપસે તેની વિહ્વળતા જોઈ પૂછ્યું કે: "મહાનુભાવ! આ સ્ત્રી તમારી પત્ની છે કે શું?" જવાબમાં કુમારે હા કહી.

"જો તમારી જ સ્ત્રી છે તો એનું વૃત્તાંત તમને કહું તે તમે સાંભળો. આજથી ત્રણ દિવસ પહેલાં હું વનમાં ફળ લેવા ગયો હતો. ફરતાં ફરતાં જંગલમાં લતાકુંજની અંદર એક સ્ત્રીને મેં રડતી સાંભળી. રડતાં રડતાં તે આ પ્રમાણે બોલી રહી હતી: 'હે દિગ્પાલો! હે વનદેવીઓ! તમે સર્વે મારી વિનંતિ સાંભળો. હું તમને સર્વેને પ્રણામપૂર્વક હાથ જોડીને અરજ કરું છું કે મારે માટે મારો સ્વામી અતીવ દુઃખ સહન કરી રહ્યા હતા. મારી ઉપર તે પ્રાણથી પણ અધિક વાત્સલ્ય રાખતા હતા. એણે કોઇપણ દૈવી શક્તિથી મારી ગુપ્ત વાત જાણીને પોતાના પરાક્રમથી મારો ભય ટાળ્યો ને હું ઘણે દિવસે સ્વામીની સાથે સુખપૂર્વક સૂતી હતી; પણ કોઈ અધમે અમને બન્નેને ત્યાંથી ઉપાડીને જુદાં જુદાં ફેંકી દીધાં છે. હજી સુધી મારા પતિનો પત્તો મળતો નથી. હા! એ દુષ્ટ વિધિને ધિક્કાર થાઓ કે જે મનુષ્યપ્રાણીનું સ્વલ્પ સુખ પણ દેખી શકતો નથી. સ્વામીને શોધતી હું આજ ત્રણ દિવસથી સમુદ્રતટ ઉપર ફરું છું પણ કાંઈ ભાળ મળતી નથી; તેથી જેમ જન્માંધ માણસને નેત્ર ન હોય તેમ પ્રિય પતિ વગર મારી સર્વે આશાઓ વ્યર્થ થઇ ગઇ છે, જેથી સ્વામીવિયોગે હવે મારે જીવીને શું કરવું? જળના વિયોગે શું માછલી જીવી શકે છે? માટે હું તો પ્રાણત્યાગ કરીશ, પણ જો મારા સ્વામી કદાચ અહીં આવી ચઢે તો કૃપા કરીને મારો આટલો સંદેશો જણાવશો કે–તમારી પ્રિયાએ તમને અતિ દુઃખી કર્યા છે અને તમારે વિયોગે તેણીએ દુઃખી થઈને

પોતાના પ્રાણને પરલોકમાં પિયુને શોધવાને મોકલ્યા છે. સુખમાં મગ્ન થયેલા દેવતાઓ યદિ મારો સંદેશો કહેવાનું ભૂલી જાય, તો હે વનવાસી પશુ-પંખીઓ ! તમે મારો સંદેશો મારા પ્રિયતમને સંભળાવજો.' એમ બોલતાં જ તે અબળાએ તરત જ પોતાને હાથે ગળામાં ફાંસો નાખ્યો. એટલામાં મેં તેની પાસે જઈને કૃપાણથી એ પાપમય ફાંસો તોડી એને મરતાં અટકાવી અને શાંતિથી કહ્યું: 'પુત્રી ! દુર્ગતિને આપનારું આવું અપમૃત્યુ શા માટે વહોરે છે ?'

મેં પાશ એકદમ તોડી નાખવાથી અને મારા અચાનક આવવાથી બાળા ગભરાઈને કહેવા લાગી: 'હા ! હા ! તમે આ શું કર્યું ? પ્રિય વગર હું ક્ષણમાત્ર પણ પ્રાણ ધારણ કરવાને શક્તિવાન નથી.'

'વત્સે ! ચિંતા ના કર. જેને માટે તું મરે છે તે આજથી ત્રીજે દિવસે મારા આશ્રમમાં આવીને તને મળશે.'

એ પ્રમાણે આશા-લતાથી બંધાયેલી એ બાળા અમારા આશ્રમમાં રહેલી છે. ત્રણ દિવસથી અમારા આશ્રમમાં છે, છતાં એણે કંઇ ખાધું પણ નથી, માટે હવે તમે બન્ને સંતોષથી હળોમળો."

કુળપતિની એવી વાણી સાંભળીને કુમાર તેને નમીને બોલ્યો: "તાત ! આ બાળાને જીવિતદાન દેવાવડે કરીને સમજો કે તમે મને પણ જીવાડ્યો છે. હજી પણ મારું ભાગ્ય જાગૃત છે કે જેથી ભરસમુદ્રમાં નાખ્યા છતાં વિધિએ મદદને માટે મને પાટિયું આપ્યું હું તેનાવડે તરીને સમુદ્રમાંથી નીકળી ભમતો ભમતો અરણ્યમાં આવ્યો તો તમારું દર્શન થયું ને તમે મારી પ્રિયા સાથે મુલાકાત

કરાવી; માટે જણાય છે કે વિધિ હજી સર્વથા દ્વેષી થયો નથી.” એ પ્રમાણે કુળપતિની સ્તુતિ કરતો ગુણવર્મા કુમાર એમનો અતિશય ઉપકાર માનીને તેમની રજા લઇ પોતાની પ્રિયા સાથે પોતાને દેશ જવા તૈયાર થયો. કેટલેક દૂર સુધી તાપસો રસ્તો દેખાડવાને આવ્યા. મોટો ધોરી રસ્તો આવ્યો, એટલે તાપસો પાછા વળ્યા અને આ બન્ને પતિ–પત્ની કુરુદેશના માર્ગે ચાલ્યાં.

સાયંકાળ થતાં તેઓ ચાલતાં ચાલતાં અનુક્રમે કોઇએક નદીના તટ ઉપર આવ્યાં. તેમનાં અંગ સુકોમળ હોવાથી બન્ને થાકી ગયાં હતાં, ચાલવાથી કંટાળી ગયાં હતાં. વનના ફળ ખાઈને અને નદીનું મીઠું જળ પીને પોતાની ક્ષુધા ને તૃષા તે બન્ને જણે દૂર કરી અને વાતો કરતાં બન્ને જણાં ત્યાં જ જમીન ઉપર બેઠાં. કુમારે પૂછયું: “પ્રિયા! વનમાં જેમ વનચરી હોય તેમ તું એકાકી વનમાં શી રીતે આવી?”

“સ્વામી! તમને ઉપાડી સમુદ્રમાં નાખ્યા પછી એ દુષ્ટ વિદ્યાધરે તરત જ ત્યાં આવીને મને પકડી અને કહેવા લાગ્યો: ‘દુષ્ટા! તારા માટે મારા ભાઈનો વધ થયો અને તેના મરણથી તમે સુખે સંસાર ભોગવો એ શું ઠીક કહેવાય? તારા સ્વામીને તો મેં સમુદ્રમાં નાખ્યો છે. તે તો સમુદ્રના અથાગ જળના પેટમાં જ હંમેશને માટે સમાઇ જશે અને તને વાઘ, સિંહ, ચિત્તાથી વ્યાપ્ત પર્વત ઉપર છોડી દઇશ કે જ્યાં તું એમનો શિકાર થશે.’ જો કે અન્ય પુરુષના સ્પર્શથી હું બ્હીતી હતી છતાં એ અધર્મી મને ઉંચકી પર્વતના શૃંગ ઉપર ફેંકીને ચાલ્યો ગયો. પાણીના ઝરણાંની માફક શિખર ઉપરથી નીચે ઉતરતી ઉતરતી હું તમને શોધતી સમુદ્રને કિનારે

ફરવા લાગી. જેમ હાથમાં આવેલું ચિંતામણિ જતું રહેતાં વ્યાકુળતા થાય તેમ તમારો પત્તો નહિ લાગવાથી વ્યાકુળ થયેલી હું લતાકુંજમાં ગળે ફાંસો ખાતી હતી કે જ્યાંથી એ કુળપતિએ મને બચાવી. તે પછીનું વૃત્તાંત તો તમે જાણો છો." એ પ્રમાણે તેઓ વાર્ત્તાલાપ કરતાં હતાં એટલામાં સૂર્યાસ્ત થઇ ગયો. બીજી વખત પણ એ ખેચરે તેમની નિદ્રાનો લાભ લઇને એકને સમુદ્રમાં ને બીજીને પર્વત ઉપર ફેંકી દીધાં તે પાછાં તે જ આશ્રમમાં એકઠા થઇને કુળપતિની રજા લઇને નીકળ્યાં ને અહીં રાત્રિ રહ્યાં.

નિદ્રા એ જો કે સર્વ ગુણનો ઘાત કરનારી છે, છતાં કેટલાકને એ સુખદાયક પણ છે. દુઃખીઓને, રોગીઓને, ચિંતાતુરોને નિદ્રા એ જ વિશ્રાંતિનું સ્થાન છે. પોયણીને રાત્રિ સુખદાયક છે, નિશાચરોને તેમજ ઘૂવડને રાત્રિ સુખ આપનારી છે, ત્યારે સૂર્યવિકસી કમળો રાત્રિ આવતાં સંકોચ પામે છે. ચકોર અને ચકોરી વિયોગમાં જ રાત્રિ નિર્ગમન કરે છે. કુમાર પ્રિયાને મીઠી મીઠી વાતો સંભળાવતો હતો એટલામાં પ્રિયાને નિદ્રા આવી ગઇ, જેથી પોતે પણ સૂવાની તૈયારી કરવા લાગ્યો તેટલામાં તેને વિચાર ઉદ્ભવ્યો કે "રખેને એ દુષ્ટ વિદ્યાધર આ વખતે આવીને ગફલતનો લાભ લઈ જાય?" એમ વિચારી પ્રિયાને એકલી છોડી તે નજીકમાં સંતાઇ ગયો. તરત જ એ દુષ્ટ વિદ્યાધર તેમને પાછાં એકઠાં મળેલાં જોઈ જુદાં કરવાને ત્યાં આવ્યો, પરન્તુ સ્ત્રીને એકલી જોઇને ચમકયો. જેવામાં સ્ત્રીને ઉપાડવા જાય છે તેવામાં જ કુમારે ખડ્ગ ખેંચીને તેને પડકાર્યો: "રે દુષ્ટ! ઊભો રહે. આજે તું મારા સકંજામાં આવ્યો છો, હમણાં જ તને તારા બંધુને સ્થાને રવાના કરું છું."

કુમારનો ગર્જનાભર્યો પડકાર સાંભળીને એ વિદ્યાધર વાઘની આગળ બકરાની માફક થરથર કંપવા લાગ્યો. એ રાંકડો બની ગયો ને કરગરવા લાગ્યો : " અરે કુમાર ! એક વખત મને માફ કરીને છોડી મૂકો. હવે પછી કોઈ વખત તમને હેરાન કરીશ નહિ. "

" દુષ્ટ ! મારા સકંજામાં આવેલો તને જવા દઉં ! કહે હવે તને શી શિક્ષા કરું ? બેભાન–નિદ્રામાં પડેલાં માણસોને ઉચકીને આવી રીતે હેરાન કરે છે તેનું ફળ હવે આજે જ તું ભોગવ. " એમ કહેતાં જ કુમારે તેની ઉપર તલવાર ઉગામી.

એ વિજળીની કાંતિ સમી ખડ્ગધારા જોઇ ભય પામેલો વિદ્યાધર કુમારના ચરણમાં પડીને માફી માગવા લાગ્યો, વારંવાર આજીજી કરવા લાગ્યો. પછી દયા આવવાથી કુમારે ખડ્ગ મ્યાન કર્યું અને પૂછ્યું : " હે વિદ્યાધર ! આવો સત્ત્વ વગરનો છતાં અમોને તું વારંવાર હેરાન શા માટે કરે છે ? " એટલે વિદ્યાધરે કહ્યું કે " મારી ભાભીના કહેવાથી " તમે સત્ત્વવંતમાં શિરોમણિ છો, હું મંદ ભાગ્યવાળો–સત્ત્વ વગરનો છું. તમારી સાથે યુદ્ધ કરવાને સાક્ષાત્ ઇંદ્ર પણ શક્તિવાન નથી, તો હું તે કોણ માત્ર ? શું નદીની રેણુ સૂર્યના મંડળનું આચ્છાદન કરી શકે ? "

" અરે મૂર્ખ ! એક નીચ બુદ્ધિવાળી નારીના કહેવાથી આવા વિષમ કાર્યમાં તું પડ્યો છે. રોગી જેમ વૈદ્યની હિતશિક્ષા ધ્યાનમાં રાખ્યા વગર કુપથ્ય સેવન કરે તેમ તેં પણ એક સ્રીની નીચ બુદ્ધિથી કેવું અકાર્ય કર્યું ? સ્રીઓની વાગ્જાળમાં ફસાયેલો બળવાન પુરુષ પણ સ્ખલના પામીને પડી જાય છે, માટે હવેથી એ તુચ્છબુદ્ધિવાળી સ્રીનાં વચન ઉપર

ભરોંસો રાખીશ નહિ." એમ કહીને દયા લાવી એ વિદ્યાધરને છોડી મૂકયો. જેમ સિંહના પંજામાંથી મુક્ત થયેલું મૃગલું દોડી જાય તેમ તે વિદ્યાધર પણ તરત જ પોતાને સ્થાનકે ચાલ્યો ગયો. સ્ત્રી ભરઊંઘમાં સૂતેલી તે પ્રભાત થતાં જાગી; એટલે કુમારે રાત્રિની સર્વ વાત એને કહી સંભળાવી. પછી ત્યાંથી પ્રાતઃકૃત્યો કરીને દર્ભથી ચરણ વિંધાતાં હતાં છતાં તેઓ એક દિશા તરફ ચાલ્યાં.

× × ×

"હે ભવ્ય પ્રાણીઓ ! આ ભવસાગરમાં ચોરાશી લાખ જીવાયોનિમાં ભ્રમણ કરતો જીવ ભાગ્યવશે જ મનુષ્યભવ પ્રાપ્ત કરે છે. જેમ રત્નની ખાણમાંથી કોઇ પુણ્યવંત જ રત્નો પામી શકે છે તેમ કદાચ મનુષ્યભવ મળે તો પણ સદ્‌ગુરુ–મોક્ષદાયક ગુરુનો મેળાપ તો કવચિત જ થાય. એ યોગ થયા છતાં પણ ધર્મ ઉપર શ્રદ્ધા તો ભવિતવ્યતાને યોગે જ થાય છે. આત્માની ભવસ્થિતિ જ્યારે પરિપકવ થાય ત્યારે વસ્તુતત્ત્વ યથાર્થ રીતે સમજવામાં આવે છે. બાકી મનુષ્ય તો આત્મસુખને ભૂલી બાહ્ય સુખમાં જ રક્ત થાય છે. પાપ કરવાથી પરલોકમાં આપણું શું થશે ? એટલો પણ વિચાર નહિ કરતાં ફક્ત વર્તમાન સમયને જ મુખ્ય ગણીને પાપકાર્યમાં રચ્યા-પચ્યા રહે છે. એવા સંસારમાં જ ફક્ત આસક્ત રહેનારાઓને ધર્મ ઉપર શ્રદ્ધા કેવી રીતે થાય ? જેમ ધર્મ ઉપર શ્રદ્ધા થવી દુષ્કર છે, તેમ જ કદી તત્ત્વ જાણ્યું તો પણ તેને આચાર-વિચારમાં મૂકીને ચારિત્ર સુધારવાની ઇચ્છા તો જવલ્લે જ થાય છે. હે ભવ્યો ! જો તમારે જન્મ, જરા અને મરણાદિક અનંત રોગોના ભયમાંથી મુક્ત થવું હોય તો પ્રમાદને ત્યાગીને

ધર્મધ્યાનમાં સાવધ રહો. બાહ્ય દશાનો ત્યાગ કરીને આત્મભાવમાં જાગૃત થાઓ; સંસારના આ બાહ્ય રંગરાગોમાં લીન ન થાઓ. એ તમને સંસારમાં રખડાવશે–જન્મમરણનાં અનેક સંકટો બતાવશે, માટે જેમ વ્યાપારી પરદેશમાં ભટકીને અલ્પ ભારવાળાં અમૂલ્ય રત્નો શોધે છે તેમ તમે પણ સંસારમાંથી મુક્તિને દેનારાં જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણ અમૂલ્ય રત્નો મેળવીને મુક્તિસુખની ચાહના રાખો. જ્યાં અનંત સુખ છે, અનંત જીવન છે એવા મોક્ષસુખને પ્રાપ્ત કરવા માટે મોહના પ્રબળ કુટુંબનો નાશ કરવા તમે ધર્મરૂપ શસ્ત્રને ધારણ કરો અને તેની સહાયથી જ્ઞાન, દર્શન ને ચારિત્ર પ્રાપ્ત કરીને તમે ભવસાગર તરો. ”

એક નગરના ઉદ્યાનમાં અનેક લોકોથી વંદન કરાતા ગુણરત્ન નામના મુનિરાજ ઉપર પ્રમાણે ભવ્યજનોને ઉપદેશ આપી પ્રતિબોધ કરી રહ્યા છે તે સ્થળે આ યુગલ આવી, ગુરુને વંદન કરીને તેમની દેશના સાંભળવાને બેઠું. તેઓ બંનેએ ગુરુમહારાજની ઉપર પ્રમાણેની દેશના સાંભળી, જેથી કુમારનું ચિત્ત વૈરાગ્યથી આર્દ્ર થઇ ગયું. તેણે પોતાની પ્રિયાને કહ્યું : “ પ્રિયે ! સંસારથી ખેદ પામેલું મારું મન સંસારને કારાગાર સમાન જાણતું હમણાં ગુરુની અમૃતવાણીથી મુક્તિમાર્ગ તરફ વળ્યું છે. આ શત્રુ સમાન વિષયોને દૂર કરીને જો તારી રજા હોય તો હું ગુરુમહારાજ પાસે ચારિત્ર લઉં. આ શઠ વિષયોના વશે આપણે કાંઇ ઓછું દુઃખ જોયું નથી. રાજવંશમાં જન્મ્યા છતાં અરણ્યવાસી ભિલ–ભીલડીની માફક આપણે જંગલમાં જ જીવન ગુજાર્યું છે. વળી કાળ આવીને ક્યારે સપડાવશે તે

પણ આપણે જાણુતા નથી, માટે દીક્ષા લઇને તપ કરવાવડે હું મારું આત્મકલ્યાણ સાધવા ઇચ્છું છું."

"હે સ્વામી! તમારું કહેવું સત્ય છે, પરન્તુ આપણી તારુણ્યાવસ્થા જોતાં એ સાહસ પ્રશંસા યોગ્ય નથી. ચારિત્ર લીધા પછી કદાચ ઇંદ્રિયરૂપ ઘોડા ચપળ થાય તો શિવપદ લેવા જતાં ઊલટાં સંસારને વધારનાર થઈ પડીએ; માટે કોઇ જ્ઞાની ગુરુને પૂછીને પછી આપણે દીક્ષા લઇએ તો ઠીક; કારણ કે હજી મારી ભોગેચ્છા ક્ષીણુ થઈ નથી. વિષયો જીતવા તે તો યોગીઓને પણ દુર્જય હોય છે, તો પછી ભોગની ઇચ્છાવાળા પુરુષો કેવી રીતે તેને જીતી શકે? પ્રથમ એ અધમ ખેચરના વચને બંધાણી, બીજી વખત તેના ભાઈનો ઉપદ્રવ થયો, જેથી આજ પર્યંત ભોગ વિના મારું યૌવન વ્યર્થ ગયું છે, માટે હાલમાં થોડો કાળ સબૂર કરો. ત્યારપછી કોઇ ત્રૈકાળિક જ્ઞાની ગુરુને પૂછીને આપણે યથોચિત કરશું."

રાજતનયાનાં એ પ્રમાણેનાં મુગ્ધ વચન સાંભળીને કુમારે કહ્યું: "પ્રિયે! મને કાળરૂપી રાક્ષસનો વિશ્વાસ નથી કે એ ક્યારે આવીને આપણી ગરદન પકડશે. દડો જેમ રમત રમતમાં ઊંચો જઈ નીચે પડે છે તેવી કાળની આકસ્મિક ગતિ છે. તેમ જ આવાં શ્રેયકારી કાર્યો ભવિષ્ય ઉપર મુલતવી રાખવાથી ઘણાં વિઘ્નો ઉપસ્થિત થાય છે. મોટા પુરુષોને પણ ઉત્તમ કાર્યમાં વિઘ્ન આવેલાં છે, જેથી બુદ્ધિવંતો સારું કાર્ય કરવામાં વિલંબ કરતાં નથી. વિલંબ કરતાં કદાચ મૃત્યુ થઈ જાય તો શુભ કાર્યની વાંછા અધૂરી રહી જાય છે, તો પણ હે તન્વંગી! હજી તારું મન

વ્રત લેવામાં અસ્થિર છે, તો તારા ચિત્તની સ્થિરતાને માટે થોડો કાળ હું રાહ જોઇશ." એમ કહીને પ્રિયાને નગરની બહાર ઉદ્યાનમાં એક તરુવર નીચે મૂકીને પોતે ભોજનની સામગ્રી લેવાને નગરમાં ગયો. જુગારવડે કાંઇક દ્રવ્ય સંપાદન કરી તેનાવડે તેણે કેટલીક ખાવાની વસ્તુઓ ખરીદ કરી ને જલ્દી પ્રિયાની પાસે આવવા નીકળ્યો. પોતે હાથમાં ખાવાની વસ્તુ પકડીને આવતો હતો, જેથી નગરમાં આવનારને એ સારા શુકન તરીકે લાભદાયક થતું હતું. તેના તેજસ્વી ચહેરાથી, ચાલવાની ખૂબીથી, તેમ જ આવી રીતે હાથમાં વસ્તુઓ લઇને એકલો ક્યાં જતો હશે ? એવી ઇચ્છાથી અનેક પ્રશ્નો કરનારા તેને મળતા હતા, છતાં વનમાં પ્રિયાને એકલી છોડેલી હોવાથી તેનું મન ત્યાં જ ચોંટેલું હતું. અત્યારે જવાબ આપવા જેટલી પણ તેને ફુરસદ નહોતી, જેથી એકદમ તે ભોજન લઇને કનકવતી જ્યાં બેઠેલી હતી ત્યાં આવ્યો તેણે સ્ત્રીને જમાડીને તે પોતે ભોજન કર્યું.

જમી પરવાર્યા પછી પ્રિયા સાથે વાર્તાલાપ કરતાં તેના અંતરમાં કંઇક દુઃખ થતું જોઇને કુમાર વિચારમાં પડ્યો. "નક્કી આ બિચારી મનમાં બહુ દુઃખી થતી જણાય છે. શું એને માતાપિતા સાંભરતાં હશે કે બીજી કાંઇ બાબત હશે ? માટે તેના હૃદયની કંઇક વિશેષ પરીક્ષા તો કરવી જોઇએ." એમ વિચારી દેહચિંતાનું બાનું કાઢીને પ્રિયાને એકલી મૂકી તે ચાલ્યો ગયો. પોતાની સ્ત્રી પોતાને ન જોઇ શકે તેમ એ ત્રણ વૃક્ષ પછવાડે ઊભો રહીને પ્રિયાની ચેષ્ટા જોવા લાગ્યો; તો સ્ત્રીએ પોતાને એકલી જોઇ ભૂમિ ઉપર નર—નારીનું જોડલું ચિતરવા માંડ્યું. પછી તેને વારંવાર જોવા લાગી, નિઃશ્વાસ ઉપર

નિઃશ્વાસ મૂકવા લાગી, કોયલની માફક પંચમ સ્વર સમા મીઠા સ્વરે ઝીણું ઝીણું ગાવા લાગી. થોડીવાર પછી છાતી બતાવતી, આળસ મરડતી અને દીર્ઘ નિઃશ્વાસ મૂકતી તે જ્વરાર્ત્તની માફક વિહ્વળ દેખાવા લાગી. અશ્રુભરી આંખે તે ચારે દિશાએ જોવા લાગી. એની એવી ચેષ્ટા જોઈને ગુણવર્મા વિચારમાં પડ્યો: "અહો ! હું આ શું જોઉં છું ? પ્રિયાની મનોવૃત્તિ કોઈ અન્ય વ્યક્તિમાં આસક્ત થઇ જણાય છે એ ચોક્કસ છે. મારી આગળ એના જુદા ભાવ છે, પરોક્ષે એ કેવા ભાવ ભજવે છે ? આતુરતાથી કોની રાહ જુએ છે ? નક્કી એને હમણાં કોઈ મળી ગયું છે, જેથી આ ઉદાસ ચહેરે બેઠેલી છે. આ તે શું મારા વિયોગે આની આવી દશા થયેલી છે કે મારા તટસ્થ રહેવાથી શું એ વિરહવ્યથાથી પીડાય છે ? પણ જો મને જોઇને એ પોતાનો સ્વભાવ બદલી નાખશે, તો નક્કી એ વ્યભિચારિણી છે એમ માનીશ." એમ મનમાં ચિંતવી તે બીજે રસ્તેથી અચાનક સ્ત્રીની પાસે આવ્યો તો તેણીએ પોતાનો ચહેરો બદલી નાખ્યો. મનમાં તો તે બધું સમજતો હતો, છતાં પ્રિયાને ખિન્ન ચિત્તવાળી જોઈને તેણે પૂછયું. "કાન્તે ! આજે તને શું થયું છે ? તારું ચિત્ત અસ્વસ્થ કેમ જણાય છે ? શું કુટુંબવર્ગ કે માતાપિતા યાદ આવ્યાં છે કે જેથી તું મનમાં આમ દુભાય છે ?"

"પ્રિયે ! તમે પાસે છતાં મારે અરણ્ય પણ સ્વર્ગ સમાન છે. હે જીવિતેશ્વર ! તમારાથી અન્ય મારે બીજું કોણ સ્મરણ કરવા યોગ્ય હોય ?" સ્ત્રીએ ઉપર ઉપરથી આવો જવાબ આપી એના દિલનું સમાધાન કરવાનો પ્રયત્ન કર્યો–ઠગવા વિચાર કર્યો.

પણ એ ચતુર અને બધા વિશ્વની પરીક્ષા કરવામાં કુશળ

કુમારે ચિંતવ્યું કે " આ અધમ સ્ત્રી માત્ર બનાવટી વાત જ મને કહી સંભળાવે છે. એના હૃદયમાં બીજું કંઇ ચિંતવે છે. ઉપરથી એ મને બીજું સમજાવે છે. માત્ર એણે મને સારું લગાડવાને જ આ કપોલકલ્પિત વાત કરી છે, બાકી એના હૃદયની ચાવી તો નક્કી કોઇ બીજાએ હરી છે, છતાં હજી વિશેષ ખાતરી કરીને પછી જે ઠીક લાગે એમ કરવું. એ નિર્બળ અબળાને બનતાં લગી હેરાન ન કરવી. કર્યા કર્મનું ફળ તો એ સ્વતઃ ભોગવશે. ઘણા કાળથી ઉત્પન્ન થયેલા સ્ત્રી–પુરુષના પ્રેમ અને વિશ્વાસનો આજે એણે ભંગ કર્યો જણાય છે. એ અંતરનો સ્નેહ દૂર કરી ઉપરનાં ચાટુ વાકયોથી મને સમજાવવા પ્રયત્ન કરે છે; પરન્તુ એના હૃદયમાં કોણ છે અને કોણ આવી ગયો છે ? તે પ્રાયઃ ઘણું કરીને પ્રગટ થશે જ; તેની તપાસ કરવી એ મારું કામ છે. " પછી તે દિવસે ત્યાં જ રાત્રિ ગુજારવાનું નક્કી કરીને કુમાર સ્ત્રીને એકલી રાખી પોતે વનમાં તપાસ કરવા લાગ્યો. સ્ત્રી ન જાણે તેમ તેની ઉપર પણ દેખરેખ રાખતો હતો, એટલામાં ત્યાં ફરતા કોઈ માણસે તેને પૂછયું: " અરે ભાઇ ! અહીં અમારા રાજકુમારને તમે જોયા ? " તેના ઉત્તરમાં કુમાર બોલ્યો કે:

" કયા રાજકુમાર ? તું કોણ છો ? આટલો બધો ઉત્સુક કેમ છે ? " એ પ્રમાણે ગુણવર્માકુમારે તેને પૂછયું. તેના ઉત્તરમાં તે બોલ્યો કે:

" શંખની જેવા ઉજ્જવળ યશવાળી આ શંખપુરી નામે નગરી છે. અહીં ઇશાનચંદ્ર નામે રાજા પ્રજાનું ન્યાયથી પાલન કરનારા છે. એ રાજાને ગુણચંદ્ર નામે ગુણના સાગર સમાન

કુમાર છે. એ કુમાર કોઇ લાવણ્યના સાગરસમી પરદેશી લલનાના મોહપાસમાં લુબ્ધ થયા છે. તેની પાછળ ઘેલો થઇ તેને મળવાને દિવાના જેવો થયો છે. માત્ર એ એક જ દોષ રાજાની કીર્તિને કલંક લગાડનારો છે. એ પરદેશી પ્રેમદાને મળવાને માટે અમે આ વનમાં આવ્યા. ત્યાં એને મળ્યા પછી અન્ય કાર્યનું બ્હાનું કાઢીને મને ગામમાં મોકલ્યો, જેથી સ્વામીનું કાર્ય કરીને હું સત્વર ચાલ્યો આવું છું, પણ કુમાર જોવામાં આવતા નથી, માટે જ હું તમને પૂછું છું કે તે તમારા જોવામાં આવ્યા છે? જો આવ્યા હોય તો તે કયાં છે તે કહો." રાજકુમારને શોધતા એ પુરુષે સ્પષ્ટપણે ખુલાસો કરી દીધો. તે મુગ્ધ પુરુષ ક્યાંથી જાણે કે આ પુરુષ જ–તરુણ જ તે યુવાન બાળાનો વલ્લભ છે. તેણે બધું કાચું કાપ્યું હતું, છતાં ગુણ-વર્માકુમારને જે જોઈતું હતું તે જણાઇ ગયું હતું. તેનો સંશય હવે નિશ્ચયના રૂપમાં ફેરવાઈ ગયો હતો. તે છતાં જાણે ત્રાહિત હોય તેમ સ્થિર ચિત્ત રાખીને તેણે તે પુરુષને કહ્યું કે: "તમારો રાજકુમાર એ ઇચ્છિત સ્રીને મળીને નગરમાં ગયો જણાય છે."

"તો શું અમારા રાજકુમારને તે મૃગલોચના મળી?" તેણે ફરીને પૂછયું:

"અરે મુગ્ધ! એમાં શું મોટી વાત છે? આકાશમાં વિહરનારો હિમાંશુ જો કુમુદિની સાથે મળી શકે છે, તો પછી એમના મળવામાં શું નવાઇ હતી?" કુમારે કહ્યું.

"અહો! અતિ ખુશીની વાત છે કે રાજકુમારને અને તે પરદેશી લલનાને પ્રથમ દર્શનમાં જ આવો અધિક સ્નેહ જામ્યો એ ઘણું સારું થયું." એમ કહીને તે પુરુષ ત્યાંથી સત્વર

ચાલ્યો ગયો. પણ એ બિચારો ક્યાં જાણતો હતો કે પોતાના શબ્દરૂપ તપ્તલોહના ખીલાઓ કુમારના રોમરાયમાં તે ભોંકી ગયો હતો. એ શૂરવીરના હ્રુદયમાં અનેક ઉત્પાત મચાવી ગયો હતો.

સર્વાંગે જાણે અગ્નિથી તપાવેલા લોખંડી ખીલાઓ પોતાના શરીરમાં કોઇ એક સાથે સાડાત્રણ કોટી રોમરાયમાં ભોંકતું હોય અને તેની વેદના થતી હોય તેવો અનુભવ કરતો ગુણવર્માકુમાર દુઃખી દિલે વિચાર કરવા લાગ્યો: "અહો! માણસની વૃત્તિઓ પળપળમાં કેવી બદલાય છે અને તેમાં પણ ચંચળ સ્ત્રીના મનની વૃત્તિઓ બદલાતાં તો કંઈ વાર જ નથી લાગતી. હા! વનિતા-જનની એ ગૂઢ માયાને ધિક્કાર થાઓ કે જે ત્રણ લોકને વિષે ધીરપુરુષોની મતિ ઉપર પણ અસ્ખલિતપણે કામ કરે છે. તે એક સ્ત્રીના મનરૂપ ગહન વનમાં પ્રવેશી તેનું અવગાહન કરવાને શક્તિવાન થતી નથી. એક વસ્તુથી બીજી અધિક જોવામાં આવતી નથી ત્યાં સુધી જ તેને પોતાની માની તે ઉપર પ્રેમ કરે છે; પરન્તુ એથી અધિક જોતાં તેનાં હ્રુદયનાં ભાવો તુરતજ બદલાઈ જાય છે. સ્ત્રીપુરુષનું આવા ચપળ મનવાળું જોડું યુગલ તરીકે ક્યાં લગી રહી શકે? આટઆટલી માવજત કરતાં, એની સેવા કરતાં, કષ્ટ સહન કરતાં, પણ આ ચંચળ મનવાળી સ્ત્રી મારી ન થઈ, આખરે બીજા પુરુષમાં એ રક્ત થઇ કિંતુ જ્યાંસુધી એને વિશેષ કલંક લાગ્યું નથી ત્યાં સુધી એને ઠેકાણે મૂકીને હું મારા આત્મસાધનનો માર્ગ શોધી લઉં.

દોષનું મંદિર એવી સ્ત્રીઓ તો સર્વ ઠેકાણે પુરુષને આપત્તિમાં જ નાખનારી છે. સ્ત્રી પણ નારીજાતિ છે. માયા પણ નારીજાતિ છે. બન્નેનું સ્ત્રીલિંગ હોવાથી સમાન છે. માયા એ

મોહિનીને જ વળગેલી છે, અર્થાત્ સ્ત્રીનું હૃદય એ માયાનું ગૂઢ મંદિર છે. હા! જે એના હૃદયમાં છે તે એના વચનમાં નથી, જે વચનમાં જણાય છે તે કાર્યમાં–ક્રિયામાં જણાતું નથી. એવી સ્ત્રીઓ કેવી રીતે વિશ્વાસનું સ્થાનક થઇ શકે? દાનવડે કે માનવડે, કળાવડે અથવા તો કૃપાવડે કૃતાંતની માફક ક્રૂર વનિતાઓ કોઈ રીતે વશ થઇ શકતી નથી. એમને તો સ્વેચ્છાચારપણું જ હમેશાં પ્રિય હોય છે.

અરે! જેને માટે વિદ્યાધરપતિ સાથે યુદ્ધ કર્યું, સમુદ્ર તર્યો, વનેવન વનચરની માફક ભમ્યો એ સ્ત્રી આજે બીજાના ચિત્તરંજનને માટે થઇ. પારાવાર રહિત આ સંસારનું સ્વરૂપ જાણવાને કોણ સમર્થ છે? આવા આ સંસારમાં પુરુષો સ્ત્રીરૂપી પાષાણમય શિલાનું ગાઢ અવલંબન લઇને–એ સ્ત્રીરૂપી શિલાને વળગવાથી ડૂબી ગયા છે, તે હજી શોધ્યા પણ જડતા નથી. જેને માટે મેં આટઆટલું કષ્ટ સહ્યું, વફાદારી બતાવી, આખરે એનું આ પરિણામ! હશે ખેર! હજી કંઇ વિશેષ બગડયું નથી. અહીંથી નજીક એના મામાનું રાજ્ય છે ત્યાં એને મૂકીને હું આ પાપ–શિલાને છોડી મારું આત્મસાધન કરી લઉં. કોઈ જ્ઞાની ગુરુ પાસે વ્રત અંગીકાર કરી વિરાગી ઉપર રાગદષ્ટિથી જોનારી અને પોતાને ખોળે લીધા પછી અનંતકાળે પણ નહિ તજનારી મુક્તિવધૂને પામું અને આ અનાદિ સંસાર પીડા મટાડી દઉં." એમ વિચારી તરત જ પ્રિયાની પાસે આવીને એ ધીર પુરુષ ગંભીર વાણીથી બોલ્યો: "પ્રિયે! હજી મધ્યાહ્ન સમય થવાને વાર છે, માટે આગળ આપણી મુસાફરી શરૂ કરીએ. નજીકના કોઈ બીજા શહેરમાં રાત્રિ નિર્ગમન કરશું."

"સ્વામી ! આજની રાત અહીં રહીને પ્રાતઃકાળે આપણે આગળ ચાલીએ તો શું હરકત છે ?" પ્રિયાએ રાત્રિ અહીં જ વ્યતીત કરવાની માગણી કરી. કનકવતીએ રહેવાને સૂચવ્યું, છતાં કુમાર તો પોતાની મુસાફરીની તૈયારી કરીને આગળ ચાલવા લાગ્યો.

એ બાળા વિચારમાં પડી : "હું શું કરું ? કયાં જાઉં ? ભયથી એને કાંઈપણ વધારે કહેવાની મારી હિંમત ચાલતી નથી." એ પ્રમાણે વિચારતી આકુળવ્યાકુળ ચિત્તે ચારે બાજુએ કાંઇક શોધતી ને મનમાં બડબડતી તે પણ તેની પાછળ ચાલી નીકળી.

× × ×

કેટલેક દૂર જતાં અનુક્રમે કનકવતીના મામાનું નગર આવ્યું. એ સિંહપુરીમાં જઈને તેઓ સિંહરાજાના દરબારમાં ગયાં. રાજાએ કોઇપણ રીતે પોતાની ભગિનીપુત્રીને ઓળખીને તેનું સન્માન કરી ખોળામાં બેસાડી એના સુખ–દુઃખની વાત પૂછી: "દીકરી ! પોતાના ઘરની માફક તું અહીં જ અમારા આશ્રયે રહે અને મોજમજા કર. તમે બે મને કાંઈ ભારે પડશો નહિ. મારું મકાન, સમૃદ્ધિ એ સર્વે તમારું જ છે." રાજાએ એમ કહીને તેમને એક મકાન કાઢી આપ્યું. દાસ–દાસી વિગેરેની સગવડ કરી આપી. ત્યાં તેઓ બન્ને રહ્યાં. રાત્રિને સમયે ગુણવર્મા એ સ્ત્રીને છોડીને દીક્ષા લેવાની ઇચ્છાથી ચાલ્યો ગયો. જેમ કારાગ્રહમાંથી છૂટો થતાં કેદીને જેટલો હર્ષ થાય તે કરતાં સ્ત્રીના પાશમાંથી છૂટતા ગુણવર્માને અધિક હર્ષ થયો. ગમે તે પ્રકારે નગરના કિલ્લાનું ઉલ્લંઘન કરીને તેણે ગુણરત્ન મુનિની પાસે જઇ દીક્ષા ગ્રહણ કરી. બાહ્ય શત્રુઓને તો તે જીતવાને સમર્થ હતો, હવે અભ્યંતર શત્રુઓને જીતવાને એણે ભગવંતે

ક્હેલો દીક્ષામાર્ગ અંગીકાર કર્યો. પોતાના આત્માનું હિત કરવામાં તે સંપૂર્ણપણે લક્ષ્ય આપવા લાગ્યો. સંસારનાં બંધનોની મુક્ત થઈને સિદ્ધના ધ્યાનમાં જ તે તત્પર રહેવા લાગ્યો.

પ્રાતઃકાળ થતાં જ્યારે કનકવતી નિદ્રામાંથી જાગી ત્યારે સ્વામીને પાસે નહિ જોવાથી તેણે મંદિરમાં સર્વે ઠેકાણે તપાસ કરી, નોકરચાકરને પૂછ્યું. છેવટે એની ભાળ નહિ મળવાથી એણે મામાને જાહેર કર્યું. મામાએ-રાજાએ નગરમાં-ઉપવનમાં તપાસ કરાવી. ઘોડેસ્વારો મોકલીને નગરની આજુબાજુ સર્વ સ્થળે તપાસ કરાવી પણ કુમારનો ક્યાંય પણ પત્તો લાગ્યો નહિ.

છેવટે નિરાશ થઈને મામાએ ભાણેજને પોતાની પાસે બોલાવી ખોળામાં બેસાડીને શિખામણ આપવા માંડી: "દીકરી! શામાટે ખેદ કરે છે? પૂર્વભવનાં બાંધેલાં કર્મોને રોકવાને પંડિતો પણ સમર્થ થતા નથી. સર્વ ઠેકાણે તારા સ્વામીની તપાસ કરી પણ કયાંઇ એનો પત્તો લાગતો નથી, છતાં તપાસ તો હમેશાં ચાલુ રહેશે. તું સુખેથી આપણે ઘરે રહે, મનમાં જરા પણ ઓછું લાવીશ નહિ. કોઈપણ રીતે તારા પતિને શોધી કાઢીને હું તને મેળવી આપીશ-તારા કોડ પૂરા કરીશ. તું સુખપૂર્વક અહીં રહે અને ધર્મસાધન કર, જેના પ્રભાવથી સર્વે સારું થશે." મામાએ એ મુજબ સમજાવેલી ભાણેજ લોકાચાર પ્રમાણે સાડાત્રણ દિવસ શોક પાળીને અનુક્રમે તે વાત ભૂલી જવા લાગી. તેનું ચપળ ચિત્ત હવે નિરંકુશ થયું. રહ્યોસહ્યો અંકુશ પણ જતો રહ્યો હતો, જેથી સ્વચ્છંદપણે એના મનના ઘોડા આકાશમાં દોડવા લાગ્યા. દિલમાં અનેક અવનવા તરંગો ઊઠવા માંડ્યા. નવીન યૌવન હતું, હૃદય આશાઓથી ભરેલું હતું,

**ભોગેચ્છા તીવ્ર હતી, પતિનો વિયોગ હતો, એવી સ્થિતિમાં યૌવનવતી અબળાઓ વ્યભિચાર વગર બીજું શું કરે ?**

કર્મની ગતિ વિચિત્ર છે. તે રંકને રાજા અને રાજાને રંક બનાવી શકે છે. મનુષ્યથી ન બની શકે તે કર્મ બનાવી શકે છે. માણુસ સંયોગોને આધીન છે. ખાચત આજે જે ધનવાન હોય છે તેને એક દિવસ ખાવાને ટુકડો પણ મળતો નથી. એક વખતનો ધર્મી માણુસ સમય આવતાં પાપ તરફ બેધડક ઘસડાઈ જાય છે. કુલટા સ્ત્રીઓ સમયપરત્વે ઠેકાણે આવી જાય છે અને સતી સ્ત્રીઓ સમયને આધીન થઇને વ્યભિચાર તરફ આકર્ષાઈ જાય છે. સતીત્વનો દાવો કરનારી કનકવતી હવે સંસારના સ્વચ્છંદ સુખમાં આગળ વધવાની તૈયારી કરી રહી હતી. અત્યંત રૂપવાન શંખપુરના રાજકુમારને જોયો ત્યારથી જ તેનું ચિત્ત ત્યાં લાગેલું હતું. તેની વચમાં તેનો પતિ અંતરાયરૂપ હતો તે કાંટો પણ અત્યારે દૂર થયો હતો. તેનો માર્ગ હવે તેને મન નિષ્કંટક થયો હતો. તેને તો ખબર હતી કે "મારા સ્વામીએ મારું દુષ્ટ ચરિત્ર જોયેલું હશે, જેથી મને મારા મામાને ઘેર મૂકીને દીક્ષા લેવાને ગયા હશે ને મારા દુર્ગુણોની એણે ઉપેક્ષા કરી હશે, તો મારે પણ મારા મનનું ધાર્યું કરવું જોઇએ. એણે સમર્થ છતાં મારા દોષો માફ કર્યા, એને સ્થાને બીજો કોઇ હોત તો મને મારી નાખીને પોતે મરી જાત, પણ એ પુણ્યપુરુષે વચનમાત્રથી પણ મારી ઉપર દ્વેષ બતાવ્યો નથી. તે દિવસે ગુરુની વાત સાંભળીને જ એનું મન વૈરાગ્યમાં લીન થયું હતું. હાલમાં મારો અન્યાય જોઇને નક્કી એ પ્રવ્રજ્યા ગ્રહણ કરશે. જો એ દીક્ષા લે તો જ મારા

સકળ મનોરથ સિદ્ધ થાય. હું પણ મારા ઇચ્છિત સ્થાનકે જઇને અભિલષિત સુખને ભોગવું." ઇત્યાદિક ચિંતવતી તે ચોથા દિવસની રાત્રે મામાના ઘરેથી એકાકિની શંખપુરને રસ્તે રાજપુત્ર ગુણચંદ્રને મળવાને ચાલી.

સતીમાં ખપતી અબળા અત્યારે પતિનો ત્યાગ કરીને અનાચાર સેવવામાં કેવી તત્પર થઇ હતી? પોતાના યાર પાસે મધ્યરાત્રિએ જતાં એને કોઇનો ડર નહોતો. યાર ઉપર એને પતિ કરતાં પણ અથાગ પ્રેમ હતો. એના રૂપની એ ભ્રમરી બની હતી. એને મળવાના ઉત્સાહમાં કોઇની પણ પરવા કર્યા વગર તે શંખપુરી તરફ ધસી જતી હતી. આશા, તૃષ્ણા, ભોગની વાંચ્છા અને ઉપપતિ સાથેના સુખની તીવ્રેચ્છાના તરંગોમાં અત્યારે તેને પરિશ્રમ પણ જણાતો નહોતો, કેમકે યારને મળવાનો દ્વિગુણ ઉત્સાહ હૃદયમાં ભર્યો હતો. પુષ્પધન્વાએ એને પોતાનો શિકાર બનાવી હતી, જેથી એ બાળા આ અનાચારને રસ્તે જતી હતી. છતાં ભાવી શું હોય છે તે કોઇ જાણી શકતું નથી. માણસ, પછી તે સ્ત્રી હો કે પુરુષ પણ સુખ મેળવવાને તો તનતોડ મહેનત કરે છે, અનાચાર સેવે છે, છતાં સુખ પ્રાપ્ત થવું એ તો દૈવાધીન છે. પૂર્વના પુણ્ય સિવાય પ્રાણીઓને ગમે તેટલો પ્રયાસ–ઉદ્યમ કર્યા છતાં પણ સુખ પ્રાપ્ત થતું નથી. આ બિચારી કનકવતી જે સુખ પતિ પાસેથી ન મેળવી શકી તે લેવાને એ બીજાની પાસે દોડી. અત્યારે તો બન્ને લોકનો સ્વાર્થ બગાડી રસ્તે તે દોડતી હતી. કામ ને ક્રોધમાં મુંઝાયેલો અજ્ઞાની આત્મા ઓછો સમજે છે કે હું ક્યાં જાઉં છું? કયે રસ્તે જાઉં છું? આ રસ્તે જવામાં મને લાભ છે કે કેમ? મનને પરવશ થયેલા જીવોની સંસારમાં એવી જ વિચિત્ર સ્થિતિ હોય છે.

કનકવતી ગુણચંદ્રકુમાર પાસે પહોંચી ગઇ અને ચાટુ વચનોવડે એને સમજાવવા લાગી: 'પ્રિય! જ્યારથી તમને જોયા છે ત્યારથી જ હું તમારી થઇ છું. પૂર્વે ભરથારના ભયથી તમારી સાથે બરાબર મળાયું નહોતું પણ હવે નિર્વિઘ્ને આપણે મનગમતાં સુખો ભોગવી શકીશું. મારું મન તો એક તમને જ ઝંખે છે, ત્યાં પછી લોકોક્તિનો શું ભય છે? તેની સાથે મારું મન નહિ છતાં મારે જવું પડ્યું; પરન્તુ તમારામાં મારું ચિત્ત હોવાથી તરત જ હું પાછી આવી છું." આવી મનોહર વાણીવડે કુમારનું દિલ રંજન કરવાથી કુમારે પણ ખુશી થઇને તેનું અધિક સન્માન કર્યું. પ્રાણથી અધિક વહાલી ગણીને એને સર્વે રાણીઓમાં પટ્ટરાણીપદ આપ્યું અને હમેશાં એની જ સાથે રક્ત રહેવા લાગ્યો. પોતાની બીજી રાણીઓની આવી રીતે ઉપેક્ષા કરવાથી બીજી સ્ત્રીઓ મનમાં આ કનકવતી ઉપર અતિ ક્રુદ્ધ થઇ ગઇ. કોઇપણ રીતે એનો રસ્તો કરી નાખવાને તેઓ તૈયારી કરવા લાગી. આ બાજુ સમુદ્રમાં પડેલું પાણીનું બિંદુ જેમ સમુદ્રના અથાગ જળમાં મળી જાય, તેમ આ બન્ને જણાં એક બીજાના પ્રેમમાં તદ્રૂપ બની ગયાં.

કુમારની બીજી રાણીઓ આપસઆપસમાં એકઠી મળીને વિચાર કરવા લાગી: "અરે! જુઓ તો ખરા. આ આજકાલની આવેલી, કઇ જ્ઞાતિની, કયા કુલની, તેને પરણ્યા વગર વેશ્યાની માફક રાખીને કુમારે એને પટ્ટરાણીનું પદ આપ્યું. કુમારને એણે એવું કામણ કરી દીધું છે કે તે ક્ષણભર પણ એના વગર રહી શકતા નથી. એ આજકાલની વેશ્યા સરખી સ્ત્રી આપણને બધાંને હેરાન કરે એ કેમ પાલવે? માટે

આપણે સર્વેએ એ દુષ્ટાને માટે શું પગલાં લેવાં ? એ કાંટાને કયા કાંટાવડે દૂર કરવો ? એ પાપિણીએ તો આવીને આપણા બધાંના સુખમાં પથરો નાખ્યો, આપણા સર્વેનું ભાણું અભડાવ્યું; તો એને પણ આપણે બરાબર રખડાવવી જોઇએ. આપણે રાજવંશમાં ઉત્પન્ન થએલી છીએ છતાં એણે આપણને દાસીની જેવી બનાવી દીધી; અને વેશ્યા જેવી તેણી આજે કુમારની પટ્ટરાણી થઇ પડી." છેવટે વિચાર કરીને એમણે એક રસ્તો શોધી કાઢ્યો. તે રસ્તો તેણીના નાશનો હતો. હમેશને માટે તેને બીજી દુનિયામાં હવા ખાવાને મોકલવાનો હતો. "એમજ કરો, આપણા સર્વેના સુખનો એણે નાશ કરી નાખ્યો છે, માટે એ જીવશે તો આપણ સર્વેને શૂળીની માફક હમેશાં દુઃખ રહેશે, અને જો તે એકલી જ મરશે તો આપણને સર્વેને સુખ થશે; માટે સમય આવતાં ઝેર આપીને એને પરલોકમાં મોકલી દેવી." એમ સર્વેએ નક્કી કર્યું.

યથાસમયે દાસીને ફોડીને ખૂબ લાલચ આપી કનકવતીને ઝેર અપાવી દીધું. આ લોકમાં જ તેના અનાચારનું ફળ તેને અહીં ને અહીં જ મળી ગયું.

વિષયથી આર્ત્ત થયેલાં મનુષ્યો જગતમાં કયું પાપ નથી કરતાં ? પોતાના અલ્પ સ્વાર્થની ખાતર જીવો ઘોર પાપ કરીને દુરંત નરકમાં બેધડક ચાલ્યા જાય છે.

ઝેર ચઢવાથી જેની ભોગેચ્છા અધૂરી રહી ગઇ છે, સંસારની વાસનામાં જ જેનું ચિત્ત રહી ગયું છે એવી કનકવતી આર્ત્તરૌદ્ર ધ્યાનમાં પડી ગઇ. મરણ સમયે જીવવાની ઘણી ઈચ્છા છતાં એ ભાવી ભવિતવ્યતા આગળ કોનું ચાલી શકે ? સ્વતંત્રપણે

જે કાર્ય જીવ કરી શકતો નથી તે પરાધીનપણે એને કરવું પડે છે. અત્યારે શરીરની રગેરગમાં ફરી વળેલું ઝેર કોઈ રીતે ઊતરે એવું નહોતું. દુનિયાના વિષમમાં વિષમ એવાં બન્ને પ્રકારનાં ઝેર કનકવતીનો પ્રાણ લેવાને તલસી રહ્યાં હતાં. કામ, ક્રોધનું ઝેર તેના હૈયામાં ભર્યું હતું, એની સાથે બીજું જીવલેણ બાહ્ય ઝેર મળ્યું હતું. એ બન્ને વિષથી વ્યાપ્ત એવી કનકવતીના હૃદયમાં અનેક દુઃખની લાગણી ઉત્પન્ન થઇ. જીવવાને અનેક વલખાં માર્યાં–બૂમો પાડી, ધમપછાડા કર્યાં; પણ એ સર્વે અત્યારે નકામું હતું. મૃત્યુના મુખમાંથી બચાવવાની કોઇની પણ તાકાત નહોતી.

મનુષ્યઇચ્છા કરતાં વિધિઇચ્છા બળવાન હતી. માણસની ઇચ્છા જુદી હોય છે, દૈવેચ્છા જુદા જ પ્રકારની હોય છે. એ દૈવેચ્છાને કોઇ ટાળી શકતું નથી. એની ઉપરવટ જઈને આજ સુધીમાં કોઇએ પોતાનું મનમાન્યું કર્યું નથી, કોઇ કરવાને શક્તિવાન પણ થયા નથી. ઈંદ્ર, ચંદ્ર, સૂર્ય, ચક્રી ને વાસુદેવ એ બધા સમર્થ પુરુષો કહેવાય છે. એમનાથી પણ સમર્થ અક્ષય વીર્યવાન અને અનંત વીર્યવાન તીર્થંકર ભગવંતો ગણાય છે. સર્વેને ભવિતવ્યતા સહન કરવી પડે છે. દૈવનું લેણું–કર્મોનું કરજ અવશ્ય ચુકવવું જ પડે છે. નહિતર ઋષભદેવ ભગવાન દીક્ષા લીધા પછી વર્ષ દિવસ પર્યંત આહાર રહિતપણે રહ્યા એ કેમ બને ? બાહુબળી એક જ જગ્યાએ વર્ષ દિવસ પર્યંત કાઉસગ્ગધ્યાને રહ્યા, શરીરે વેલડીઓ વીંટાણી ને એમાં પંખીઓએ પોતાના માળા કર્યા, છતાં પર્વતની માફક એ ધીર પુરુષે આંખનું મટકું પણ માર્યું નહિ

એ બધું શા માટે? કર્મોનું કરજ ચૂકવવા માટે જ. એ બધું એ જ્ઞાની મહાપુરુષો પોતાની ઇચ્છાએ જ કર્મના નાશને અર્થે જ વહન કરતા હતા. મોહના પિંજરમાંથી મુક્ત થઇને મુક્તિમાં જવાને એ પ્રયત્ન કરી રહ્યા હતા. એવી સ્થિતિમાં પણ દુનિયાના સુખદુઃખોની એમને ક્યાં પરવા હતી? જ્યાં લગી શરીર ઉપર મમત્વભાવ રહે છે ત્યાં સુધી જ આત્મા બાહ્યદષ્ટિમાં રાચીને પોતાને સુખી યા દુઃખી માને છે, મોહમાયાને વશ પડીને અનેક પ્રકારનાં કુકર્મ કરીને મનુષ્યભવ હારી જઇ અધોગતિમાં ચાલ્યો જાય છે કે જેથી ઘણે કાળે પણ એ પ્રાણી પાછો અનેક જન્મ–મરણ કર્યાં છતાં પણ મનુષ્યજન્મ દેખી શકતો નથી; તો પછી ધર્મ પામવાની તો વાત જ શી કરવી!

રંક બિચારી કનકવતી! ઉત્તમ મનુષ્યજન્મ પામી સુખસમૃદ્ધિની સર્વે સંપત્તિ પ્રાપ્ત થવા છતાં પૂર્વના ભોગોપભોગના અંતરાયે એ સર્વે વ્યર્થ ગયું હતું. એ ગુણવર્માકુમાર અને કનકવતી રાજબાળા મનુષ્યભવમાં બન્નેનો અદ્‌ભુત મેળાપ થયો, પરન્તુ અહીંથી બન્નેના આગામી ભવસ્થિતિ ન્યારી જ હતી. ગુણવર્મા દેવલોકનો અતિથિ હતો, કનકવતી ચોથી નરકની મેમાન હતી. સંસારમાં આ મેળાપ એ તેમનો આખરનો હતો, છતાં બન્નેએ તેનો જોઇએ તેવો લાભ તો ન જ લીધો. હવે પછી અનંત કાળે પણ તેઓ સંસારમાં ફરીને મળી શકે તેમ નહોતું; કેમકે દેવલોકથી ચ્યવીને મનુષ્ય ભવ પામી ત્યાંથી ગુણવર્મા મુક્તિમાં જવાના હતા. કનકવતી નરકમાંથી નિકળ્યા પછી ભલે સંસારમાં પરિભ્રમણ કરે, છતાં ગુણવર્મા ફરીને એને ન જ મળે; તેમ છતાં એ બાળા એની

પણ સગી ન થઈ. એણે કુમારને દગો દીધો, તો દૈવે એને બરાબર ગુલાંટ ખવડાવી. મુક્તિવધૂનો લાડકો એ ગુણવર્મા, એણે તો સ્ત્રીને માફ કરી, એના દુર્ગુણો તરફ ઉપેક્ષા કરી, તો એ મુક્તિવધૂનો અધિક લાડકો થયો. છતાં કુદરત કાંઇ રહેમ કરે તેમ નહોતી. કુદરતે તો કનકવતીને બરાબર જ શિક્ષા કરી હતી. ઘણા કાળ પર્યંત દુઃખ ભોગવ્યા જ કરે એવા ઠેકાણે એને ખેંચી હતી, કેમકે કરેલું પાપ તો કોઇને પણ છોડતું નથી.

તરફડિયાં મારતી અને ધમપછાડા કરતી કનકવતીને બચાવવાને ઘણી મહેનત કરવામાં આવી, અને કુશળ રાજવૈદ્યોને બોલાવવામાં આવ્યા. વૈદ્યોએ પોતાની અનેક યુક્તિ-પ્રયુક્તિઓ વાપરી-ભિન્નભિન્ન જાતની ગૂટિકાઓ અજમાવી. ભંડારમાંથી વિષ ઉતારનારાં મણિ મંગાવ્યાં, પણ જે દિવ્ય હતાં તે અદૃશ્ય થયાં અને પ્રભાવ વગરનાં હતાં તેમનાથી કંઇપણ લાભ ન થયો. તૂટી તેની જગતમાં બૂટી જ નથી. આયુષ્યની દોરી પૂર્ણ થતાં તે કોઇનાથી સાંધી શકાતી નથી, કોઈએ સાંધી નથી. સર્વેને હાથ ઘસતાં જ જવું પડે છે. કરેલાં કર્મો સર્વેને ભોગવવાં પડે છે. ચોથી નરક પૃથ્વીમાં કનકવતીની જગ્યા નિર્માણ થઇ ગઇ હતી. ઘણા કાળ પર્યંત જ્યાંથી નીકળી ન શકાય એવી સ્થિતિમાં એને દુઃખ ભોગવવાને રહેવાનું હતું. ત્યાં નહોતી દાદ કે ફરિયાદ ! એ દુઃખ-એ સંકટો જે નારકી ભોગવી શકે છે, તેનાથી થતી વેદનાને તે જ અનુભવી શકે. મનુષ્ય પામર પ્રાણીને એની કલ્પના પણ ક્યાંથી હોઇ શકે ? જો એની કલ્પના થાય તો તો પ્રાણી પાપ જ ન કરી શકે, અનાચાર જ ન સેવી શકે ? પરન્તુ યૌવનવયથી ઉન્મત્ત થયેલો મનુષ્ય અકાર્ય કરતાં તે વખતે પાછું વાળીને જોતો નથી કે હું શું કર્યે જાઉં છું.

કનકવતીની ઝેરના પ્રયોગથી મોતની છેલ્લી ઘડીઓ ગણાવા લાગી. એ પ્રિયતમ, એ સમૃદ્ધિ, એ સુખ, એ વાસનાઓ, એ વૈભવ સર્વે હાજર હતું. મોતની છેલ્લી ઘડીએ એ સર્વે તે નિહાળી રહી હતી, પણ કોઇનામાં એને બચાવવાની શક્તિ ન હતી. કમને આ સર્વેનો ત્યાગ કરીને તે અત્યારે એવા તો અંધકારવાળા સ્થાનમાં જતી હતી કે જયાં અનંત દુઃખ હતું-અંધકારમય કારાગાર હતું.

ચોથી નરકપૃથ્વી જયાં ઓછામાં ઓછું સાત સાગરોપમ ને ઉત્કૃષ્ટ દશ સાગરોપમનું આયુષ્ય છે, વચલા ગાળાનું આયુષ્ય તે મધ્યમ આયુષ્ય ગણાય છે, જયાં પરમાધામીકૃત વેદના હોતી નથી, પરન્તુ અન્યોઅન્યકૃત વેદના અને ક્ષેત્રવેદના એમ બે પ્રકારની વેદના હોય છે તે નરકપૃથ્વીમાં કનકવતીનો જીવ કનકવતીનું સ્ત્રીશરીર છોડીને પોતાનાં દુષ્કૃત કર્મને અનુસારે સાત સાગરોપમથી અધિક આયુષ્યવાળા નારકીપણે ઉત્પન્ન થયો. નરકપૃથ્વીમાં ઉત્તરોત્તર એક બીજીથી અનંતગણું દુઃખ વધારે હોય છે. પહેલેથી બીજીમાં અનંતગણું, બીજીથી ત્રીજીમાં એમ ઉત્તરોત્તર અનંતગણું સમજી લેવું.

સાત સાગરોપમથી અધિક કાળપર્યંત કનકવતીનો જીવ અનંતગણું દુઃખ ભોગવશે. ત્યાંથી નીકળીને પણ એ સંસારમાં અનંતકાળ પર્યંત ભ્રમણ કરશે, ડગલે ને પગલે આપદાઓ-સંકટો-દુઃખો સહન કરશે, ને અકાળ મરણો કરશે. સાગરોપમ, સાગર+ઉપમા=સાગરમાં જેટલાં બિંદુઓ હોય અથવા સાગરની સમાન વર્ષો એ સાગરોપમ એટલે દશ કોડાકોડી પલ્યોપમે એક સાગરોપમ થાય. અસંખ્યાતા વર્ષો એકઠાં થાય ત્યારે એક પલ્યો-

પમ થાય. પલ્યોપમની વિગત જાણવા ઇચ્છનારે તેનું માન બીજા ગ્રંથોથકી જાણી લેવું. ક્રોડને ક્રોડે ગુણીએ ત્યારે કોડાકોડી થાય.

દીક્ષા ગ્રહણ કર્યા પછી ગુણવર્માકુમાર પોતાની આત્મ-શક્તિ ફોરવવામાં જ તત્પર રહ્યો. ગુરુ સાથે વિહાર કરી શાસ્ત્રોનું અધ્યયન કરતાં, યથાશક્તિ તપ કરી વિષયોને દહન કરતા સતા વાયુની માફક અપ્રતિબદ્ધપણે વિહાર કરી ભવ્યજનોને પ્રતિ-બોધ કરી રહ્યા હતા.

અનેક પ્રકારનાં તપ કરવાવડે દુષ્કર્મરૂપી અંધકારનો એમણે નાશ કરી નાખ્યો ને અંતકાળે સમાધિમરણે કરીને સર્વે જીવો સાથે મૈત્રીભાવ ધ્યાવતાં ખમતખામણાં કરતાં ગુણવર્મા કુમાર દેવલોકમાં ઉત્પન્ન થયો. દીર્ઘકાળ પર્યંત દેવલોકનાં સુખ ભોગવીને, ત્યાંથી ચ્યવીને ગુણવર્મા કુમાર ઉત્તમ મનુષ્યજન્મ પામી ચારિત્ર લઈ સિદ્ધિવધૂને વરશે.

ઇતિશ્રી ગુણવર્મા કુમાર તથા

કનકવતી કથા.

## [ વડીલ જનની અવગણના વિષે ]

# ( ૭ ) વસુદત્તાની કથા.

પૂર્વે અવંતીનગરીમાં ધનદત્ત નામનો મોટો ધનાઢ્ય શાહુકાર રહેતો હતો. એને ધનશ્રી નામે પ્રિયાથી ધનવસુ નામે પુત્ર ઉત્પન્ન થયો. ત્યારબાદ બીજી વસુદત્તા નામે પુત્રી થઇ. કૌશંબી નગરીના ધનિક સાર્થવાહ ધનદેવને વસુદત્તા પુત્રી પરણાવી. અનુક્રમે અવંતીમાં એ સાર્થવાહ વેપાર કરવાથી ઘણી લક્ષ્મી કમાયો. પછી એ લક્ષ્મી અને લક્ષ્મીથી અધિક પ્રિયાને લઇને તે ખુશી થતો પોતાને વતન ગયો. ત્યાં પોતાની પ્રિયા સાથે નિવૃત્ત ચિત્તે તે સંસાર સંબંધી વૈષયિક સુખ ભોગવવા લાગ્યો. કાળે કરીને વસુદત્તાને બે પુત્ર થયા, ને ત્રીજો ગર્ભમાં રહ્યો. અનુક્રમે યશ ને ધર્મની માફક જગતમાં એ બંને જણાં માન્ય થયા. જ્યાં લક્ષ્મી હોય છે ત્યાં મનુષ્ય પણ માન પામે છે. અન્યદા ધનદેવ વિશેષ ધનપ્રાપ્તિ અર્થે માતા, પિતા તથા ગર્ભવંતી સ્ત્રીની રજા લઇને દેશાંતર ગયો. પોતાનો ધણી દેશાવર ગયો એટલે વસુદત્તાનું મન માતાપિતાને મળવાને ઉલટ્યું. તેને કેટલાક મહિના વ્યતીત થયા. એટલામાં ઉજ્જયિની તરફ જતો દૂર દેશાવરથી એક સાર્થ આવેલો ત્યાં ઉતર્યો એ જાણીને સ્વચ્છંદી વસુદત્તા એની સાથે પિયર જવાને તૈયાર થઇ. તેના સસરાએ એને સમજાવી કે "આવા પરદેશી સથવારા સાથે એકાકીપણે જવું યોગ્ય નથી." વસુદત્તાએ "માતાપિતાને મળવા મારું મન ઉત્કંઠાવાળું થઈ ગયું છે, આ સાર્થ પણ ત્યાં જવાનો છે, તો એની સાથે જવામાં કાંઇ હરકત નથી." એમ શ્વસુરને

કહ્યું. સસરાએ કહ્યું કે: “ હાલમાં તમે અહીં જ રહો, તમારો પતિ આવે ત્યારે જજો. વળી હમણાં તમને નવમો માસ છે, અવંતી ઘણે દૂર છે, સાર્થ કાંઇ આપણા સંબંધવાળો નથી કે તમારી ખાતરબરદાસ રાખે; તો અજાણ્યા સથવારા સાથે એકાએક આપણાથી કેવી રીતે જવાય ? ” આ પ્રમાણે સાસુ-સસરાએ ઘણું સમજાવી, તો પણ એ સ્વેચ્છાચારિણી મનસ્વિની વસુદત્તા સાર્થની સાથે જવા તૈયાર થઇ. જગતમાં એવો નિયમ છે કે “ પંડિત જનોએ સ્વચ્છંદીને હિતકારી વચન પણ ન કહેવું. ” એમ સમજીને સાસુસસરા મૌન રહ્યાં.

વસુદત્તા પોતાના પુત્રોને લઈને પ્રભાત સમયે ઘેરથી નીકળી અને નગરની બહાર જઈને જુએ છે તો સાર્થ તો ચાલ્યો ગયો હતો, છતાં એ લજ્જાથી પાછી ઘરે ન આવતાં સાર્થને મળવાની આશાએ ઉજ્જયિનીને રસ્તે ચાલી. ઉતાવળી ગતિએ ચાલવા છતાં પણ વસુદત્તા આગળ ગયેલા સાર્થને તો મળી શકી નહિ, પણ બીજે જ રસ્તે નીકળી ગઇ.

ધનદેવ પણ દેશાવરથી તે જ દિવસે ઘેર આવ્યો. પોતાની સ્ત્રીને નહિ જોવાથી એણે માતાને પૂછયું કે: “ મારી સ્ત્રી પુત્રોની સાથે કયાં ગઇ છે ? ”

“ પુત્ર ! અમે એને ઘણું સમજાવી, પણ અમારું કથન ન માનતાં આજે જ તે પોતાના બન્ને પુત્રોને લઇને ઉજ્જયિની તરફ ગઈ છે. ” માતાએ કહ્યું.

માતાનાં એવાં વચન સાંભળીને અંતરમાં ઘણું દુઃખ ધારણ કરતો ધનદેવ સ્ત્રી અને પુત્રના સ્નેહથી તેમની પછવાડે ચાલ્યો: “ હે પ્રિયે ! માર્ગમાં તું એકલી કેવી રીતે જઇશ ? પુત્રો તારી

પાસે કેમ રહેશે ? " એ પ્રમાણે વિચાર કરતો તે ઉજ્જયિનીને રસ્તે જવા લાગ્યો. અનુક્રમે વનમાં ભમતાં ભમતાં અશરણ્ય રીતે અરણ્યમાં ભમતાં અને ખેદવાળાં થયેલા સ્ત્રીપુત્રને ધનદેવે જોયાં, જેથી પ્રસન્ન થતો તેમની પાસે આવીને " કાંતે ! રોષિત થયેલીની માફક આમ એકાકી તું ક્યાં ચાલી જાય છે ? " એમ બોલતો પ્રિયા અને પુત્રને મળ્યો. પ્રિયાને દૃઢ આલિંગીને પુત્રને ખોળામાં બેસાડ્યા. પછી સાથે લાવેલું ભાતું સર્વેએ ખાધું.

નિશા સમય થતાં રસ્તો છોડીને વનની એક એકાંત જગ્યામાં એમણે ધૂળની શય્યા કરીને સૂઇ જવાનો વિચાર કર્યો. વસુદત્તા પણ પોતાના પતિની સાથે વિનોદ કરતી વાસભવનની માફક એ ધૂળની શય્યામાં સૂતી. વનમાં રહેલાં મૃગલાંની માફક સુખપૂર્વક ત્યાં સૂઇ રહ્યાં હતાં, એટલામાં વસુદત્તાને પ્રસૂતિ થઇ. એ નવપ્રસવના ગંધથી વનમાં રહેલો એક ભયંકર વ્યાઘ્ર ગર્જના કરતો ત્યાં આવ્યો. પૂર્વજન્મનો જાણે વૈરી જ હોય તેમ એણે પ્રથમ ધનદેવને જ ઉપાડ્યો અને સંહાર્યો. પોતાના પતિની આવી દશા જોઇ વસુદત્તા ભયંકર મૂર્ચ્છામાં પડી, એટલે તરતનો જન્મેલો બાળક પણ મરી ગયો. મૂર્ચ્છા ઉતર્યા પછી વસુદત્તા વિલાપ કરવા લાગી: " હા ! હા ! કાંત ! તું ક્યાં ગયો ? હૃદયેશ્વર ! એક વાર બોલ ! તારો પ્રેમ, તારા ગુણ, ગૌરવ, ક્ષમા—એ બધું આકાશની છાયા સમાન થઇ ગયું ! હાય ! તારું દર્શન મને ક્યાં થશે ? હે ગુણાકર ! ક્ષમા કર ! તારા વગર મારું શું થશે ? આ દુષ્ટ વ્યાઘ્ર કયા ભવનો દુશ્મન જાગ્યો કે જેણે આજે પૂરેપૂરાં વેર વાળ્યાં ? અરે ! એ દુષ્ટ વ્યાઘ્રે પણ કેવી પરીક્ષા કરી કે નિર્ગુણી એવી મને છોડીને તમને ગુણવંતને ઉપાડી ગયો. જગતમાં સુવિનીતોમાં

તમે એક જ ઉત્તમ શિરોમણિ હતા, કે અશક્ત છતાં પણ અમારી શોધ કરતાં અમારી પાછળ ચાલ્યા આવ્યા. હા! મારા સાહસિકપણાને, સ્વચ્છંદપણાને ધિક્કાર થાઓ કે ગુરુજનની હિતશિક્ષાને નહિ ગણકારીને તેમની ઉપરવટ થઇ હું ચાલી નીકળી, તો એનું ફળ મને બરાબર મળ્યું ને વિષલતાની માફક પતિ ને પુત્રનો ક્ષય કરનારી થઈ !" આ પ્રમાણે શોક કરતી વસુદત્તા પોતાના બન્ને પુત્રોને લઇને આગળ ચાલી. આગળ જતાં એક મોટી નદી આવી. અકાળે વૃષ્ટિ થવાથી નદીમાં પાણી પુષ્કળ ભરાયું હતું.

"અહા ! આનો પિતા પર્વત છે, કેમકે નદી પર્વતમાંથી નીકળી છે અને સ્વામી રત્નાકર–સમુદ્ર છે, છતાં કેવી ચપળ અને વક્ર સ્વભાવવાળી છે. શું મારી માફક આ પણ હીન હશે ?" એમ ચિંતવતી નદીને કાંઠે એક બાળકને મૂકી બીજાનો હાથ પકડી નદી ઉતરવા લાગી. નદીના મધ્ય ભાગે આવતાં પત્થર સાથે પગની ઠોકર લાગવાથી તે નદીમાં પડી ગઈ ને બાળકનો હાથ તેના હાથમાંથી છૂટી ગયો. તેમજ કાંઠે રહેલો બાળક પણ માતાની આ સ્થિતિ જોઇને ફાળ મારતો નદીમાં પડ્યો તે પણ ત્યાં જ ડૂબી ગયો. સાથે લીધેલો બાળક હાથ છૂટો થઇ જવાથી ડૂબી ગયો. મિથ્યાત્વથી મૂઢ થયેલાને જિનોદિત ધર્મ દુર્લભ હોય તેમ બન્ને બાળક ગુમાવીને પોતાના અંગને પણ નદીના પ્રવાહમાં રાખવાને અસમર્થ વસુદત્તા પાણીના પ્રવાહમાં તણાતી ચાલી. તણાતાં તણાતાં તે કાંઠે રહેલા એક વૃક્ષની શાખાને વળગી પડી. પછી તેનું અવલંબન લઈને ધીમેથી તેણી બહાર નીકળી. તે બહાર નીકળીને જેવી શ્વાસોશ્વાસ લઈ સ્વસ્થ થાય છે એટલામાં ચોર લોકોએ એને

પકડી અને બાંધીને સિંહગુહા નામની પોતાની પલ્લીમાં લઇ જઇ પલ્લીપતિને અર્પણ કરી. ત્યાં સ્નાન, ખાન, પાન, અભ્યંગ આદિ સામગ્રીથી તેની કાંતિ પાછી ખીલી નીકળી, જેથી પોતાને ઘણી રાણીઓ હોવા છતાં પણ પલ્લીપતિએ એના રૂપમાં લુબ્ધ થઇને તેને પટરાણી કરીને સ્થાપી. પછી તે પ્રતિદિવસ એની સાથે જ ક્રીડા કરવા લાગ્યો અને બીજી બધી સ્ત્રીઓને તેણે તજી દીધી, જેથી એ સર્વ સ્ત્રીઓ ઇર્ષ્યાગ્નિથી બળતી વસુદત્તાનાં છિદ્ર શોધવા લાગી.

વસુદત્તાને પલ્લીપતિ સાથે રહેતાં કેટલાક માસ પસાર થઇ ગયા, એટલે તેની સમાન તેજસ્વી કાંતિવાળો એને એક પુત્ર પ્રસવ્યો. જગતમાં પ્રાયઃ કરીને પુત્રો પિતા સમાન ને પુત્રી માતા સમાન હોય છે. એને પુત્રવાળી જોઇને અંતઃપુરની સર્વે રાણીઓ રોષવાળી થઇ ગઇ ને કોપથી હોઠ ડસતી વિચારવા લાગી કેઃ " હવે એનો શી રીતે ઘાટ ઘડી નાખવો ? "

એક દિવસ મનમાં કાંઇક નક્કી કરીને તે સર્વે સ્વામી પાસે આવીને કહેવા લાગીઃ " હે સ્વામી ! તમને અધિક શું કહીએ ? અમારાથી વિરક્ત થયેલા તમે અમારું વચન સાંભળશો નહિ; તો પણ સ્નેહના બળથી હિતકારક વાત કહેવાને અમારી જિહ્વા આકુળવ્યાકુળ થાય છે. આ વસુદત્તા પરનરમાં આસક્ત છે. આપનાથી ગુપ્ત રીતે આ વસુદત્તા અન્ય પુરુષ સાથે રમે છે, નહિ તો પુત્રનું મુખ તમારા જેવું હોવું જોઇએ, છતાં એના ચારના જેવું એનું મુખ છે. આ બાળક કાંઇ તમારો નથી. જુઓ, તમારો ને એનો ઘાટ સરખો છે ? હવે એથી વિશેષ આપને શું પ્રમાણ આપીએ ? જગતમાં સામાન્ય નિયમ છે કે પંડિત

પુરુષે ઘણા ધણી કરનારી પત્ની, વારંવાર નવા સ્વામી કરતો નોકર અને વહુનું ઉચ્છિષ્ટ ભોજન—આ ત્રણે વસ્તુનો ત્યાગ કરવો જોઇએ."

સ્ત્રીઓની આવી વાણી સાંભળીને તુચ્છ બુદ્ધિવાળો ભિલ્લપતિ ખડ્ગમાં પોતાનું મુખ જોવા લાગ્યો તો રાહુ જેવું શ્યામ, બીલાડા જેવી આંખો, લાંબા અધરોષ્ટ, નમેલી નાસિકા એવી પોતાની સ્થિતિ જોઇને પછી પુત્રનું મુખ જોયું તો ચંદ્રમા સમું ગૌર વદન, કમળ સમી આંખો અને બિંબાકાર સમા અધરપલ્લવ, આવું પોતાના મોંથી વિપરીત મોં જોઇને ક્રોધથી ધમધમતા એણે તલવારના પ્રહારથી બાળકનો નાશ કર્યો.

પછી વસુદત્તાના કેશ મુંડાવીને યષ્ટિમુષ્ટિના પ્રહારથી મારી અધમુઇ કરીને ભિલ્લોને સોંપી વૃક્ષની શાખાએ લટકાવવા હુકમ કર્યો. તે મુજબ ભિલ્લોએ એને પુર બહાર લઇ જઈ કાંટાવાળા ઝાડ સાથે બાંધી. વૃક્ષ સાથે બંધાયેલી અને જેની સર્વ આશા નષ્ટ થઈ છે એવી તે જાળમાં સપડાયેલી પક્ષિણીની માફક દુઃખિત થતી ચારે દિશાએ જોવા લાગી અને મનમાં અતિ વિષાદ પામી વિચારવા લાગી: "અહો ! ગુરુજનનાં વચનનો લોપ કરવાથી જાણે કોપાયમાન થયેલા બ્રહ્માએ જ ઉત્પન્ન કરી ન હોય તેવી આ મનુષ્યભવમાં જ મને નરકસ્થાનની વેદના પ્રાપ્ત થઈ. માર્ગમાં પતિનું મરણ, પુત્રોનો વિયોગ, તેમનું નદીમાં ડૂબી જવું, તેમજ આવું દૃઢ બંધન—આ સર્વે મારે આ જ ભવમાં જોવાનું હશે ! આવા નિર્જન વનમાં હું કોને ભજું ? કોની સાથે બોલું ? અને શું કરું ?" ઇત્યાદિ સંકલ્પવિકલ્પ કરતી અને ખેદને ધારણ કરતી તે કેટલાક વખત સુધી એવી જ હાલતમાં પડી રહી.

મધ્યાહ્ને ઉજ્જયિની જતો એક સાર્થ ત્યાં ઉતર્યો. તે સાર્થનાં માણસો પાણીની આશાએ વનમાં ભમતાં હતાં એવામાં વૃક્ષની સાથે બાંધેલી વસુદત્તાને જોવાથી દયાબુદ્ધિ-વાળા એ પુરુષોએ એને છોડી અને પોતાની સાથે સાર્થમાં તેડી લાવી સાર્થવાહને સમર્પણ કરી. સાર્થપતિના પૂછવાથી વસુદત્તાએ પોતાનું આત્મવૃત્તાંત ટુંકાણમાં કહી દીધું. સાર્થ-પતિએ એને ખાવાપીવાની તેમજ કપડાં વગેરેની સગવડ કરી આપીને આશ્વાસન દેતાં કહ્યું: " પુત્રી ! શા માટે ખેદ કરે છે ? શું આ તારું કુટુંબ નથી ? અમારી સાથે તું પણ ઉજ્જયિની ચાલ." આ પ્રમાણે કોમળ વચનથી સાર્થપતિએ વસુદત્તાને શાંત કરી, જેથી તેણી સાર્થની સાથે ઉજ્જયિની તરફ ચાલી.

એ સાર્થમાં ઘણી સાધ્વીના પરિવારવાળા સુવ્રતા નામે સાધ્વી હતાં. તે ઉજ્જયિનીમાં જીવંતસ્વામિની પ્રતિમાને વંદન કરવાને જતા હતા એનો વસુદત્તાને મેળાપ થયો. ભવપરં-પરાના સુખને કરનારો ધર્મ એની પાસેથી એણે સાંભળ્યો. જન્મ, જરા, મરણના ભયથી ભય પામેલી વસુદત્તાએ સંસાર-સમુદ્ર તરવાને માટે સાર્થપતિની અનુજ્ઞા મેળવીને સાધ્વી સુવ્રતાની પાસે વ્રત ગ્રહણ કર્યું. સંવેગના રંગમાં લીન થઇ, શાસ્ત્રનાં વચનોનું પાન કરી અનુક્રમે ગુરુણી સાથે વિહાર કરતી ઉજ્જયિની આવી. ત્યાં એનાં માતાપિતા મળ્યાં, એમને પોતાની સર્વ હકીકત જણાવીને પ્રતિબોધ પમાડ્યાં. એવી રીતે વસુદત્તા માતપિતા અને ભાઇને પ્રતિબોધી જૈનધર્મના શુદ્ધ પાલનપૂર્વક દુષ્કર તપ તપીને સ્વર્ગલોકમાં ગઇ.

[ સ્વચ્છંદ વર્તન વિષે ]

# ( ૮ ) અરિદમન રાજાની કથા.

તામ્રલિપ્તી-ત્રંબાવટી નગરીનો ધણી અરિદમન નામે રાજા હતો. એને કમલિની માફક ગુણોનાં સ્થાનરૂપ પ્રીતિમતી નામે રાણી હતી. એ નગરમાં રાજાના બાળસ્નેહી ધનપતિ નામે શ્રેષ્ઠી રહેતો હતો. લક્ષ્મી ચંચળ છે. એની ચપળતા એવી છે કે હોય તો કોટીગમે ધન હોય ને ન હોય ત્યાં ખાવાના પણ કડાકા પડે. એ ધનપતિને ઘેર ધનદ નામે એક કંગાળ સૂત્રધારનો બાળક રહેતો હતો. એનાં માતપિતા મરણ પામેલા હોવાથી શેઠના ઘરનું પરચુરણ કામકાજ કરીને તે પેટ ભરતો હતો.

ધનપતિને ધનવસુ નામે પુત્ર થયો. તે ધાવમાતાથી લાલન-પાલન કરાતો અને નાગરિક જનોથી રમાડાતો વૃદ્ધિને પામ્યો. અનુક્રમે યૌવનવય પામ્યો ત્યારે લક્ષ્મી પેદા કરવાને તે યવનદ્વીપ જવાને જહાજ તૈયાર કરવા લાગ્યો. પોતાનો મિત્ર-રથકારનો પુત્ર જે કોકાસ નામે પ્રસિદ્ધ થયો હતો તેને પણ યવનદ્વીપમાં સાથે લેવા તેણે ધાર્યું. પરદેશમાં અધિક લાભ થાય એવી કરિયાણાની ચીજો વહાણમાં ભરીને માતાપિતાની રજા લઇ વહાણની તૈયારી કરી. સુભટોની માફક હમેશાં જળ સાથે જ મસ્તી કરનારા, વહાણ ચલાવવાની ક્રિયામાં નિપુણ એવા સર્વે નાવિકોને દાનવડે એણે ખુશી કર્યા. જોષી પાસે મુહૂર્ત્ત જોવરાવી ઉત્તમ મુહૂર્ત્તે માતાપિતાએ વધારેલા ઉત્સાહપૂર્વક

શુભ શકુને વિમાનમાં જેમ વિદ્યાધર બેસે તેમ તે જહાજ ઉપર ચડ્યો. પિતાની રજા મેળવીને કોકાસને પણ સાથે લીધો.

અનુકૂળ પવન અને નાવિકોની કુશળતાથી જહાજ થોડા દિવસમાં યવનદ્વીપના બારામાં લાંગર્યું. ધનવસુએ યવનદ્વીપની ભાગોળે આવી તંબુ તાણી પડાવ નાખ્યો. નગરના મોટા મોટા વ્યવહારીઆઓ એનો માલ જોવાને આવ્યા. અનુક્રમે ધનવસુએ વ્યાપારીઓ સાથે ક્રયવિક્રય કરીને પુષ્કળ દ્રવ્ય મેળવ્યું.

રથકાર કોકાસ નવરો પડવાથી તે નગરમાં કળા જાણનાર કળાનિધિની પાસે ગયો. ત્યાં ઘણા છાત્રોને વિવિધ કળાનો અભ્યાસ કરતા એણે જોયા. કોકાસ પણ વિનયથી પાઠકને નમીને કાષ્ઠની અભિનવ વસ્તુઓ બનાવવાનું કામ શીખવા લાગ્યો. કળાચાર્ય પોતે કુશળ હતો પણ કળા શીખનારા વિદ્યાર્થીઓ પ્રમાદી હોવાથી તેની પાસેથી કળાનો લાભ તેઓ મેળવી શકતા નહોતા; કેમકે જેમ વ્યભિચારી પુરુષ સુરૂપા એવી પોતાની પ્રિયામાં પ્રીતિવાળો થતો નથી, તેમ ગૃહને આગણે નિરંકુશ બાળકો વિદ્યાનો લાભ બરાબર મેળવી શકતા નથી. કોકાસે તો એકચિત્તે શીખવામાં જ ધ્યાન રાખીને પોતાનું કાર્ય કરવા માંડયું.

અલ્પ દિવસમાં અનુક્રમે કોકાસ સકળ કળાકુશળ થયો. તે કાષ્ઠની હાથી ઘોડા વગેરે વસ્તુઓ બનાવતો અને એવી કળ ગોઠવતો કે જેથી તેઓ આકાશમાં ચાલતા હતા. એવો એ કલાવિશારદ થયો. ગુરુએ એને ચતુર અને વિનયવંત જોઈને ઉમંગથી બધું શીખવ્યું.

ગુરુની રહેમનજર હોય ને શિષ્ય ઉમંગી, વિનયવંત ને બુદ્ધિવંત હોય તો એને વિદ્યાકળા કાંઈ દૂર નથી. ભૂખથી

પીડાયેલા માણસને જમવામાં શું વાર લાગે ? એમ તેણે અલ્પ કાળમાં ઘણી કળાઓ શીખી લીધી.

ધનવસુએ લક્ષ્મી પેદા કરી અને કોકાસે કળા શીખી લીધી. પછી બન્ને પોતપોતાનું કાર્ય પરિપૂર્ણ કરીને પોતાને વતન ત્રંબાવટી આવ્યા. કોકાસ પોતાને વતન આવીને શેઠની રજા લઇ પોતાને ઘેર ગયો અને આજીવિકાના ઉપાય માટે કાષ્ઠની કોઇ વસ્તુ બનાવી રાજાને ચમત્કાર બતાવી તેની મહેરબાની મેળવવાને ઇચ્છયું.

કોકાસે કાષ્ઠનું કબૂતર બનાવ્યું. તે જેમ જીવતું કબૂતર આકાશમાં ઉડે તેમ કળસંચે કરીને આકાશમાં ઊડવા લાગ્યું. તે પ્રથમ તો દરિદ્રીના માથામાં જેમ શૂળ ઉત્પન્ન થાય તેમ રાજાને શૂળ ઉત્પન્ન કરનારૂં થયું. કારણ કે રાજાના શાલિ અગાસીમાં સુકવાતા હતા તેમાંથી આ કપોતદ્વારાએ સૂત્રધાર પોતાને ઘેર શાળી મંગાવવા લાગ્યો, તેમજ બીજાં ખળાં ક્ષેત્ર આદિમાં રહેલા ધાન્યનું પણ એવી રીતે હરણ કરવા લાગ્યો. અન્ય કાર્યો કરવામાં બેદરકાર રથકાર આ પ્રમાણે પોતાની આજીવિકા ચલાવવા લાગ્યો. રોજ રોજ શાલિ હરાતા હોવાથી રખેવાળોએ રાજા આગળ પોકાર કર્યો. રાજાએ પ્રધાનને તપાસ કરવા કહ્યું.

પ્રધાને બીજે દિવસે અગાસી ઉપર શાલિ સુકવ્યા પછી ગુપ્ત માણસો રાખ્યાં. તેમણે જોયું કે કાષ્ઠનો કપોત શાલિને હરી જતો હતો. એ વૃત્તાંત એમણે રાજાને કહ્યો.

રાજા આવું વિજ્ઞાન જોઇને ચમત્કાર પામ્યો. 'આવું કોનામાં વિજ્ઞાન છે કે જે વિજ્ઞાનીઓમાં પણ રત્નસમાન હોઇ

કાષ્ઠનાં આવાં આકાશગમન કરનારાં રમકડાં બનાવે છે ? ’ રાજાએ પ્રધાનને કહ્યું કે: “ આવો કળાવિશારદ આપણા નગરમાં કોણ છે ? તેની તપાસ કરાવો. ”

પ્રધાને તપાસ કરીને રથકાર કોકાસને બોલાવી રાજા આગળ હાજર કર્યો. એટલે રાજાએ એને હુકમ કર્યો. “ કોકાસ ! તારી આ કળા જોઈને હું પ્રસન્ન થયો છું. કાષ્ઠનું કપોત આકાશગમન કરીને રોજ મારા શાલિ લઈ જતું, પણ રક્ષકો બિચારા જાણી શકતા નહિ. એક દિવસ ગુપ્ત પુરુષો અગાસીમાં રાખ્યા ત્યારે જ કપોતની અમને ખબર પડી. દૂતનું કાર્ય કરવામાં ચતુર એવા ચરપુરુષોને એ કપોતને અનુસારે મોકલીને અમેં તારી તપાસ કરાવી તને તેડાવ્યો છે, તો તારું વિજ્ઞાન જણાવવાની ખાતર તું ગગનગમન કરી શકે એવું એક યંત્ર બનાવી લાવ. ” રાજાએ સ્નેહસહિત એ પ્રમાણે કહી વસ્ત્રાભૂષણોથી સત્કારી એને ઘેર વિદાય કર્યો.

કોકાસે થોડા દિવસમાં બે માણસ બેસી શકે તેવું કાષ્ઠનું એક અદ્‌ભુત વિમાન તૈયાર કર્યું, જે ખરા વિમાનની શોભાનો પણ તિરસ્કાર કરે એવું સુંદર થયું. એવું મનમોહક કાષ્ઠયંત્ર કરીને એણે રાજાને બતાવ્યું. પછી કોઇ પર્વને દિવસે રાજા અને એ કળાવિશારદ કોકાસ બન્ને તે કાષ્ઠવિમાનમાં બેસીને વિદ્યાધરોની માફક આકાશની સહેલ કરી આવ્યા. જે જે દૂર હતું, દુઃખે કરીને ચઢી શકાય તેવું હતું અને જે મુશ્કેલ હતું તે સર્વે આ વિમાનની મદદવડે તેમને ક્રીડાગૃહની માફક સરલ થયું; અર્થાત્ એ સર્વે તેમણે જોયું. રાજા અને કોકાસ બન્ને રોજ એ વિમાનદ્વારા એ પ્રમાણે સહેલ કરતા. કોઈ દિવસ

નદીના કાંઠે તો કોઇ દિવસ પર્વતના શિખર ઉપર, વળી કોઈ દિવસ રમણીય વનમાં, એવી રીતે કુતુહળી રાજા હમેશાં ક્રીડા કરવા લાગ્યો.

રાજાને રોજ આવી રીતે આકાશની મુસાફરી કરતો જોઇ રાણી પ્રીતિમતી બોલી: " મહારાજ ! મેં તમારો શું અપરાધ કર્યો છે કે નવા નવા દેશદર્શન કરવાથી મને દૂર રાખો છો ? પોતાના સ્નેહીજનને દૂર કરીને તમે એકલા જ કેમ આવી રીતે રોજ આનંદ કરો છો ? આવી તમારી દૃષ્ટિ કયારની થઇ ? તમે રોજ નવા નવા દેશ જુઓ, આકાશગમન કરો, પર્વતના શૃંગ ઉપર હરોફરો ને કૂવાના દેડકાની માફક અમે તો આખો દિવસ મહેલમાં જ ભરાઇ રહીએ; માટે ગમે તેમ કરીને એક વાર આપ મને સાથે લઇ જાઓ. " રાણી પ્રીતિમતીની એવી મોહમુગ્ધ વાણી સાંભળીને રાજાએ તે માન્ય કરી અને રથકારને જણાવ્યું: " આજે રાણી પણ આપણી સાથે આવશે. " રાજાનું આ કથન સાંભળીને રથકાર ચમકયો.

" મહારાજ ! વિમાન બે જણ જ બેસી શકે તેવું છે. બે કરતાં જો વધારે બેસશે તો અધિક ભારથી વિમાન ભાંગી જશે, માટે આપની વાત યોગ્ય નથી. " રથકારે ખુલાસો કર્યો.

રથકારે નિષેધ કર્યા છતાં પણ અરિદમન રાજાએ રાણીને વિમાનમાં બેસાડી. ' અહો ! બળવાન પુરુષો પણ એક અબળાનાં વચનમાત્રથી બંધાઈ જાય છે. ' કોકાસ ઘણો પસ્તાવો કરીને બોલ્યો: " રાજન્ ! સ્વચ્છંદતા એ મનુષ્યોને દુ:ખ કરનારી થાય છે. આપને આગળ ઘણો પસ્તાવો કરવો પડશે, કેમકે

વિમાન ભાંગશે તો મારી પાસે તેને સાંધવાની કળા નથી, માટે હજી પણ સમય હાથમાં છે, તો રાણીને મહેલમાં પાછાં મોકલો.” રથકારની શિખામણ રાજાએ ધ્યાનમાં લીધી નહિ.

આખરે વિમાન આકાશમાર્ગે ચાલ્યું. જ્યારે તે થોડે દૂર ગયું ત્યારે વિમાનમાં અધિક ભાર હોવાથી એની કળ એટલો ભાર ઝીલી શકી નહિ. લગભગ સહસ્ર કોશ ગયા પછી એના યંત્રની કીલિકા–ખીલીના તાર તુટી ગયા અને યંત્ર પૃથ્વીતળ ઉપર પડયું.

રાજા અતિ ચિંતાતુર થયો. “અરે ! આપણે આ કયા દેશમાં આવ્યા ? કોઈ શત્રુનો દેશ હશે તો મારું શું થશે ?” એમ ચિંતા કરતાં રાજાને કોકાસે ધીરજ આપીને કહ્યું: “મહારાજ ! ખેદથી સર્યું ! આપના શત્રુનો જ આ દેશ છે, માટે ગુપ્તપણે રહો, નહિતર મોટી વિપત્તિ આવશે. આ તરુવર નીચે બન્ને જણ આરામ લ્યો. હું નગરમાં જઇને યંત્રને સુધારવાનાં ઉપકરણ લઈ આવું.” એમ કહીને રાજાને તરુવર નીચે બેસાડી પોતે તોસલીપુર શહેરમાં ગયો. નગરમાં પૂછતાં પૂછતાં તે સૂત્રધાર કોઈ રથકારને ઘેર ગયો અને એની પાસે યંત્ર સુધારવાનાં નાનાં–મોટાં હથિયાર માગવા લાગ્યો. ત્યારે સૂત્રધારે કહ્યું: “ભાઇ ! તોસલીપુરપતિ કાકજંઘ રાજાનો રથ હમણાં હું સુધારું છું, જેથી આ ઓજાર તે રથ સુધાર્યા વગર તને આપી શકીશ નહિ.”

“ઠીક, મને એ તારા રાજાનો રથ જોવા દે.” કોકાસે એમ કહીને એ સૂત્રધાર પાસેથી રથ લઈને એનું ચક્ર તાત્કાલિક ચઢાવી સજ્જ કરીને પાછો સૂત્રધારને આપ્યો.

સૂત્રધાર એની કળા જોઈને આશ્ચર્ય પામ્યો અને વિચાર્યું કે " આ તો ત્રબાવટીનો કોકાસ જણાય છે. " પછી તેણે કોકાસને કહ્યું: " ભાઈ ! તમે ખરેખર કળાવિશારદ છો. તમારે યોગ્ય સુંદર હથિયારો મારા ભંડારમાં છે તે ક્ષણમાત્રમાં લઈને આવું છું. " એમ કહી તે સૂત્રધાર રાજા કાકજંઘની પાસે દોડ્યો અને તેની આગળ કલાનિધિ કોકાસના આગમનની વાત જણાવી.

રાજાએ તરતજ પોતાના સુભટોને મોકલીને કોકાસને પકડી મંગાવ્યો. જગતમાં એવું જણાય છે કે માણસોનું પુણ્ય ક્ષય પામે છે ત્યારે જ તેમને કુમતિ સુઝે છે. પુણ્ય ક્ષય થતાં અનેક પ્રકારની આફતો આવી પડે છે. કાકજંઘ રાજાએ કોપ કરીને તેને પૂછયું: " અરે કોકાસ ! બોલ, મારો શત્રુ અરિદમન રાજા ક્યાં છે ? જ્યાં તું હોય ત્યાં તે હોવોજ જોઇએ. વાયુ અને અગ્નિની માફક તમારા બન્નેનો વિરહ હોય જ નહિ."

કાકજંઘના પૂછવાથી એણે જ્યાં રાજા રાણી બેઠેલાં હતાં એ સ્થાનક બતાવ્યું, એટલે રાજાના પ્રેરેલા સુભટો છૂટ્યા. રાજા જ્યાં બેઠો હતો ત્યાં જઈ પ્રિયા સહિત રાજાને પકડયો. જેમ મોહનીય કર્મ ચેતના યુક્ત એવા જીવને પકડીને સંસાર-રૂપી કારાગારમાં નાખે તેમ સુભટો એને બાંધીને રાજા પાસે લાવ્યા રાજાએ રાજાને કેદખાનામાં નાખ્યો અને તેની રાણીને પોતાની અંત:પુરમાં મોકલી દીધી.

હવે રાજા કાકજંઘ કોકાસની પાસે પ્રાર્થના કરવા લાગ્યો: " હે મહાનુભાવ ! તું તારી આ અપૂર્વ કળાઓ મારા રાજ-કુમારોને શીખવ. "

"હે રાજન્! રાજકુમારોએ આવી કળા શીખવી યોગ્ય નથી. જેમ સ્ત્રીઓને શરીરે રોમરાય–રૂવાંટી શોભે નહિ, તેમ રથકારને યોગ્ય આવી કળાઓ રાજકુમારોને શોભાસ્પદ નથી." કોકાસે આ પ્રમાણે કહ્યું, છતાં રાજાએ બળાત્કારે રાજકુમારોને શીખડાવવાની ફરજ પાડી, જેથી રહસ્ય વગર કોકાસે કળા શીખવવા માંડી. પછી કોકાસે સુંદર કાષ્ઠના બે અશ્વો તૈયાર કર્યા. રાજકુમારોએ કોકાસ પાસે પોતાને બેસવા સારુ એ ઘોડાઓની માગણી કરી, જેથી કોકાસે હૃદયમાં તેમના ઉપર સ્નેહ લાવીને કહ્યું: "વત્સ! એ પ્રેતસરખા ઘોડા ઉપર બેસવાની તમારે માગણી કરવી નહિં." એમ કહીને તેમને નિવાર્યા.

એક દિવસ કોકાસ ભરઉંઘમાં હતો અને તે ઘોડાઓ સજ્જ હતા, એનો લાભ લઈને તે બન્ને રાજકુમારો અશ્વ ઉપર ચઢીને આકાશમાં ઉડ્યા.

થોડીવારમાં કોકાસ ઊઠ્યો અને એ અશ્વો નહિ જોવાથી બીજા કુમારોને પૂછ્યું કે: "અશ્વો ક્યાં ગયા?" "એ અશ્વો ઉપર બન્ને રાજકુમારો બેસીને આકાશમાં ઊડી ગયા." બીજા રાજકુમારોએ જણાવ્યું.

"અહા! બહુ માઠું થયું! ધિક્કાર છે એ બાલચાપલ્યને! તમારા એ બન્ને બાંધવો હવે જીવતા પાછા ફરશે નહિ, કેમકે કળનું મૂળ તેઓ જાણતા નથી; તેથી પાછા કેવી રીતે ફરશે? અશ્વને ઉતારવાની કીલિકા તેઓ જાણતા નથી જેથી તમારા બન્ને બાંધવો એમના બાળચાપલ્યથી હંમેશ માટે ગયા સમજવા!" કોકાસે ખરી વાત જણાવી દીધી.

પરિણામે આકાશમાં ઊડેલા બન્ને બાળકો ઉતારવાની કળા નહી જાણવાથી કાળે કરીને પોતાની મેળે જ નાશ પામી ગયા.

કોકાસ વિચારમાં પડ્યો કે: "રાજા પૂછે તો શું ઉત્તર આપવો ? નક્કી એ મને મોતની સજા કરશે."

લોકોના મુખથી રાજાને આ વાતની ખબર પડતાં કાકજંઘ રાજાએ કોકાસને શૂળીએ ચડાવવાનો હુકમ કર્યો. જગતમાં રાજાઓની મૈત્રી તો એવી ચંચળ જ હોય છે.

ગુરુવાત્સલ્યભાવને ધારણ કરતા એક રાજકુમાર પાસેથી કોકાસને આ વાતની ખબર પડતાં તરતજ એણે પોતાનો ભાવી વધ જાણીને એક મોટું ચક્રયંત્ર તૈયાર કર્યું અને એના વચગાળે સર્વે રાજકુમારોને બેસાડ્યા, ને તેમને જણાવ્યું કે: "જ્યારે હું શંખનાદ કરું ત્યારે તમે મધ્યની ખીલીને ઠોકજો, એટલે તમે પણ વિમાનમાં જેમ દેવતાઓ વિહાર કરે તેમ આકાશમાં વિહાર કરનારા થશો." કોકાસનું વચન અંગીકાર કરી રાજકુમારો શંખધ્વનિની રાહ જોતા ત્યાં બેઠા.

હવે રાજપુરુષોએ આવીને કોકાસને પકડ્યો અને તેનો વધ કરવાનો રાજાનો હુકમ તેને સંભળાવ્યો, એટલે નિઃશંકપણે કોકાસે શંખ પૂર્યો. એ શંખનો ધ્વનિ સાંભળીને રાજકુમારોએ વચલી ખીલી ઠોકી એટલે એ ચક્ર આકાશમાં ઊડ્યું તેમજ સંકોચાવા લાગ્યું. પરિણામે બધા રાજકુમારો બૂમો પાડતા મરણ પામ્યા.

આ તરફ કોકાસને રાજપુરુષોએ મારી નાખ્યો અને તેઓએ રાજા પાસે આવીને પુત્રમરણની વાત પણ કહી સંભ-

ળાવી. પોતાના સર્વ કુમારોનો નાશ થયો જાણી રાજા રુદન કરતો મૂર્છા પામ્યો. પછી વૈરી રાજા અરિદમનનો નાશ કરી પોતે પણ પુત્રના શોકે આપઘાત કરી મરી ગયો.

જેવી રીતે અરિદમન રાજા, રાજકુમારો અને કાકજંઘ રાજા કોકાસની હિતશિક્ષા નહિ માનવાથી સ્વચ્છંદપણાને લીધે નાશ પામી ગયા, તેમ સ્વેચ્છાચાર મુજબ વર્તનારા મનુષ્યો સ્વચ્છંદી-પણાથી સારું ફળ પામતા નથી; પરંતુ વિનાશ પામે છે.

ઇતિ અરિદમન રાજાની કથા.

ज्ञान

ज्ञानक्रियाभ्यां मोक्षः

सि

सा अ आ

उ

सम्यग् ज्ञानं परम निधानं

श्री जैनधर्म प्रसारक सभा.